# આપણી દુર્બળતાઓ

સ્વામી સચ્ચિદાનંદ

# આપણી દુર્બળતાઓ

## સ્વામી સચ્ચિદાનંદ

ગુર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

**AAPANEE DURBALATAO**
a collection of articles by Swami Sachchidanand

Published by Gurjar Prakashan,
Ahmedabad: 380 006 (India)

© Swami Sachchidanand

First Published: 2004
This ePub edition: 2015

ISBN: 978-93-5175-072-7

Rs. 35.00

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

eBook by

www.e-Shabda.com

# અર્પણ

## શ્રી જયંતીભાઈ પુરુષોત્તમદાસ પટેલને

– સચ્ચિદાનંદ

# ભૂમિકા

આપણે વિશ્વની અનેક પ્રજાઓની તુલનામાં બળવાન છીએ કે કમજોર છીએ? જો આપણે બળવાન હોઈએ તો આ પુસ્તકને કચરાની ટોપલીમાં ફેંકી દેવાનું, પણ જો આપણે કમજોર હોઈએ તો જરૂર વાંચવાનું. મને લાગે છે કે આપણે કમજોર પ્રજા છીએ. પ્રજાને કમજોર બનાવવામાં સૌથી મહત્ત્વનો ભાગ ધર્મે ભજવ્યો છે. વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથા દ્વારા પૂરી પ્રજા વિભાજિત કરવામાં આવી છે. આ વિભાજન એવી રીતે કરાયું છે કે એકતા કરવી અત્યંત કઠિન કામ થઈ રહ્યું છે. હજી પણ ઘણા શાસ્ત્રીઓ વર્ણવ્યવસ્થાને જન્મજાત આદર્શવ્યવસ્થા માને છે અને મનાવે છે. એ પ્રજાના ભવિષ્યને અંધકાર તરફ ધકેલી રહ્યા છે.

બીજું વિભાજન સંપ્રદાયોથી થઈ રહ્યું છે. હજારો (લગભગ વીસ હજાર) સંપ્રદાયો, પંથો, પરિવારો, મંડળો વગેરેના દ્વારા પ્રજાના ટુકડે ટુકડા કરવામાં આવ્યા છે. સંપ્રદાયો હજી પણ વધી રહ્યા છે. તે અટકે તેવી કોઈ નિશાની દેખાતી નથી. આ વિભાજનો પ્રજાને દુર્બળ બનાવે છે અને ગૂંચવાડામાં પણ નાખે છે. પ્રત્યેક વિભાજક પોતાને સુપરમૅન ઘોષિત કરે છે, જેમાંથી વ્યક્તિપૂજા શરૂ થાય છે. વ્યક્તિપૂજા વંશપૂજામાં પરિણમે છે. કરોડોની સંપત્તિ વારસદારોને આપવામાં આવે છે અને પછી વંશને સુપરવંશ બનાવવાનું દુષ્ચક્ર શરૂ થાય છે. કાશીમાં 360 મઠો હતા, બધાએ પોતપોતાના નજીકના વારસદારો કે સગાંવહાલાંને આપી દીધા, હવે આ મઠોનું અસ્તિત્વ રહ્યું નથી. બધાં ઘરો થઈ ગયાં છે. આવી જ રીતે બિહારમાં એક હજાર મઠો જમીનજાગીરવાળા હતા, બધાએ પોતપોતાના પરિવારોને ઉત્તરાધિકારી બનાવી વિશાળ ધાર્મિક સંપત્તિને પરિવારની બનાવી દીધી છે. માનો કે મારે ત્રણ આશ્રમો છે. શું આ સંપત્તિ મારે મારા પૂર્વાશ્રમના પરિવારને આપી દેવી?

જો આવી પદ્ધતિ ચાલુ રહેશે તો પ્રભાવશાળી લોકો પ્રથમ ભગવાનના નામે કરોડોની સંપત્તિ ભેગી કરશે અને પછી કોઈ ને કોઈ બહાનું કરીને પરિવારને સોંપી દેશે. આ રીતે સંપ્રદાયો કે પરિવારો ધર્મના નામે પ્રજાના શોષક બની જશે. અરે, બની રહ્યા છે. કેટલાક તો ટ્રસ્ટ જ એવાં રચે છે કે પોતાના પરિવારનાં જ માણસોને ટ્રસ્ટી તરીકે બેસાડી દેવાયા હોય. આવાં પરિવાર-પોષક ટ્રસ્ટો, લોકોની ધાર્મિકતાને આંધળી બનાવીને આર્થિક લાભ ઉઠાવતાં હોય છે. ખરેખર તો ધાર્મિક અને રાજકીય ક્ષેત્રના સમર્થ પુરુષોએ પોતાના પરિવારોને દૂર રાખવાં જોઈએ. જો તેમને નજીક લાવવામાં આવે તો પ્રથમ તો તે ખોટી દખલગીરી કરશે અને વહીવટને કમજોર બનાવશે, પછી મૂળ પુરુષની પાછલી જિંદગીમાં તેની શારીરિક, માનસિક અને બૌદ્ધિક કમજોરીનો લાભ ઉઠાવીને પૂરી સંસ્થા ઉપર ચડી બેસશે.

આ રીતે પ્રજાની ધાર્મિક સંપત્તિ અને શ્રદ્ધાનો દુરુપયોગ થવા લાગશે. પોતપોતાના અલગ અલગ વાડા રચનાર વિભાજકો છે. પ્રજાનું મોટું દૂષણ આ વિભાજન છે. કરુણતા તો જુઓ કે આવા વિભાજકો ભગવાન થઈને પૂજાય છે અને સંયોજકો દુભાય છે. જરૂર છે સંપ્રદાયમુક્ત ધાર્મિકતાની.

ત્રીજું વિભાજન "ગુરુવાદ"થી થાય છે. પ્રજા હજારો – લાખ્ખો ગુરુઓમાં વિભાજિત થાય છે. "ગુરુ તો કરાવવા જ જોઈએ, તેના વિના નગુરા કહેવાઈએ." આવી મિથ્યા ધારણાએ લોકો, ખાસ કરીને સ્ત્રીઓ, તેમાં પણ વિધવાઓ, કોઈ ને કોઈ માણસને ગુરુ કરાવે છે. પ્રત્યેક ગુરુ પોતાનું એક અલગ મંડળ બનાવે છે. આ વિભાજન છે. ગુરુ પોતે જ પરમેશ્વર બનીને પોતાની પૂજા કરાવે છે, જેમાંથી અનેક દૂષણો પણ જન્મે છે. ખરેખર તો ગુરુવાદથી જ્ઞાન થતું નથી કારણ કે ગુરુ જ જ્ઞાની નથી. જે ગુરુ જેટલાં મોટાં ટોળાં ભેગાં કરીને વાડામાં પૂરી શકે છે તે તેટલો જ મહાન ગણાય છે. શિષ્યોને જ્ઞાનની જગ્યાએ ઘેટાદીક્ષા અપાય છે અને પછી વર્ષમાં બે વાર તો અવશ્ય ઊન કાતરી લેવાય છે. જો ગુરુઓથી જ્ઞાન થતું હોત તો ભારત સૌથી વધુ જ્ઞાની થઈ ગયું હોત.

આ ગુરુવાદે પ્રજાને વિભાજિત કરીને તથા અજ્ઞાનને જ્ઞાન મનાવીને પારાવાર નુકસાન કર્યું છે. જો પ્રજાને આ વિભાજન અને શોષણથી મુક્ત કરવી હોય તો ગુરુપ્રથા બંધ કરવી જોઈએ. કદાચ આવું ન કરી શકાય તો બહુગુરુવાદનું પ્રચલન ચલાવવું જોઈએ. બહુગુરુવાદ

એટલે જીવનમાં જેટલા જ્ઞાની પુરુષો મળે તે બધાને ગુરુ માનવા. કોઈ એક જ વ્યક્તિના પગમાં ચોટી બાંધી ન દેવી. જે લોકો માત્ર એક જ વ્યક્તિને ગુરુ માને છે તે સંકુચિત મગજવાળા થઈ જાય છે. તેઓ વિશાળતા પ્રાપ્ત નથી કરી શકતા. દત્તાત્રેયની માફક જ્ઞાનપિપાસુ માણસે અનેક ગુરુ કરવા જોઈએ. બહુગુરુવાદથી વિશાળતા અને જ્ઞાન બન્ને વધશે. જરૂર છે વિકૃત ગુરુવાદનો ત્યાગ કરી વિભાજન અને અજ્ઞાનને રોકવાની. જેમ પ્રાથમિક શાળાથી વિશ્વવિદ્યાલય સુધી અનેક ગુરુજનોથી જ્ઞાન પ્રાપ્ત થાય છે તેમ જીવનમાં પણ કક્ષા પ્રમાણે અનેક ગુરુઓની જરૂર રહેતી હોય છે. જ્ઞાન માટે જ જો ગુરુ કરવા હોય તો બહુગુરુવાદ અત્યંત જરૂરી છે.

વિકૃત ગુરુવાદનાં અનેક અનિષ્ટોમાંનું એક અનિષ્ટ છે વ્યક્તિપૂજાનું. પ્રજા વ્યક્તિપૂજક બની ગઈ છે. શિષ્યો કે અનુયાયીઓની સામે માત્ર એક જ વ્યક્તિને ફોકસ ધરવામાં આવે છે. ક્રમે ક્રમે બ્રેઇનવૉશ કરીને આવી વ્યક્તિની આંધળી ભક્તિ શિષ્યવર્ગમાં પ્રસ્થાપિત કરવામાં આવે છે. આવી વ્યક્તિ માટે કાલ્પનિક ચમત્કારો કે બીજી વાતો રચાય છે જેથી તે મહાન સુપરમૅન દેખાવા લાગે છે. લોકો પરમેશ્વરપૂજક કે ગુણપૂજક થવાની જગ્યાએ માત્ર અને માત્ર વ્યક્તિપૂજક થઈ જાય છે. બીજા વ્યક્તિપૂજકો સાથે ઝઘડા અને ઝનૂન અને અંતે પોતાનામાંથી જ નવી – નવી નીકળતી સુપરવ્યક્તિઓ દ્વારા વિભાજિત થઈને પૂરી પરંપરા વિખવાદનું કેન્દ્ર બની જાય છે.

વ્યક્તિપૂજાથી પ્રજા વિભાજિત થઈને દુર્બળ થાય છે એટલે વ્યક્તિપૂજાની જગ્યાએ ગુણપૂજા તથા પરમેશ્વરપૂજાની પ્રસ્થાપના થવી જોઈએ. બહુ જોરથી સંપ્રદાયો અને રાજકારણમાં વ્યક્તિપૂજા વધી રહી છે. તેનાથી પ્રજા રાજકીય અને ધાર્મિક એમ બન્ને રીતે વિભાજિત થઈને દુર્બળ થાય છે. કોઈ એક વ્યક્તિને ધાર્મિક કે રાજકીય ક્ષેત્રની સુપરમૅન માની લેવાથી પ્રજા વ્યક્તિના કથિત સત્યને જ અંતિમ સત્ય માની લેતી હોય છે. તે નવું સંશોધન નથી કરી શકતી, કદાચ કોઈ કરવા માગે તો તેને મૃત્યુદંડ કરવામાં આવે છે. એક સંપ્રદાયના અનુયાયીએ કહ્યું કે આજ સુધી અમારા ધર્મગ્રંથમાં કે તેના પ્રસ્તોતામાં એક પણ ભૂલ કાઢવામાં આવી નથી. એટલે તે ભૂલ વિનાનું પરમ સત્ય છે. આ ભાઈને એમ કહી શકાય કે “ભૂલ કાઢવાની તમે કદી છૂટ આપી છે?” જો કોઈ ભૂલ કાઢે તો તરત જ તેની કતલ કરી નાખવાનો હુકમ કરો તો કોણ ભૂલ કાઢે? હિટલર કે સ્ટાલીન જીવતા હતા ત્યારે તેમની પણ કોઈ ભૂલ કાઢતું ન હતું. કારણ સમજી શકાય છે. સત્ય તો સમયની સાથે ચાલતું હોય છે, જો તે સમયની સાથે જોડાયેલું હોય તો પણ સત્ય જો વ્યક્તિ કે ગ્રંથની સાથે જોડાય તો તેના સમય સાથે જડબેસલાક જોડાઈ જાય. સેંકડો કે હજારો વર્ષ વીત્યા પછી પણ તે જ્યાં હતું ત્યાં જ અટકી જાય. આ રીતે ભૂતકાળ, વર્તમાન ઉપર સવારી કરી બેસે. જ્યારે તે મોટો વિસંવાદ કરે ત્યારે ચુસ્ત પંડિતો તેની જુદી જુદી વ્યાખ્યા કરી મેળ બેસાડવાનો પ્રયત્ન કરે. તેનાં ભાષ્યો અને ટીકાઓ બદલાતાં રહે. બદલવાં જ પડે. પણ મૂળનું સમર્થન કરવું જરૂરી થઈ જાય. મૂળમાં જ ભૂલ થઈ ગઈ છેઃ એવું કોઈ બોલી કે લખી ન શકે. કારણ કે પ્રજાના માનસ ઉપર મૂળ પુરુષની વ્યક્તિપૂજા એટલી સજ્જડ બેસાડી છે કે ચૂં ચાં કરી શકાય નહિ. આ રીતે આવો વ્યક્તિપૂજક વર્ગ સત્યથી પછાત થતો જાય. પછાતોનું હંમેશાં શોષણ થતું જ હોય છે. આવી પ્રજા લાંબા ગાળે જ્ઞાન-વિજ્ઞાન અને ધનધાન્યથી આપોઆપ દુર્બળ થઈ જતી હોય છે. કોઈ પણ સંપ્રદાય કે રાજ્યશાસન ઘણા લાંબા સમય સુધી માત્ર એક જ વ્યક્તિને સજ્જડ વળગીને ચાલતાં હોય છે, ત્યારે તે આપોઆપ પછાત થઈ જતાં હોય છે. એટલે પ્રજાને આંધળી વ્યક્તિપૂજાથી સાવધાન કરવી જરૂરી છે.

હિન્દુપ્રજાના પતનમાં અહિંસાવાદે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ચુસ્ત અહિંસાવાદ અને વીરતા સાથે રહ્યાં દેખાતાં નથી. પ્રજા શસ્ત્ર વિનાની અને નમાલી થાય તો ગુલામીનાં ફળ ભોગવવાં જ પડે. મ. ગાંધીજીની જે અહિંસા, અંગ્રેજોની સામે સફળ થઈ તે જૂનાગઢ, નિઝામ હૈદરાબાદ કે ગોવાની સામે કેમ સફળ ન થઈ? અંગ્રેજોની સૈન્યશક્તિ આગળ આ રાજ્યો તો સાવ તુચ્છ હતાં, તો પણ અહીં અહિંસા ચાલી નહિ, સત્ય તો એ છે કે અહિંસાની સફળતામાં અંગ્રેજો પણ તેટલા જ કારણભૂત છે, જેટલા ગાંધીજી. પ્રજાને વીરતાધર્મ આપવો જોઈએ. અહિંસાથી પ્રશ્નો ઉકેલાતા ન હોય તો તેને ચુસ્ત રીતે વળગી રહેવાનો શો અર્થ છે?

પલાયનવાદ આપણી રગ-રગમાં ભરી દેવાયો છે. કર્તવ્યથી કે સંઘર્ષથી કેમ ભાગી છૂટવું તે આપણને જ્ઞાન – વૈરાગ્ય અને ત્યાગના નામે ઉપદેશાયું છે. પ્રજા અન્યાયનો પ્રતિકાર નથી કરતી, ભાગી છૂટે છે. કારણ કે પલાયનવાદમાં ઉચ્ચ આદર્શોના દ્વારા ભાગી છૂટવાની કળા બતાવવામાં આવી છે. આજે આવો ટનબંધ ઉપદેશ પ્રજાના માનસ ઉપર ઠલવાય છે. પ્રજા ભાગેડુ બને છે, જે તેને દુર્બળ બનાવે છે.

સંતતિનિયમન અત્યંત જરૂરી છે. પણ તેમાં પણ વિવેકની જરૂર છે. જેની પાસે ઘણાં ઘર છે, ઘણા ધંધા છે, ઘણી સગવડો છે, ઘણું સામર્થ્ય છે તેને ત્યાં એક જ બાળક હશે તો તેનાથી પ્રશ્નો ઊભા થશે. ખરેખર તો તેને ઘણાં બાળકોની જરૂર છે. પણ જેની પાસે છાપરુંય નથી, પોતે જ બેકાર છે, સામર્થ્ય છે જ નહિ, તેને ઓછામાં ઓછાં બાળકો હોવાં જોઈએ. આપણે વાસ્તવિકતાને સમજીએ અને સ્વીકારીએ તો જ સાચી દિશામાં પ્રયત્નો થઈ શકે.

પ્રસ્તુત પુસ્તક વાંચીને કોઈ એવું ન સમજે કે આપણે દુર્બળ જ દુર્બળ છીએ. આપણે આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં સારી પ્રગતિ કરી શક્યા છીએ. આપણી પાસે સારા ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ છે, સારા છાત્રો તથા આચાર્યો છે. પણ તે અરક્ષિત છે. વ્યાપારીઓને અને ઉદ્યોગપતિઓને ભગાડી શકાય છે. કોઈ પણ નાદાન સરકાર કે હિંસક સંગઠન તેમને ચોપટ કરી શકે છે. કેરાલા, બંગાળ, બિહાર વગેરે પ્રદેશોમાં જોઈ શકાય છે. પ્રતિભા છે પણ તેને પરદેશ જવા મજબૂર કરી શકાય છે, કારણ કે અહીં તેમને ઉચિત સ્થાન મળતું નથી. તેમનું સ્થાન તેમનાથી ઘણા ઊતરતા અયોગ્ય માણસો લઈ લે છે.

આપણી મોટા ભાગની પ્રતિભાઓ વિદેશના સહારે પાંગરી છે. ફળીફૂલી છે. આપણે સ્વયં તેના પ્રોત્સાહક બની શકતા નથી. અનામતો હવે ગરીબાઈના ઉદ્ધારનું નિમિત્ત રહી નથી. હવે તે રાજકારણનું પ્યાદું બની ગઈ છે. પ્રત્યેક ચૂંટણીમાં લલચાવનારાં સાધનોમાં અનામત શિખર ઉપર બેઠી હોય છે. તમારો ગમે તે પક્ષ અને ગમે તે સિદ્ધાંત હોય પણ પ્રત્યેક સભાના પ્રત્યેક પ્રવચનમાં ગરીબો, પછાતો, દલિતો, આદિવાસીઓ અને અલ્પસંખ્યકોની ઉગ્ર હિમાયત કરવી જરૂરી છે. પછી ભલે તમે તેમના માટે કશું કરો કે ન કરો, પણ વાતો તો જરૂર કરવી જ જોઈએ. “ગરીબી હઠાવો”થી શરૂ થયેલું ગરીબીનું રાજકારણ સતત ચાલુ રહેવું જોઈએ. ખરેખર તો અમીરી વધારીને ગરીબી હઠાવી શકાય તેની જગ્યાએ અમીરોને હઠાવીને ગરીબી હઠાવવાનાં કામ થઈ રહ્યાં છે. એ ઊલટાની ગરીબી વધારી રહ્યાં છે.

પ્રસ્તુત પુસ્તક માત્ર પ્રજાને જાગૃત કરવા લખાયેલું છે. આશા છે, આની અસર થશે. આમાં લખેલા વિચારો મેં તૂટક તૂટક અન્ય પુસ્તકોમાં પણ લખ્યા છે. એટલે એક રીતે તો આ પુનરાવર્તન છે તેમ છતાં નિશ્ચિત વિચારોનું એક જગ્યાએ ફોકસ કરવાથી તે વધુ પ્રભાવશાળી થશે તેવી મને આશા છે.

આ પુસ્તક માત્ર પ્રજાના કલ્યાણ માટે, અધઃપતનને અટકાવવા માટે અને પ્રજાને બળવાન અને સંગઠિત બનાવવા માટે જ લખાયું છે. કોઈના પ્રત્યે દ્વેષ કે દુર્ભાવનાથી લખાયું નથી, તેમ છતાં જો કોઈને તેવું લાગે તો હું તેમની પ્રથમથી જ ક્ષમા માગી લઉં છું.

પ્રો. ચિમનલાલ ત્રિવેદી નાદુરસ્ત તબિયત હોવા છતાં પુસ્તકની જોડણી વગેરે પાછળ સમય આપે છે તે માટે તેમનો હાર્દિક આભાર.

ગૂર્જર પ્રકાશન, તત્પરતાથી પુસ્તકને છાપીને પ્રજા સમક્ષ મૂકે છે તે માટે તેમનો પણ આભાર.

અંતમાં પરમકૃપાળુ પરમાત્માને શત શત વંદન.

શ્રી ભક્તિનિકેતન આશ્રમ, દંતાલી,
પો. બૉ. નં. 19, પેટલાદ-388450
જિ. આણંદ (ફોનઃ 02697-252480)

**– સ્વામી સચ્ચિદાનંદ**

તા. 19-7-2004

બધાં પુસ્તકો તથા પ્રવચનોનો લાભ લેવા માટે વેબસાઇટ

www.sachchidanandji.org

# આપણી દુર્બળતાઓ

•

## સ્વામી સચ્ચિદાનંદ

# 1. વર્ણવાદ

જો તમને કદી પણ હિન્દુપ્રજાની કમજોરીની ચિંતા થતી હોય તો તમારે તે કમજોરીનાં કારણો તપાસવાં જોઈએ. જો તમે સાચાં કારણો શોધી શકો તો જ તમે તેના સાચા ઉપાય કરી શકો. જો તમે સાચાં કારણો શોધી શકો નહિ અથવા સ્વીકારી શકો નહિ, અથવા સ્વીકાર્યા પછી પણ તેના ઉપાય કરી શકો નહિ, તો કદી પણ તમે દુર્બળતાને દૂર કરી શકો નહિ. મારી દૃષ્ટિએ આ કમજોરીનાં પાંચ મહત્ત્વનાં કારણો છે.

1. વર્ણવાદ
2. અહિંસાવાદ
3. પલાયનવાદ
4. અવતારવાદ – વ્યક્તિપૂજા
5. ગુરુવાદ.

વર્ણવ્યવસ્થા દ્વારા પ્રજાને વિભાજિત કરવામાં આવી. સૌને અલગ અલગ કાર્યો સોંપાયાં, કેટલાક લોકો જન્મથી જ પવિત્ર અને પૂજ્ય ઠેરવાયા તો કેટલાક જન્મથી જ અપવિત્ર અને પાપી મનાયા. આ વ્યવસ્થાની સાથે માન અને અપમાન જોડાયાં. કેટલાક લોકો જન્મથી માન પામ્યા તો કેટલાક જન્મથી અપમાનિત થયા. આજીવિકાનાં ક્ષેત્રોમાં કેટલાક લોકોને વગર મહેનતે મિષ્ટાન્ન જમવાનું મળે તો કેટલાકને એંઠવાડ પણ ન મળે. તેમને જમાડો તો પણ પાપ લાગે. અર્થતંત્ર અને રોજીવ્યવસ્થાનું ચોકઠું એવી રીતે ગોઠવાયું કે પ્રજાનો મોટો ભાગ હંમેશાં નિર્ધન અને કંગાલ રહે. એટલે દેશ – પ્રજા દરિદ્ર બન્યાં. માત્ર થોડા જ લોકો ભણી શકે. એટલે વિદ્વત્તા-પાંડિત્ય એક નાના ક્ષેત્રમાં સીમિત થઈ ગયું. માત્ર થોડા જ લોકો યોદ્ધાઓ થઈ શક્યા એટલે વીરતાનું ક્ષેત્ર પણ સીમિત થયું. એથી દેશ, વિદેશી આક્રાન્તાઓની સામે ટકી શક્યો નહિ અને ગુલામ બન્યો. આવી જ રીતે વ્યાપારનું ક્ષેત્ર પણ સીમિત રહ્યું જેથી અર્થની સમૃદ્ધિ પણ બહુ નાના વર્ગ પાસે રહી. બાકીની પ્રજા કંગાળ થઈ ગઈ. બાકીનો કારીગર વર્ગ અને મજૂર વર્ગ પેલા ત્રણ વર્ગની આવશ્યકતાઓ પૂરી કરવાના કામમાં રોકાયો, જે માંડ પેટ ભરી શકે તેટલું જ પ્રાપ્ત કરતો થયો. આ વર્ગની પાસે વિદ્યા ન હતી, શસ્ત્ર અને પરાક્રમ ન હતાં, પૈસો તો હતો જ નહિ. આ સિવાય એક મહાદુ:ખી હડધૂત એવો પાંચમો વર્ગ પણ થયો જેને અસ્પૃશ્ય ગણીને ગામની બહાર વસાવવામાં આવ્યો. આ વર્ગ તો પેટ પૂરતું પણ કમાઈ શકતો ન હતો. લોકોના એંઠવાડ અને દયા ઉપર જીવનારો આ વર્ગ સૌથી કરુણ અને ભૂંડી દશામાં જીવતો હતો.

કાળાંતરે, વર્ણવ્યવસ્થાથી જ્ઞાતિવ્યવસ્થાઓ ઉત્પન્ન થઈ. એક એક વર્ણમાં સેંકડો જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ બની જે પરસ્પરમાં પોતપોતાને ઊંચી માનીને અને બીજીને નીચી માનીને તિરસ્કારવા લાગી. પોતાનાથી નીચી ગણાતી જ્ઞાતિની દીકરી લેવાય કે દેવાય નહિ. એટલું જ નહિ તેની રસોઈ કે પાણી પણ ખપે નહિ. રોટી અને બેટી- વ્યવહારમાં હજારો જ્ઞાતિઓ, પેટાજ્ઞાતિઓ અને ગોળો વિભાજિત થઈ ગયાં. ભૂલેચૂકે એ ઊતરતી જ્ઞાતિનું પાણી પિવાઈ જાય કે રસોઈ ખવાઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરવું પડે અને જાણે કે મહાપાપ થઈ ગયું હોય તેમ પોતાને પાપી માને, પુરોહિતો વિધિ કરી આપે ત્યારે તે શુદ્ધ થાય. આ અતિ આચારવાદે, હિન્દુપ્રજાને આભડછેટ અને અભડાઈ જવાનું મહાદૂષણ આપ્યું. એ દૂષણ હજી આજે પણ પૂરો પીછો છોડતું નથી. કેટલાક આચાર્યો અને પુરોહિતો વગેરે એવા થયા કે આભડછેટની બાબતમાં બહુ ઝીણું ઝીણું કાંતીને અછૂતોની અસ્પૃશ્યતાને છૂતો સાથે પણ જોડી દીધી. કૂવાનું જ પાણી પિવાય, નળનું ન પિવાય, અમુકનો સ્પર્શ થાય તો પણ પાણી કામ ન આવે. આવા બધા અતિરેકભર્યા આભડછેટિયા નિયમો પાળનારા વધુ પૂજ્ય થયા, વધુ મહાન ગણાયા. જેમ જેમ માણસ વધુ ને વધુ અસ્પૃશ્યતાનું પાલન કરે તેમ તેમ તે વધુ પૂજ્ય અને વધુ મહાન થતો ગયો.

આના કારણે પ્રજા સાથે બેસી ન શકી, સાથે જમી ન શકી, એકતાનો સંદેશો જ ન મળ્યો. બસ વિભાજન જ વિભાજન. બાદબાકી જ બાદબાકી. આવી અભડાઈ જનારી પ્રજા દેશદેશાંતર નીકળી શકી નહિ. સમુદ્રયાત્રા કરી શકી નહિ, એટલે સમુદ્રયાત્રાથી થનારા વિપુલ

લાભોથી તે વંચિત રહી અને સમુદ્રના રસ્તે આવનારા વિદેશી આક્રાન્તાઓને પહોંચી શકી નહિ. પ્રજાનો સરવાળો કરો તો જ શક્તિ ઉત્પન્ન થાય. વર્ણવાદ અને જ્ઞાતિવાદ પ્રજાનો સરવાળો થવા દેતા નથી. એટલે તાંતણો ગમે તેટલો મજબૂત હોય પણ જો પ્રત્યેક તાંતણો અલગઅલગ એકાકી હોય તો તે કદી પણ મજબૂત થઈ શકે નહિ. તાંતણા કમજોર હોય પણ જો તે બધા હજારોની સંખ્યામાં ભેગા થયા હોય – એટલું જ નહિ પરસ્પરમાં વણાયા પણ હોય તો તેમાંથી તૈયાર થયેલો રસ્સો મજબૂત અને બળવાન થઈ શકે. અહીં ભેગા થવું, એક થવું અને પરસ્પરમાં વણાવાની વાત જ નથી એટલે પ્રજા દુર્બળ અને માર ખાતી રહી છે. જે લોકોએ પ્રાચીનકાળમાં વર્ણવ્યવસ્થા રચી તેમણે પ્રજાને દુર્બળ અને વિભાજિત વ્યવસ્થા આપી પણ જે લોકો હજી આજે પણ આવી વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિવ્યવસ્થાના સમર્થક છે, તે હજી પણ પ્રજાને દુર્બળ અને માર ખાતી બનાવી રાખવા માગે છે. હજાર શાસ્ત્રોનાં હજાર પ્રમાણો તેઓ લઈ આવે તો પણ દીવા જેવી ચોખ્ખી વાતની આગળ તે ટકી શકે નહિ. વર્ણવ્યવસ્થાથી જે મોટા વર્ગને પારાવાર અન્યાય થયો તે હવે બીજા ધર્મનો આશ્રય લે તે સ્વાભાવિક છે. માત્ર આશ્રય જ નહિ, તે આપણો શત્રુ પણ બને તે પણ સ્વાભાવિક છે. જરૂર છે આ આખી વ્યવસ્થાને સમાપ્ત કરી, પૂરી પ્રજાને ન્યાય અને સમાનતાભરી વ્યવસ્થા આપવાની.

જુઓ, હજી પણ ભાન થાય છે? હજી પણ ભૂલ સુધરે છે? પૂરી પ્રજા એક છે અને સમાન છે, કોઈ વર્ણભેદ કે જ્ઞાતિભેદ નથી તેવી વ્યવસ્થા જો સ્થાપિત કરી શકાશે નહિ, તો વિભાજિત પ્રજાનું ભવિષ્ય અંધકારમય બની જશે. હવે વિધર્મીઓથી એટલો ભય નથી જેટલો પોતાના જ પીડિતભાઈઓથી થવાનો છે. આ પીડિતો – દલિતો હવે ધીરજ નહિ રાખી શકે. હવે તે વધુ અન્યાયો અને અસમાનતા સહન કરી શકશે નહિ. આવતી કાલે તેઓ જ મોટા દુશ્મનો થવાના છે, જે વિધર્મીઓના કરતાં વધુ ભારે પડશે. હજી પણ ધર્માચાર્યો જાગે અને વર્ણવાદથી પ્રજાને મુક્ત કરવામાં લાગી જાય.

**11-6-04**

# 2. અવતારવાદ

લોકોનાં દુઃખો દૂર કરવા અને પૃથ્વીનો ભાર ઉતારવા પરમેશ્વર મનુષ્યાદિરૂપે અવતાર લઈને આવે છે અને ધર્મની સ્થાપના કરીને પ્રજાના બધા પ્રશ્નોને ઉકેલી આપે છે – આવી માન્યતાથી પ્રજામાં કર્તવ્યવિમુખતા, પાપ અને અન્યાયની સામે ઝઝૂમવાની વૃત્તિનો ક્ષય થઈ જાય છે. તમારી ચારે તરફ અન્યાય અને અત્યાચાર થઈ રહ્યો છે, લોકો દુઃખી દુઃખી થઈ રહ્યાં છે. હવે જરૂર છે આવા અત્યાચારીઓની સામે સંઘર્ષ કરવાની અને તેમને દૂર કરવાની. પણ કોઈ કશું કરવા તૈયાર નથી. બધા નિષ્ક્રિય થઈને બેસી ગયા છે. કેટલાક તો અત્યાચારીઓમાં વહાલા થવા ભળી પણ ગયા છે. બાકીના પ્રભુને પ્રાર્થના કરે છે કે હવે સહન થતું નથી. તમે જલદીથી અવતાર ગ્રહણ કરો. દિનરાત તેઓ મંજીરાં કૂટ્યે રાખે છેઃ અવતાર લો, અવતાર લો. પણ કોઈ અવતાર લેતું નથી.

સોમનાથનું મંદિર તૂટતું હોય કે અક્ષરધામ ઉપર હુમલો થતો હોય, હિટલરના ગૅસ ચૅમ્બરમાં લાખ્ખો યહૂદીઓ તડપી તડપીને મરતા હોય કે બામિયાનમાં બુદ્ધની પ્રતિમાઓ તૂટતી હોય – ક્યાંય કોઈ અવતાર લેતું દેખાતું નથી. અવતારવાદીઓ ગળું ફાડીફાડીને ગમેતેટલા બૂમબરાડા પાડે, કોઈ અવતાર થતો નથી. સદીઓથી પ્રજાના મસ્તિષ્કમાં અવતારવાદની રંગીન કલ્પનાઓ ઠાંસીઠાંસીને ભરી છે. એટલે પ્રજા સંઘર્ષવિમુખ અર્થાત્ કર્તવ્યવિમુખ થઈને બેસી ગઈ છે. બસ આક્રાન્તાઓ અને અત્યાચારીઓને આવું જ જોઈએ છે. તે બહુ સરળતાથી પ્રજાને ગુલામ બનાવે છે અને રાજ કરે છે. ગુલામ દશામાં પણ લોકો કહે છે કે ધીરજ રાખો, જરૂર અવતાર ધારણ કરશે. આ થિયરીથી પ્રજા કર્તવ્યહીન, સંઘર્ષહીન અને શૌર્યહીન બની. ખરેખર તો અવતારવાદ એ ડાર્વિનની થિયરી પ્રમાણેનો ઉત્ક્રાંતિવાદ છે. પહેલાં એકકોષીય અમીબા, તેમાંથી માછલી (મત્સ્યાવતાર), તેમાંથી જળસ્થળ બન્નેમાં રહેનારો કાચબો (કચ્છપ), તેમાંથી ભૂંડ (વરાહાવતાર), તેમાંથી નૃસિંહ (અર્ધમાનવ), તેમાંથી વામન, તેમાંથી રામ પછી કૃષ્ણ અને પછી બુદ્ધ આ જીવનવિકાસની ઉત્ક્રાંતિ છે (વાંચો "શું ઈશ્વર અવતાર લે છે?") પુરાણકારોએ તેને સાહિત્યિક ભાષામાં પાત્રો બનાવી બનાવીને કથાઓ લખી અને આપણે આ માઇથોલૉજીને સત્ય માની લીધી પણ પ્રજા બળવાન ન બની પણ કમજોર બની, કારણ કે તેને કાલ્પનિક આશ્વાસન આપવામાં આવ્યું કે ચિંતા ન કરો, હવે અવતાર આવી રહ્યો છે. ખરેખર તો એકેશ્વરવાદી વેદો-ઉપનિષદો કે બ્રહ્મસૂત્ર જેવા ગ્રંથોમાં આવો અવતારવાદ જોવા નથી મળતો. પ્રજાને બળવાન બનાવવી હોય તો આવી કાલ્પનિક આશાઓથી મુક્ત કરીને પુરુષાર્થવાદી બનાવવી જોઈએ.

આ અવતારવાદ છેલ્લા અવતાર બુદ્ધથી અટકી ગયો હોત તોય કદાચ ઠીક થાત. પણ તેવું ન થયું, સ્વયં બુદ્ધના નામે કેટલાય માણસો પોતાને અવતાર ગણાવતા રહ્યા છે, તો બીજી તરફ આપણા તો અત્યારે જીવતા 950 અવતારી ભગવાનો છે. મૂળમાં અવતારવાદની થિયરી હોવાથી આ બધા પોતાને ભગવાન ગણાવી રહ્યા છે. જો થિયરી જ ન હોત તો કોઈ માણસ પોતાને અવતાર કે અવતારી ગણાવી શકત નહિ. પરમેશ્વર એક જ છે અને કોઈ માણસ તેનો અવતાર નથી, તે માત્ર માણસ જ છે. કદાચ તે મહાત્મા કે મહાપુરુષ હોઈ શકે. પરમેશ્વર તો કદાપિ નહિ. આવી થિયરી દૃઢ થઈ હોય તો મનુષ્ય-ભગવાનો અટકી જાય. આમ જુઓ તો આ મનુષ્ય– ભગવાનો પ્રશ્નો ઉકેલતા નથી પણ પ્રશ્નો વધારે છે, ઊભા કરે છે. પ્રથમ તો તે પ્રજાનું વિભાજન કરાવે છે. પછી ગૂંચવાડો ઊભો કરે છે. પ્રજા આ રીતે દુર્બળ બને છે. આપણે મનુષ્યઈશ્વરવાદથી મુક્ત થવું જોઈએ અને સાચો ઈશ્વરવાદ સ્વીકારવો જોઈએ.

**16-7-04**

# 3. અહિંસાવાદ

વિશ્વમાં ક્યાંય ન હોય તેવો અહિંસાવાદ અહીં વિકસ્યો છે. કેટલાક ધર્મો અને કેટલાક લોકો તો લળીલળીને તેનાં જ વખાણ કરે છે. જાણે કે પૂરો ધર્મ જ અહિંસામાં આવી જતો હોય તેવો ભીષણ આક્રમક પ્રચાર કરતા રહે છે. તેમને એ ખ્યાલ નથી રહેતો કે જેમ જેમ વધુ ને વધુ અહિંસાવાદનો પ્રચાર થાય છે તેમ તેમ પ્રજા વધુ ને વધુ નમાલી થતી જાય છે. જે પ્રજા અત્યાચારીઓના અત્યાચાર તથા આતંકનો પ્રતિકાર કર્યા વિના ચુપચાપ સહન કરતી રહે છે તે પ્રજા નમાલી છે. આક્રાન્તાઓ મંદિરો, મૂર્તિઓ સ્ત્રીઓને ગમે તેટલી અપમાનિત કરે તો પણ તેઓ ઘરમાં ભરાઈ જઈને કે પછી આક્રાન્તાઓ સાથે સમજૂતી કરીને દબાયેલું, ગુલામીભર્યું જીવન જીવી લેવામાં ડહાપણ માને છે. ખરેખર તો સંપૂર્ણ અહિંસા શક્ય જ નથી. (વાંચો મારું પુસ્તક “સંપૂર્ણ અહિંસા શક્ય નથી”)

કેટલાક લોકો લૂલો બચાવ કરે છે કે આ તો વીર પુરુષોની અહિંસા છે. જો આવું હોય તો તો પ્રજા ધન્ય ધન્ય થઈ જાય. પણ ખરેખર એવું હોતું નથી. પહેલાં વીરતા અને પછી અહિંસા હોય તો તેવું બની શકે પણ અહીં તો પહેલાં અહિંસા અને પછી વીરતા લાવવી છે, જે શક્ય જ નથી. પ્રાચીનકાળમાં રાજા-મહારાજા-યોદ્ધાઓ વગેરે યુદ્ધ કરતા, શિકાર કરતા, સાહસ અને પરાક્રમની રમતો રમતા – આ વીરતા પ્રગટાવનારાં સાધનો હતાં. પછી તેઓ નિર્દોષ જીવો પ્રત્યે દયા રાખતા. અપરાધીઓ પ્રત્યે કઠોર દંડ અને નિરપરાધીઓ પ્રત્યે રક્ષાની પૂરી ખાતરી આપતા જેથી પ્રજા નિર્ભય અને સુખી રહેતી. અપરાધીઓ અને રાષ્ટ્રના શત્રુઓ પ્રત્યે કઠોર અને ક્રૂર વ્યવહાર જરૂરી હોય છે, જે વીરતાથી જ થઈ શકે. વીરતા વિના રાજ્ય કરી શકાય નહિ. પહેલાં વર્ષો સુધી અહિંસાનું અતિરેકભર્યું પાલન કરવામાં આવ્યું હોય તો પછી ખરા સમયે યુદ્ધ વખતે વીરતા બતાવી શકાય નહિ. જેમ કે કોઈ માણસે કદી પણ ક્રિકેટનું બેટ પણ પકડ્યું ન હોય અને પછી ક્રિકેટ રમવા જાય તો તે ક્રિકેટ રમી શકે નહિ. આવી જ રીતે વીર પ્રજા જ યોગ્ય સમયે યોગ્ય સ્થળે અહિંસક થઈ શકે. વીરતા વિનાની અહિંસા અને તે પણ પેઢી દર પેઢીની અહિંસા પ્રજાને નમાલી જ બનાવી દે તેમાં જરાય શંકા હોવી જોઈએ નહિ.

પ્રજાને વીર બનાવવી હોય તો તેને શૌર્ય અને સાહસના ક્ષેત્રમાં પળોટવી જોઈએ. તેને શસ્ત્રધારી બનાવવી જોઈએ. શસ્ત્રો પ્રત્યે ઘૃણા કરી–કરાવીને જે અહિંસા ફેલાવવામાં આવે છે તે પ્રજાને નમાલી બનાવવાનું જ કામ કરે છે. જો તમારે હિંસક લોકો વચ્ચે જીવન જીવવું હોય તો તમારે શસ્ત્રધારી વીર થવું જ જોઈએ. નહિ તો હિંસક લોકો તમને શાંતિથી જીવવા નહિ દે. જે લોકો શૌર્ય – સાહસ અને શસ્ત્રોનો વિરોધ કરે છે તે વીરતાનો વિરોધ કરે છે. અને જે ગમે તેવા રૂપાળા નામ હેઠળ વીરતાને મંદ પાડે છે તે પોતાના જ પગ ઉપર કુહાડો મારીને પોતાની ગુલામી કે વિનાશને આમંત્રણ આપે છે. હિન્દુપ્રજાનો મોટો ભાગ શસ્ત્રધારી નથી. એટલે વીરતાથી મંદ પડેલો છે. પરાક્રમ બતાવવાના સમયે તે ભાગી છૂટે છે અથવા શરણાગત થઈને ગુલામી સ્વીકારી લે છે. બહુ થોડો વર્ગ જ વીર અને શસ્ત્રધારી છે. તેના આધારે વિશાળ મોટો વર્ગ પોતાનું રક્ષણ થવાની ખેવના રાખે છે, જે સફળ થતી નથી.

જેમ અતિરેકભરી હિંસા પણ આવકાર્ય નથી તેવી જ રીતે અતિરેકભરી અહિંસા પણ આવકાર્ય ન હોવી જોઈએ. હડકાયાં કૂતરાંથી પ્રજાને મુક્ત કરવી જરૂરી છે. એવી જ રીતે ખેતી વગેરે રાષ્ટ્રીય ઉત્પાદનોને ભારે હાનિ પહોંચાડનારાં તત્ત્વોથી પણ ખેડૂતોને મુક્ત કરવા જરૂરી છે. ખેડૂત, ખેતી અને હાનિ કરનારાં તત્ત્વો – આ ત્રણેને સરખાં ન ગણાય. જો ખેતીને અને ખેડૂતને ભોગે હાનિકારક તત્ત્વોને રક્ષણ – પોષણ આપવામાં આવે તો ખેતી અને ખેડૂતનો નાશ થાય અને હાનિકારક તત્ત્વો વધી જાય. આ રાષ્ટ્ર માટે આત્મહત્યા છે. રાષ્ટ્ર અન્નાદિ વિના ભૂખે મરતું થશે. જો કોઈ હાનિકારક તત્ત્વોનો અહિંસાના નામે પક્ષ લે તો તે એક પ્રકારથી રાષ્ટ્રને સ્થાયી હાનિ પહોંચાડનાર રાષ્ટ્રદ્રોહ જ કહેવાય. કોઈ વ્યક્તિવિશેષના કર્મથી જે નુકસાન થાય તેના કરતાં તેવા સિદ્ધાંતોથી અનેકગણું નુકસાન થાય. કારણ કે વ્યક્તિ કર્મ કરીને નિવૃત્ત થઈ જશે, પણ વિચારો, તેમાં પણ ધર્મસિદ્ધાંતો તો સ્થાયી થઈને ચિરકાળ સુધી પ્રજાને ગુમરાહ કરતા રહેશે, જેથી પ્રજા અને રાષ્ટ્ર દુઃખી થશે. આપણે બે વાક્યો પ્રચલિત કર્યાં છે.

*“જીવો અને જીવવા દો.”*
*“જીવો જીવસ્ય ભક્ષણમ્”*

પ્રથમ વાક્ય એ આદર્શ વાક્ય છે. તેમાં ઉત્તમ આદર્શ છે. બીજા વાક્યમાં વાસ્તવિકતા છે. આદર્શ ઉત્તમ છે પણ તેનાથી જો પ્રશ્નો ઉકેલવામાં સફળતા મળતી હોય તો. શું આતંકવાદીઓને જીવવા દેવા? એ તમને જીવવા દેશે? ના. જે તમારો નાશ કરવા માગે છે તેને જીવવા દેવાય નહિ. આ તો નિર્દોષો માટેનો આદર્શ છે. દોષીઓ માટે નથી. તો દોષીઓનું શું કરશો? તેમનો નાશ જ કરવો જોઈએ. અહિંસાના દ્વારા આ કામ થઈ શકશે? ના, કદાપિ નહિ. એટલે વીરતાના દ્વારા જ આ કામ કરી શકાય. વીરતાના દ્વારા અનિવાર્ય જરૂરી હિંસા કરવામાં આવે તો તે ધર્મ જ કહેવાય. પણ પ્રજાને દ્વિધામાં ભરમાવી દેવાઈ છે. એક વાર કહે કે ના, ના, ગમે તેવા સંજોગોમાં પણ હિંસા કરવી જ નહિ, તો બીજી વાર કહેવામાં આવે કે હા...હા... અમુક પરિસ્થિતિમાં હિંસા કરાય. હા-ના-હા-ના આમ દ્વન્દ્વ ભરેલી વાણીથી પ્રજા ગૂંચવાતી રહી છે. જેથી ન તો તે પૂરેપૂરી અહિંસક થઈ શકી કે ન તે વીરતાભરી હિંસા કરનારી પણ થઈ શકી.

અતિરેકભર્યા અહિંસાવાદથી પ્રશ્નો જ પ્રશ્નો ઊભા થયા છે. તેનાથી પ્રશ્નો ઉકેલાતા નથી. સૌથી મોટો પ્રશ્ન પ્રજાને નમાલી બનાવવાનો છે. એમાંથી અનેક દૂષણો ઊભાં થયાં છે. માનો કે પ્રજા અતિરેકભર્યા અહિંસાવાદનો ત્યાગ કરે તો તેને શું નુકસાન થાય? અહિંસાવાદનો ત્યાગ કરવાનો અર્થ હિંસાવાદને અપનાવવો એવો કોઈ ન કરે. અતિરેકભર્યો હિંસાવાદ પણ તેટલો જ હાનિકર છે, જેટલો અતિરેકભર્યો અહિંસાવાદ છે. ફરક એટલો છે કે અહિંસાવાદથી પ્રજા પોતે દુર્બળ થઈને પ્રબળની ગુલામ બને છે, જ્યારે હિંસાવાદથી અનાવશ્યક શત્રુઓ ઊભા થાય છે, જેમાંથી કોઈ પ્રબળ શત્રુ હિંસા દ્વારા હિંસાવાદીનો નાશ કરે છે. જેમકે, હિટલરનો મિત્ર-રાષ્ટ્રોએ નાશ કર્યો તેમ. એટલે આપણે હિંસાવાદનો સ્વીકાર નથી કરવાનો પણ વીરતાવાદનો સ્વીકાર કરવાનો છે. ધર્મ અને ન્યાયપૂર્વકની વીરતા દ્વારા અનિષ્ટોની સમાપ્તિ કરીને ઇષ્ટોની રક્ષા કરવાની છે. આ એક સંતુલન છે. એ રાષ્ટ્રીય જીવન માટે જરૂરી છે. રાષ્ટ્રીય હિતો અને અહિંસાવાદ બન્ને એકસાથે ચાલી શકે નહિ. તમારા માટે આ બેમાંથી કોનું મહત્ત્વ વધારે છે? જો અહિંસાનું હશે તો તે રાષ્ટ્રના ભોગે જ હશે. રાષ્ટ્ર માટે સમુદ્રી ઉત્પાદનો અને હાનિકારક પશુઓ વગેરેની વ્યવસ્થા કરવી જરૂરી છે. જો તમે આ નહિ કરી શકો તો તમે રાષ્ટ્રને ભારે નુકસાન કરનારા થઈ શકો છો. આપણે ત્યાં અતિરેકભરી અહિંસાએ આ જ કામ કર્યું છે. હમણાં વિમાની મથકના રન વે ઉપર રખડતાં કૂતરાંનો નાશ કરવાની વાત આવી તો કેટલાક અહિંસાવાદી લોકોએ તેનો વિરોધ કર્યો હતો. રન વે ઉપર કૂતરાં ભલે રખડે. વિમાનને અકસ્માત થાય તો ભલે થાય. માણસો ભલે મરે. રખડતાં કૂતરાં મરવાં ન જોઈએ. આ રાષ્ટ્રદ્રોહ અને માનવતાદ્રોહ છે. આવી અહિંસા વિશ્વમાં ક્યાંય જોવા નહિ મળે. ઘણા દેશોમાં તો રખડતાં કૂતરાં કે રખડતાં ઢોરાં પણ જોવા નથી મળતાં, જ્યારે આપણે ત્યાં આવા અહિંસાવાદના કારણે રખડતાં કૂતરાં, રખડતાં ઢોરાં, જ્યાં જુઓ ત્યાં દેખાય છે અને પ્રજાજીવનને નુકસાન પહોંચાડે છે.

પૂરી કુદરતી વ્યવસ્થામાં "જીવો જીવસ્ય ભક્ષણમ્" વાળો સિદ્ધાંત કામ કરે છે. ક્યાંય અહિંસા નથી. સર્વત્ર હિંસા જ હિંસા છે. હિંસા વિના અન્ન પેદા નથી થતું. પાણીની પ્રાપ્તિ પણ નથી થતી, અરે શ્વાસ લેવામાં પણ હિંસા થઈ શકે છે. જો તમે ચુસ્ત અહિંસાવાદી બનો તો વિકાસનું કોઈ કામ કરી શકો નહિ, કારણ કે પ્રત્યેક વિકાસકાર્યના નિર્માણમાં હિંસા થવાની જ. આ જ કારણે ઘણા લોકો વિકાસના જ વિરોધી થઈ જતા હોય છે. આ રાષ્ટ્રદ્રોહ છે. પ્રજાદ્રોહ છે. એક તરફ પ્રજાને નમાલી બનાવવી અને બીજી તરફ વિકાસ- કાર્યોનો અવરોધ કરીને પ્રજા અને રાષ્ટ્રને દરિદ્ર બનાવવાં, આવી વૈચારિક પદ્ધતિથી હિન્દુ પ્રજાને વારંવાર નુકસાન થયું છે અને થઈ રહ્યું છે. ધર્મ એવો હોવો જોઈએ જે રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસનો સમર્થક હોય, વિજ્ઞાનનો ઉત્તેજક હોય, શત્રુઓ અને અપરાધીઓનું દમન કરાવનારો હોય, પ્રજાને વીરતા અને સાહસથી છલકાવનારો હોય. જો ધર્મનું રૂપ આવા ગુણોથી ઊલટું હશે તો પ્રજા દુર્બળ થશે. ખરેખર તો આવું થયું જ છે, એટલે પ્રજાના પતનમાં અન્યની સાથે અહિંસાવાદ પણ કારણભૂત છે. જેનો ત્યાગ કરીને "વીરતા પરમો ધર્મ:" અપનાવવો હિતાવહ છે.

**16-7-04**

# 4. પલાયનવાદ

હિન્દુપ્રજાના પતન અથવા દુર્બળતાનું ત્રીજું કારણ 'પલાયનવાદ' છે. પલાયનવાદ એટલે વ્યક્તિ અને પૂરી પ્રજાને પોતાની જવાબદારીઓ અને કર્તવ્યોથી અધ્યાત્મના ઉચ્ચ આદર્શના બહાને ભાગી જવાની પ્રેરણા આપવી તે. સાચો ધર્મ અને સાચું અધ્યાત્મ હમેશાં કર્તવ્યનિષ્ઠા, જવાબદારીનો સ્વીકાર, કર્મઠતા અને અન્યાય સામે સંઘર્ષ કરવાની પ્રેરણા આપે છે. પણ વચ્ચે એક એવો ગાળો આવ્યો કે જીવનને વૈરાગ્યપ્રધાન બનાવવા માટે સર્વસ્વ છોડીને ત્યાગી-વૈરાગી થઈ જવાની પ્રેરણા અપાઈ. એમાંથી પલાયનવાદનું નિર્માણ થયું.

માનો કે તમારે આદર્શ પત્ની છે. સુશીલ છે, સંસ્કારી છે, પતિવ્રતા છે. પણ તમે આત્માના કલ્યાણ માટે અડધી રાત્રે તેને અને પુત્ર વગેરેને સૂતાં મૂકીને ઘરથી નીકળી પડો છો. કારણ કે તમને ઠસાવવામાં આવ્યું છે કે બ્રહ્મચર્ય વિના મોક્ષ ન મળે. બ્રહ્મચર્યમાં સૌથી મોટો અંતરાય પત્ની કરે છે. એટલે પત્નીનો ત્યાગ અનિવાર્ય છે. બાકીનો પુત્રાદિ પરિવાર પણ મોહમાં નાખીને તમારી આધ્યાત્મિક પ્રગતિને રોકે છે એટલે આ બધાનો ત્યાગ કરી વીતરાગદશા પ્રાપ્ત કરો તો જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે. આ જ પ્રકારના ઉપદેશોના વારંવારના શ્રવણ અને વાચનથી તમે તેવા રંગે રંગાઈ જાવ છો. અને પછી કોઈ એક રાત્રે તમે આ બધાનો ત્યાગ કરીને મોક્ષ માટે નીકળી પડો છો. કોઈ એકાદ વ્યક્તિ આવું કાર્ય કરે ત્યાં સુધી તો ક્ષમ્ય ગણાવું જોઈએ પણ પછી તો આવા ત્યાગને સર્વોચ્ચ આદર્શ અને વંદનીય માની લેવામાં આવે એટલે પ્રજા આવા ત્યાગ તરફ વળે, એનું ગૌરવ મનાવે. પોતાની જાતને ધન્ય ધન્ય માને. આ પલાયનવાદ છે.

ખરેખર તો નિર્દોષ સુશીલ પત્નીનો ભરયુવાવસ્થામાં તેને અંધારામાં રાખીને ત્યાગ કરવો એ અધર્મ છે. કારણ કે પતિ-પત્નીનો સંબંધ જીવનભર સુખદુ:ખમાં સાથ આપવાની પ્રતિજ્ઞાથી જોડાયેલો છે. ચોરીમાં અગ્નિ અને વડીલોની સાક્ષીએ સપ્તપદી પ્રતિજ્ઞાઓ વખતે બન્નેએ એકબીજાને આવાં વચનો આપ્યાં હોય છે. તેનો એક- પક્ષીય રીતે ભંગ કરવો એ અધર્મ છે. પાપ છે. વળી તેને સાર્વજનિક આદર્શ બનાવવો તે તો તેથી પણ મોટું પાપ છે. આ પલાયનવાદ છે. આવો પલાયનવાદ ઊજળાં કપડાં પહેરીને ભારતમાં ખૂબ ફૂલ્યોફાલ્યો. તેણે પ્રજાને પલાયનવાદી બનાવીને પારાવાર નુકસાન પહોંચાડ્યું છે.

પહેલું નુકસાન તો પેલી પતિવ્રતા સુશીલ પત્નીને અનાથ બનાવવાનું થયું. બીજાં પરિવારનાં માણસોને પણ નુકસાન થયું. તે બધાં અનાથ જેવાં થઈ ગયાં. ત્રીજું નુકસાન તે વ્યક્તિને પોતાને થયું. તે પરાવલંબી જીવન જીવતી થઈ ગઈ. પારકું અન્ન, પારકાં વસ્ત્રો અને પારકા આવાસોના આધારે તે જીવન જીવતી થઈ. આ પરોપજીવિતા કહેવાય. પત્નીત્યાગની માફક આ પરોપજીવિતાને પણ ઉચ્ચ આદર્શ માની લેવામાં આવ્યો એટલે તેનાં ટોળેટોળાં ઊભાં થવા લાગ્યાં. આ દેશ આદર્શ પરાવલંબીઓનો દેશ બની ગયો. જ્યાં જુઓ ત્યાં સાધુ જ સાધુ, ભિક્ષુ જ ભિક્ષુ. આ બધું મોક્ષના નામે થયું. ઉત્પાદક વર્ગ ઓછો થયો અને તેને ચોંટીને જીવનારો વર્ગ મોટો થયો. વળી પાછો તે પૂજ્ય થયો. તેનો ઉપદેશ પણ લોકોને પોતાના જેવા બનાવવાનો રહ્યો. કેટલીક વાર તો કોણ મોટું ટોળું બનાવે છે તેની સ્પર્ધા થવા લાગી. જેનું જેટલું ટોળું મોટું તેની તેટલી જ પ્રતિષ્ઠા વધારે. મોટું ટોળું બનાવવા માટે પાત્ર-કુપાત્ર, યોગ્યતા-અયોગ્યતા જોયા વિના જે હાથમાં આવે તેને મૂંડી નાખવાની પ્રવૃત્તિ વધી ગઈ. નાનાં બાળકો, યુવાન યુવતીઓનાં આવાં નિષ્ક્રિય જ નહિ, પરાવલંબી અને પ્રગતિવિરોધી ટોળાં લઈને ફરનારનો જયજયકાર થવા લાગ્યો. આ પલાયનવાદની પૂજા કહેવાય.

ખરેખર તો આ બધાને ઉત્તમ નાગરિક બનાવવા જોઈતા હતા, તેઓ ઉત્તમ સૈનિક, ઉત્તમ વ્યાપારી કે ઉત્તમ કાર્યકર્તા થઈ શકે તેમ હતા, પણ ઉપદેશ જ પલાયનવાદનો હતો, એટલે બધા પોતપોતાનાં કર્તવ્યોથી ભાગીને પરાવલંબી જીવન જીવતા થઈ ગયા. ઉત્તમ સમાજ અને ઉત્તમ રાષ્ટ્ર એ છે, જેમાં વધુમાં વધુ લોકો સ્વાવલંબી જીવન જીવતાં હોય. મહેનત-મજૂરી, ઉદ્યોગ, ધંધો કરીને પગભર થવું અને લુખ્ખો રોટલો ખાવો પડે તો લુખ્ખો રોટલો ખાવો સારો, પણ પરાશ્રિત થઈને માલમલીદા ખાવા ખોટા. આ વાત પ્રજાના મસ્તિષ્કમાં ઠાંસી ઠાંસીને બેસાડવી જોઈએ. બેશક, આ વિશાળ ટોળામાં એકાદ – બે ટકા કર્મઠ થયા, તેમણે સારાં કાર્યો કર્યાં તેમને વંદન, પણ બાકીના અઠ્ઠાણું ટકાનું શું? માત્ર પરાવલંબિતાથી જ કામ અટકતું નથી. અધ્યાત્મના નામે આ આખો પ્રારબ્ધવાદ, પુરુષાર્થવિરોધ, જે થાય તે થવા

દેવું, દ્રષ્ટા થઈ જવું વગેરે વગેરે અનેક એવી થિયરીઓ મગજમાં બેસાડે છે કે પ્રજા પોતે પણ પલાયનવાદી થઈ જાય છે.

ગીતાનું જ ઉદાહરણ લઈએ.

યુદ્ધ કરવું એ અર્જુનનું કર્તવ્ય છે. તેણે તે સ્વીકાર્યું છે. પણ ખરા સમયે તે શસ્ત્રોનો ત્યાગ કરીને નિષ્ક્રિય થઈને બેસી જાય છે. તેની દલીલો બહુ રમણીય લાગે છે. તે કહે છેઃ 'કેટલી મોટી હિંસા થશે? મારા બધા સગાસંબંધીઓનો નાશ થશે. આ પાપથી ખરડાયેલા ભોગો મારે નથી જોઈતા. હું ભિક્ષા માગીને જીવીશ વગેરે. જો અર્જુનની ઇચ્છા પ્રમાણે થયું હોત તો મહાભારત યુદ્ધ જ ન થયું હોત. તે પોતાનો રથ પાછો વાળીને પાછો ચાલ્યો જાત. બહુ મોટી હિંસા અટકી જાત આવું કેટલાક લોકો માને છે, તે બરાબર નથી. અર્જુનની પાછી વળતી અથવા કહો કે ભાગતી સેના ઉપર કૌરવ સેના તૂટી પડી હોત. ભયંકર હિંસા થાત. અન્યાયનો વિજય થઈ જાત. એટલે યુદ્ધ કરવું એ કર્તવ્ય હતું. તેનાથી ત્યાગ-વૈરાગ્યની વાતો કરીને ભાગી છૂટવું તે પલાયનવાદ હતો. શ્રીકૃષ્ણે આવા પલાયનવાદને રોક્યો. અને અર્જુન પાસે યુદ્ધ કરાવ્યું, વિજય મેળવ્યો અને ન્યાયની સ્થાપના કરાવી. આ કર્તવ્યવાદ હતો. કેટલાક લોકોને શ્રીકૃષ્ણની આ કર્તવ્યનિષ્ઠા ન ગમી. તેમણે માન્યું કે ભયંકર યુદ્ધની હિંસા કરાવવાના કારણે શ્રીકૃષ્ણ નરકમાં ગયા છે. ખરેખર તો ગીતા જ કહે છે કે ધર્મયુદ્ધ ક્ષત્રિય યોદ્ધાઓ માટે સ્વર્ગનાં દ્વાર ખોલનારું થઈ જાય છે. અર્થાત્ યુદ્ધ કરનાર યોદ્ધાને સ્વર્ગની પ્રાપ્તિ સહજ રીતે થઈ જાય છે. આ થિયરીથી તમે યોદ્ધાઓ પેદા કરી શકો, ધર્મયુદ્ધો લડી શકો અને વિજયી થઈને આઝાદીપૂર્વકનું જીવન જીવી શકો.

પણ યુદ્ધ એ ભયંકર હિંસા છે, મહાપાપ છે, તેનાથી નરકમાં જવાય – આવી થિયરીથી તમે યોદ્ધાઓ પેદા ન કરી શકો. યોદ્ધા વિનાની પ્રજા આક્રાન્તાઓની ગુલામ થઈ જાય. તેનો ધર્મ, મંદિરો, મૂર્તિઓ, મિલકત અને સ્ત્રીઓ સલામત ન રહે, તે પરભોગ્યા થઈ જાય. આ જીવતું નરક કહેવાય. પેલા તો કદાચ નરકે જતાં જશે, પણ આ પલાયનવાદીઓ તો અહીં જીવતા જ નરક ભોગવતા થઈ જાય. આવી પલાયનવાદી થિયરીથી પ્રજા યુદ્ધવિમુખ, શસ્ત્રવિમુખ અને વીરતાવિમુખ થઈ ગઈ અને વળી પાછું આ બધું ધર્મ અને અધ્યાત્મના નામે. આ તો પ્રજાનું પતન જ કહેવાય.

## જનકવિદેહી

એક બીજું ઉદાહરણ લઈએ. જનક રાજા અષ્ટાવક્રની કથા સાંભળે છે. કથાનો સાર છેઃ "હું આત્મા છું. આ દેહ હું નથી. આ રાજપાટ, કુટુંબ પરિવાર મારો નથી કારણ કે આત્મા એકલો છે. અસંગ છે, નિર્લેપ છે. મોહમાયાથી માયાજાળમાં ફસાયો છે. બધાંને મારું મારું કરીને વળગ્યો છે. હું અને મારું એ જ માયા છે. તેનાથી છૂટવું એ જ મોક્ષ છે. એ જ જ્ઞાન છે. આવી કથા ચાલી રહી છે. ત્યાં દોડતા આવીને માણસે ખબર આપી કે 'મિથિલા નગરી ભડકે બળી રહી છે.' બધી સભા ઊભી થઈ ગઈ અને નગરીમાં પોતપોતાની વસ્તુઓને બળતી બચાવવા દોડી. જનક તો ઊભો પણ ન થયો. અષ્ટાવક્રે તેને પૂછ્યું કે, 'જનક તારું કાંઈ બળતું નથી?' તો જનકે જવાબ આપ્યો કે 'મિથિલામાં પ્રદગ્ધાયાં ન મે દહ્યતિ કિંચન' અર્થાત્ મિથિલા બળતી હોય તો બળે, તેમાં મારું કશું બળતું નથી. જનકના આવા ઉત્તરથી અષ્ટાવક્ર પ્રસન્ન થઈ ગયા. ખરેખર તું તો આત્મા છે, આત્મા બળતો નથી કે કપાતો નથી. તે તો અજર – અમર છે. એ જ તારું ખરું સ્વરૂપ છે. આ તો બધા નાશવાન પદાર્થો છે. તે તો નષ્ટ થવાના જ છે વગેરે." આ ઘટના થિયરી બની ગઈ. લોકો જનક જેવા થવાનો આદર્શ ગ્રહણ કરવા લાગ્યા. આ પલાયનવાદ છે. ખરેખર તો સૌથી પહેલાં જનકે ઊભા થવું જોઈએ અને બળતી મિથિલાને ઓલવવા પ્રયત્ન કરવો જોઈએ. આ રાજાનું કર્તવ્ય હતું. રાજા કામે લાગે તો બધા આપોઆપ કામે લાગે, તો નગરી વહેલી અગ્નિમુક્ત થઈ જાય. આ સૌનું કર્તવ્ય હતું. પણ ઉચ્ચ આત્મવાદ કે અધ્યાત્મવાદે લોકોને પલાયનવાદી બનાવ્યા, જેથી એકની આપત્તિ વખતે બીજો કહે છે કે "મારે શું?"

## પ્રારબ્ધવાદ

પલાયનવાદનાં હજાર મુખ છે. એક નહિ અનેક રીતે તે લોકોને કર્તવ્યથી ભગાડે છે. કર્તવ્યવિમુખ થઈને લોકો પસ્તાવાની જગ્યાએ ગૌરવ લે છે કે અમે કેવા નિઃસ્પૃહ છીએ. કેટલાક લોકોને અધ્યાત્મના નામે એવું ઠસાવ્યું હોય છે કે જે થાય છે તે બધું પૂર્વના પ્રારબ્ધ

પ્રમાણે જ થાય છે, તેમાં કોઈનાથી કાંઈ મીનમેખ કરી શકાય નહિ. એટલે ખરો જ્ઞાની તો તે છે જે શાંતિથી પોતાનું પ્રારબ્ધ ભોગવી લે.

બનેલી ઘટના કહું: એક સજ્જનને આખા શરીરે દાદર થઈ ગઈ. આખો દિવસ વલૂર વલૂર કરે. બહુ દુ:ખી થાય. એક વાર મારે ત્યાં આવ્યા, તેમનું શરીર અને દુ:ખ જોઈને મને દયા આવી. મેં કહ્યું કે, જાવ, દવાખાનામાંથી દવા લો, થોડા દિવસમાં દાદર મટી જશે. તેમણે મને ઘસીને ના પાડી. એટલું જ નહિ, બહુ મક્કમતાથી જણાવ્યું કે આ બધા કીડાઓ મારા ગયા જનમના લેણિયાત છે, તે તેમનું લેણું લેવા આવ્યા છે, એટલે હું તેમને કહું છું કે “કઈડો (કરડો), ખૂબ કઈડો, તમારું લેણું વસૂલ કરો” તેમની મક્કમતા આગળ હું ચૂપ થઈ ગયો. અરેરે, આત્મા, અધ્યાત્મના નામે લોકોને કેવું કેવું ઠસાવવામાં આવ્યું છે! બે મહિના વીતી ગયા. પેલા સજ્જન ફરી આવ્યા. હવે તેમનું શરીર પૂરેપૂરું ફદફદી ગયું હતું. બહુ જ દુ:ખી હતા. રોતા રોતા કહેવા લાગ્યા કે હવે મારાથી સહન થતું નથી. હું શું કરું?” મેં કહ્યું કે “દવા કરાવો, સારું થઈ જશે” તેમણે કહ્યું કે “તો તમે મને આજ્ઞા કરો.” મેં કહ્યું કે “જાવ, દવા કરાવો.” તે તો દવા કરાવવા ગયા, પણ તેમની સાથે આવેલા ભાઈએ મને કહ્યું કે “આ આજ્ઞા કેમ કરાવી? હવે જે જીવાત મરશે તેનું પાપ તમને (મને) લાગશે, પેલા ભાઈને નહિ લાગે” મને હસવું આવ્યું. પૂર્વનાં કર્મ અને પ્રારબ્ધના નામે એવી એવી થિયરીઓ ઘડી કાઢી છે કે ઘણાં લોકો કર્તવ્ય- વિમુખ થઈ જતાં હોય છે. આ પલાયનવાદ જ કહેવાય. માણસે યથાશક્ય દવા કરાવવી જોઈએ. પ્રત્યેક રોગ કાંઈ પૂર્વનાં કર્મો એટલે કે પ્રારબ્ધથી આવ્યો નથી હોતો. તેનાં નિશ્ચિત કારણો હોય છે, તેને દૂર કરો એટલે રોગ મટી શકે છે. કોઈ અસાધ્ય રોગ હોય તો તેને ધીરજથી સહન કરી લેવો જોઈએ. પણ કાંઈ બધા જ રોગો અસાધ્ય નથી હોતા, ઘણા રોગો ઉપચારથી મટી શકતા હોય છે, તેમને મટાડવા જોઈએ.

સંતાન ન થવું, વિધવા થવું કે ત્યક્તા થવું આવાં બધાં અનેક પરિણામો માત્ર પ્રારબ્ધથી જ નથી આવતાં. તેમાંનાં ઘણાંને સુધારી શકાય છે. આવી જ રીતે દરિદ્રતા, વિકલાંગતા વગેરે પણ કોઈ પ્રારબ્ધથી નથી આવતાં. તેને પણ નિવારી કે હળવાં કરી શકાય છે. મહત્ત્વની વાત છે કર્તવ્યપરાયણ પુરુષાર્થવાદી અભિગમની. એ અપનાવનારી પ્રજા ઉન્નત અને સુખી થાય છે, જ્યારે પ્રારબ્ધવાદી પ્રજા પછાત અને દુ:ખી થઈ જતી હોય છે.

# 5. ગુરુવાદ કે બહુગુરુવાદ

માણસની બૌદ્ધિક આવશ્યકતા પૂરી કરવા માટે તેણે કોઈ ને કોઈની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું પડતું હોય છે. આવા જ્ઞાનદાતાને ગુરુપદે પ્રસ્થાપિત કરવામાં આવ્યો. ખરેખર જ્ઞાનથી મહાન કશું નથી અને વ્યક્તિ તથા પ્રજાના જીવનમાં જેટલું જ્ઞાન વધુ હોય તેટલું જ તેનું સ્થાન ઊંચું અને મહત્ત્વપૂર્ણ બને. જ્યાં જ્ઞાનદાતા ગુરુઓ નથી હોતા ત્યાંની પ્રજા પછાત અને મહત્ત્વ વિનાની થઈ જતી હોય છે. એટલે હિન્દુજીવન-વ્યવસ્થામાં પરમેશ્વરથી થોડું જ ઊતરતું અને બાકી બધાંથી ચઢિયાતું સ્થાન ગુરુને આપવામાં આવ્યું છે. એ યોગ્ય જ છે.

આમ જુઓ તો હિન્દુ જીવનવ્યવસ્થામાં અનેક તત્ત્વોને આવાં સ્થાન અપાયાં છે, જેમકે માતા-પિતા, ગાય, ધરતી, ગંગા વગેરે નદીઓ, સૂર્ય વગેરે તારા ગ્રહો, પ્રત્યેકની મહત્તા જીવનમાં પૂરેપૂરી રહેતી જ હોય છે. ઘણી વાર તો આ બધાંને ભગવાનની બરાબરીનું અને કેટલીક વાર તો ભગવાનથી પણ ઊંચું સ્થાન અપાયું છે. આ બધું ઉપકારકો પ્રત્યેની ઊંચી ભાવનાનું દ્યોતક છે, પણ ગુરુતત્ત્વ સમયાંતરે બદલાતું રહ્યું છે. જ્ઞાનદાતા ગુરુની જગ્યાએ મોક્ષદાતા, મંત્રદાતા, દીક્ષાદાતા વગેરે અનેક પરિવર્તનો થતાં રહ્યાં છે. ખાસ કરીને સંપ્રદાયો તથા પંથોનો પ્રચાર વધવા લાગ્યો ત્યારે સંપ્રદાય પ્રવર્તક કે સંચાલકોએ પોતપોતાના અનુયાયીઓને એક નિશ્ચિત વાડામાં પૂરવા અને પૂર્યા પછી પૂરી રાખવા માટે ગુરુપદનો બહુ જ કુશળથાથી ઉપયોગ કર્યો છે. અહીં જ્ઞાનદાતા તત્ત્વ લગભગ હતું જ નહિ. પરંપરાના ગુરુઓ મોટા ભાગે પરંપરાની ગાદીએ બેસતા હોય છે. તે માટે જ્ઞાન હોવું જરૂરી નથી. જરૂરી છે નિશ્ચિત વ્યક્તિના પુત્ર કે વંશજ હોવું. આ એક માત્ર અનિવાર્ય યોગ્યતાથી જ્ઞાન વિનાની વ્યક્તિ પણ હજારોની ગુરુ થઈ શકે છે, થાય છે. આ વ્યવસ્થાથી પ્રજાને લાભ કાંઈ નહિ અને નુકસાન ઘણું મોટું થાય છે.

પ્રથમ તો આવા ગુરુઓ જ્ઞાન આપી શકતા નથી, કારણ કે પોતે જ જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી હોતું. પોતે અજ્ઞાની છે તેવી સ્વીકારોક્તિ કરી શકાતી નથી, કારણ કે પોતે સંત નથી એટલું જ નહિ, અનુયાયી વર્ગ જો જ્ઞાની બને તો પોતાનું ગુરુપદ જોખમાઈ જાય, એટલે તેમનો પ્રયત્ન સતત એ હોય છે કે પોતાના અનુયાયીઓ કોઈ બીજા ગુરુઓના કે સંતોના સંપર્કમાં ન આવે. ન બીજાનું કશું વાંચે કે ન બીજાનું કાંઈ સાંભળે. તેમને સતત એક જ પ્રકારનો ઉપદેશ અને એક જ પ્રકારનું સાહિત્ય વંચાવવામાં આવે છે, જેથી તેમનું ‘બ્રેઈનવૉશ’ થતું રહે. આવા માણસો ચુસ્ત અને સંકુચિત દૃષ્ટિવાળા થઈ જતા હોય છે. જેથી તેમનું પોતાનું જીવન ગુમરાહીવાળું અને બાકીના બીજા લોકોથી વિસંવાદી બની જાય છે.

વાત આટલેથી જ અટકતી નથી, જ્ઞાન વિનાના ગુરુઓ સતત ગુરુ- મહિમાની જ કથાઓ સંભળાવે છેઃ ગુરુની આરતી-પૂજા કરવી, પગ ધોઈને ચરણામૃત પીવું. ગુરુનો એંઠવાડ, પ્રસાદ સમજીને ખાવો, ગુરુને સ્નાન કરાવી તે પાણીનો ઉપયોગ ચરણામૃત તરીકે કરવો વગેરે. આ બધું જ્ઞાનદાતા ગુરુને હોય જ નહિ. આ જ્ઞાનપરંપરાના ગુરુપદનો ભયંકર દુરુપયોગ અને પ્રજાનું શોષણ જ છે.

વાડાવાળા લોકોએ ગુરુવાદનો જ પ્રચુર પ્રચાર કર્યો છે, જેથી પોતાનો વાડો મોટો થાય. આવા હજારો વાડાઓમાં પુરાયેલી હિન્દુપ્રજા વિભાજિત થઈને શક્તિહીન બની છે. ખરેખર તો પ્રત્યેક ગુરુ એક વિભાજન જ કરે છે. જેમ રબારી કે ભરવાડ પોતપોતાનાં ઘેટાં-બકરાં પોતપોતાના વાડામાં પૂરે છે તેમ આવા ગુરુઓ પણ પોતાના શિષ્યોને વાડામાં પૂરે છે અને પછી બહાર નીકળી ન જાય તે માટે કડક જાપ્તો રાખે છે. ઈશ્વરની જગ્યાએ ગુરુ પોતે પૂજાય છે. એમ કહો કે ઈશ્વરવાદનો લોપ કરીને ગુરુવાદ પ્રસ્થાપિત થઈ જાય છે. અહીંથી વ્યક્તિપૂજા શરૂ થાય છે. વ્યક્તિપૂજા દૃઢ થયા પછી વંશપૂજાની કુશળતાપૂર્વક સ્થાપના કરી દેવાય છે, જેથી વાડામાં આવેલાં ઘેટાં ગુરુના અવસાન પછી પણ તેમના વારસદારોને ગુરુ માનીને પગ પૂજતા રહે. વારસદારો ઘણા હોય તો વાડામાં પેટાવાડા કરવામાં આવે છે. એથી વિભાજિત પ્રજા વધુ ને વધુ વિભાજિત થતી જાય છે. પ્રજાનું માત્ર વિભાજન જ નથી થતું પણ સાથે સાથે ગૂંચવાડો પણ વધતો જાય છે. પ્રત્યેક વાડાધિપતિ પોતાના વાડાનું અલગ નામ, અલગ મંત્ર અને અલગ ઇષ્ટદેવ વગેરે બનાવે છે. તે એટલે સુધી કે બીજા કોઈનું નામ પણ ન લેવાય. લો તો પાપ લાગે. આ રીતે વિભાજન અને ગૂંચવાડો બન્ને સાથે સાથે સ્થાયી રૂપથી ચાલતાં રહે છે. હિન્દુપ્રજાનું

દુર્ભાગ્ય જુઓ કે આવા વિભાજકો ભગવાન થઈને પૂજાય છે અને સૌને એક કરવા પ્રયત્ન કરનારા સંયોજકો દુભાય છે. અજ્ઞાનની ઉપાસના કરનારી આવી પ્રજા ગુલામ કે દુ:ખી ન થાય તો બીજું શું થાય?

જે લોકોએ કોઈ સંપ્રદાય કે પંથ નથી ચલાવ્યો કે નથી ચલાવતા તેઓ પોતપોતાના નામનાં મંડળો ચલાવે છે. આવાં મંડળો કે પરિવારો પણ પ્રજાનું વિભાજન જ કરે છે. મારી સમજણ પ્રમાણે આ બધાં અનિષ્ટનું મૂળ "ગુરુપ્રથા" છે. "ગુરુ કરાવવા જ જોઈએ નહિ તો નગુરા કહેવાઈએ. નગુરો નરકે જ જાય, તેનું તો મોઢું પણ ન જોવાય" આવી દઢ માન્યતાએ આ ગુરુપ્રથાનું અનિષ્ટ પ્રજાને આપ્યું છે. એથી પ્રજા દુર્બળ અને ગુમરાહી બની છે.

આ પ્રથાના અનિષ્ટથી પ્રજાને છોડાવવી જરૂરી છે. કારણ કે આ ગુરુઓ જ પ્રજાને એક થવા દેતા નથી. પ્રજાના વિભાજન અને અજ્ઞાનમાં જ તેમનાં દશે આંગળાં ઘીકેળાં ખાય છે. થોડાક લોકોનાં ઘીકેળાં માટે પૂરી પ્રજા દુર્બળ અને દુ:ખી થાય છે. ભારતની આઝાદી પછી છસ્સો ઉપરનાં રજવાડાંઓનો મોટો પ્રશ્ન હતો. સરદાર વલ્લભભાઈ પટેલે ભારે જેહમત કરીને બધાંને ભારતમાં ભેળવી દીધાં. ભારત વિશાળ અને અખંડ થયું. જો આ રજવાડાં ભારતમાં વિલીન ન થયાં હોત અને સ્વતંત્ર બની બેઠાં હોત તો ભારતની શી દશા થાત – તે વિચારમાત્રથી કમકમાં આવે છે. મહાન સરદારની સાથે મહાન રાજવીઓનો પણ આપણે આભાર માનવો જોઈએ. રાજવીઓનો ત્યાગ નાનોસૂનો ન કહેવાય. રાષ્ટ્રે પ્રતિવર્ષ એક દિવસ એવો રાખવો જોઈએ કે સરદારશ્રી તથા બધા રાજવીઓનો પ્રજા આભાર માને, પુષ્પાંજલિ કરે.

જેમ રજવાડાં વિલીન થવાથી ભારત મહાન બન્યું તેમ હજારો પંથો – સંપ્રદાયો, પરિવારો, મંડળો વગેરે નાનાં-મોટાં ધાર્મિક રજવાડાં મૂળ સનાતન ધર્મમાં વિલીન થઈ જાય તો, ધર્મ અને પ્રજા મહાન બને. વિભાજન-રોગથી પ્રજા મુક્ત બને. પણ એવું લાગે છે કે રાજવીઓના ત્યાગ જેટલો ત્યાગ વાડાગુરુઓ પાસે નથી. કારણ સ્પષ્ટ છે કે તેમ કરવા જતાં તેઓ પોતે હીરોમાંથી ઝીરો બની જાય. તેમની વગર મહેનતની પ્રચુર આવક, માન-મોભો વગેરે બધું જ સમાપ્ત થઈ જાય. એટલે રાજવીઓના ત્યાગ જેવો ત્યાગ કરનારા ગુરુઓ થવા શક્ય નથી. ઊલટાનું આ વિભાજનરોગ દિનપ્રતિદિન વધુ ને વધુ વધતો જ જાય છે.

હજારો ટુકડાઓમાં વિભાજિત આ પ્રજાનું ભવિષ્ય અંધકારમય છે. કારણ કે તે સંયોજકોની જગ્યાએ વિભાજકોને પૂજે છે. આ અનિષ્ટથી બચવાનો એક રસ્તો છે કે ગુરુપ્રથા જ બંધ કરવામાં આવે. ખાલી કાન ફૂંકનારા, માત્ર મંત્ર આપનારા, કે કંઠીઓ બાંધનારા ગુરુ છે જ નહિ. જ્ઞાન આપનારા જ ગુરુ છે. જેમ કે માતા-પિતા, વડીલો, સમાજ, રાષ્ટ્ર, શાળાના શિક્ષકો વગેરે. આ બધા ખરા ગુરુઓ છે. તેમને માન-સન્માન આપવું જોઈએ. જ્ઞાન વિનાના વાડાબંધી કરનારા વિભાજકોને નહિ. લોકના મનમાંથી નગુરાપણાનો ભય દૂર કરવો જોઈએ. વાડાબંધી કરનારા ગુરુઓને ગુરુ કરવા કરતાં નગુરા રહેવું હજારગણું સારું મનાવું જોઈએ. કારણ કે તેથી વિભાજન તો નથી થતું. ગૂંચવાડો તો નથી થતો. પ્રજા દુર્બળ તો નથી થતી. ધાર્મિક ક્ષેત્રમાં જે સાચા સંતો કે મહાપુરુષો છે તે વાડાબંધી કરતા જ નથી. તે વિભાજક હોય જ નહિ. તે સંયોજક જ હોય. વાડાથી છોડાવે તેને સંત કહેવાય. વાડામાં નાખે તેને સંત ન કહેવાય.

સનાતન ધર્મ અને પરમેશ્વરના સંતો મુનીમો છે, માલિકો નથી. જે પોતાનો વાડો કરીને તેનો માલિક થઈ બેસે છે, તે ધર્મદ્રોહી, ઈશ્વરદ્રોહી અને પ્રજાદ્રોહી છે. મૂળ સનાતન ધર્મ અને પરમેશ્વરના નામે બધા સંતો-મહંતોએ પ્રજાને એક તંતુથી બાંધવી જોઈએ. જો સૌકોઈ પોતપોતાના વાડા અલગ અલગ કરશે અને ઈશ્વરની જગ્યાએ પોતપોતાની પૂજા કરાવશે તથા પાછળથી વારસદારોને ગોઠવી દેશે તો પ્રજા પાયમાલ થઈ જશે. આ વિકરાળ દોષના કારણે પ્રજા વિભાજિત થઈ રહી છે. એટલે સૌની શક્તિ પોતાની પૂજા કરાવવામાં નહિ પણ પરમેશ્વરની પૂજા કરાવવા તરફ વળે એ ઇષ્ટ છે.

સંપ્રદાયો, પંથો, પરિવારો, મંડળો કે ગુરુવાદોથી જે વિભાજન થાય છે તેને આ રીતે પણ સમજી શકાયઃ

માનો કે એક ખ્રિસ્તી કોઈ પાદરી પાસેથી બેપ્તિસ્મા લે છે તો તે ખ્રિસ્તી ધર્મ અને જિસસને સમર્પિત થાય છે. બેપ્તિસ્મા આપનાર પાદરીને સમર્પિત નથી થતો. જો તે પાદરીને સમર્પિત થતો હોત તો ખ્રિસ્તીધર્મ ટુકડે ટુકડા થઈ ગયો હોત.

આવી જ રીતે કોઈ મુસ્લિમ, ઇસ્લામને સમર્પિત થાય છે. કોઈ મૌલવી કે કોઈ 'મૌલાનાને સમર્પિત થતો નથી. આના કારણે', ઇસ્લામ સંગઠિત થાય છે. એકતા થાય છે.

જ્યારે આપણે ત્યાં વ્યક્તિ, સંપ્રદાય, પંથ, પરિવાર કે ગુરુને સમર્પિત થાય છે. સંપ્રદાય કે પરિવાર વગેરે વ્યક્તિ-કેન્દ્રિત હોય છે. અર્થાત્ કોઈ ને કોઈ વ્યક્તિ સુપરમૅન બનીને તેના કેન્દ્રમાં રહે છે. એટલે સંપ્રદાય કે પરિવારના માધ્યમથી વ્યક્તિ કે સમૂહ પેલી વ્યક્તિને સમર્પિત થાય છે. પેલી વ્યક્તિ પોતાની કેન્દ્રિત શક્તિને મજબૂત કરવા વ્યક્તિપૂજા કરાવે છે. અર્થાત્ પોતે જ સર્વોચ્ચ અને સર્વસ્વ છે, તેવું ઠસાવે છે. આ એક પ્રકારનું બ્રેઇનવૉશ છે. આવા માણસો તીવ્ર વ્યક્તિમોહી થઈને કટ્ટર અસહિષ્ણુ બની જતા હોય છે. પોતાનું કેન્દ્રીકરણ બરાબર સફળ થયા પછી પેલી વ્યક્તિ, વ્યક્તિપૂજા પછી વંશપૂજા ચલાવે છે. અર્થાત્ પોતાના સીધા કે આડકતરા વારસદારોને પોતાની જગ્યાએ ગોઠવી દે છે. આ વારસદારો થોડા જ સમયમાં સત્તા અને સંપત્તિ માટે પરસ્પરમાં લડવા લાગે છે અને પેટા વિભાજનો થાય છે. આ એક પ્રકારનું કુચક્ર હિન્દુપ્રજાને ફરી ફરીને વિભાજિત કરે છે.

આવી જ રીતે ગુરુપ્રથામાં પણ વ્યક્તિ ગુરુને સમર્પિત થાય છે. ગુરુ પોતાનું આગવું કૂંડાળું કરે છે. આવાં હજારો કૂંડાળાં પ્રજાનું વિભાજન તો કરાવે જ છે. સાથે સાથે પરસ્પરમાં વિદ્વેષ અને ખટપટો પણ કરાવે છે. કદાચ કોઈ ગુરુ શરૂશરૂમાં પરમાત્માની વાતો કરે છે પણ અંતે તો "ગુરુ એ જ પરમ પરમાત્મા"ની થિયરી ઠસાવીને પરમાત્માની જગ્યાએ પોતે બેસી જાય છે. અનુયાયીઓને ગુરુકેન્દ્રિત બનાવવામાં આવે છે. જેમાંથી અસંખ્ય વિભાજનો તો થાય જ છે. સાથે સાથે કેટલાક અનર્થો પણ થાય છે. અગાઉ નિર્દેશ કર્યા પ્રમાણે ચુસ્ત ગુરુભક્તિથી લાંબા દંડવત્ કરાવવા, પોતાની આરતી-પૂજા કરાવવી, પગ ધોઈને પિવડાવવા પોતાના એઠવાડને પ્રસાદ તરીકે ખવડાવવો અને સર્વસ્વ સમર્પણના ઉપદેશ દ્વારા બીજાં પણ કેટલાંય અનિષ્ટો ઊભાં થાય છે.

પ્રશ્ન એ છે કે ગુરુ કરાવવાની જરૂર શું છે? ગુરુ વિના મોક્ષ ના મળે તે વાત બરાબર નથી. એ મોક્ષ હોય તો પણ તે મોક્ષનો દાતા તો પરમાત્મા છે. તેમાં કોઈ સામાન્ય વ્યક્તિ જે પોતે જ મોહ-માયાના બંધનમાં ભરપૂર પડેલો છે તે કશું કરી શકે નહિ. હા, કોઈ સમર્થ વ્યક્તિ હોય તો બહુ બહુ તો રસ્તો બતાવી શકે. પણ રસ્તે ચલાવવાની જગ્યાએ પકડી લેવાનો આગ્રહપૂર્વકનો ઉપદેશ ન આપે. આવી વ્યવસ્થાથી મોક્ષ તો દૂર રહ્યો, માણસો ગુરુવાદના અંધકારમાં સપડાઈ જતાં હોય છે. નવાઈ તો જુઓ કે આવા અંધકારને પણ લોકો પ્રકાશ માનતા હોય છે. જે પ્રથાથી અનર્થો જ અનર્થો થતા હોય તે પ્રથાથી છૂટવું જોઈએ.

ખરી કઠિનાઈ એ છે કે હિન્દુ પ્રજા પાસે મુસ્લિમોના જેવો કોઈ એક અલ્લા નથી, ખ્રિસ્તી જેવો કોઈ એક ઈસુ નથી એટલે તેને એકકેન્દ્રી બનાવી શકાતી નથી. તેની પાસે હજારો ભગવાનો, હજારો અવતારો અને હજારો ગુરુઓ છે, જે પોતપોતાને કેન્દ્રસ્થાને મૂકીને નાના-મોટા વાડાઓ કરીને વિભાજન કરાવે છે.

જ્યારે કોઈ સંપ્રદાય, પંથ, પરિવાર કે ગુરુ ખૂબ શક્તિશાળી બનીને જાહોજલાલીએ પહોંચે છે ત્યારે તે મોટો વિભાજક બનીને પ્રજાને મોટી દુર્બળતા આપે છે. તેની પ્રબળતા પ્રજાની દુર્બળતાના ભોગે થતી હોય છે. આ રીતે "વિભાજકો પૂજ્ય થઈને પૂજાવા લાગે છે." આ તો પ્રજાને દુર્બળ બનાવવાનું સીધું કુચક્ર છે. પ્રજાની આ બધાં કુચક્રોથી મુક્ત કરવી એ પ્રજાને બળવાન બનાવવાનું પહેલું પગથિયું છે.

જે લોકો ધંધા-હુન્નર-ઉદ્યોગ અને જ્ઞાન-વિજ્ઞાન શીખવા માટે કોઈ શિક્ષક, ઉસ્તાદ કે ગુરુને સ્વીકારે છે, તે યોગ્ય જ છે. તેનો વિરોધ નથી. વિરોધમાત્ર ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં કાન ફૂંકનારા, કે બીજી રીતે ગુરુ થઈને વિભાજન કરનારાનો છે.

## બહુગુરુવાદ

ગુરુપ્રથાની વિકૃતિથી હિન્દુપ્રજાને પારાવાર નુકસાન થઈ રહ્યું છે, તે આપણે જાણ્યું. જો વિકૃતિને દૂર કરીને ફરી પાછી આપણે સાચી ગુરુપ્રથા શરૂ કરવી હોય તો પ્રાચીનકાળ તરફ પાછા વળવું જોઈએ. પ્રાચીનકાળમાં ગુરુપ્રથામાત્ર જ્ઞાનપ્રાપ્તિ માટે હતી એ સારું હતું. જ્ઞાનપ્રાપ્તિ માત્ર એક જ ગુરુથી થઈ જતી નથી હોતી. વિષયભેદ અને કક્ષાભેદથી અનેક ગુરુજનો પાસેથી જ્ઞાનપ્રાપ્તિ થતી હોય છે. એક

વિદ્યાર્થી પ્રાથમિક શાળામાં ભણે છે ત્યારે તેની કક્ષા પ્રમાણેના તેના ગુરુ હોય છે. તેનો વિષય પણ સામાન્ય અને સરળ હોય છે. પછી જેમ જેમ એ વિદ્યાર્થી ઉપરની કક્ષાઓમાં જવા લાગે છે તેમતેમ તેની જ્ઞાન માટેની અપેક્ષા બદલાય છે, એટલે તેના ગુરુ બદલાય છે. આ એક સતત પ્રક્રિયા છે. કૉલેજ કે યુનિવર્સિટી સુધીમાં તેણે કેટલાય ગુરુઓ બદલવા પડે છે. જો તે હઠ કરે કે પ્રાથમિક શાળાનો એકડો ઘૂંટાડનારા ગુરુ જ એકમાત્ર ગુરુ રહે – તો તે વિકાસ ન કરી શકે. તે સ્થગિત થઈ જાય.

વિકૃત ગુરુપ્રથાએ આવું જ કર્યું છે. કોઈ ભલોભોળો માણસ કોઈ ચાલુ ગુરુને ગુરુ કરે એટલે પેલો તરત જ તેને વાડામાં પૂરી દે. બીજા જ્ઞાનીપુરુષો સાથેનો સંપર્ક બંધ કરાવી દે જેથી પેલાનો જ્ઞાનવિકાસ થાય જ નહિ. આ વિકૃત ગુરુપ્રથાનો ત્યાગ થવો જોઈએ. દત્તાત્રેયની માફક જ્ઞાનપ્રાપ્તિ માટે જિજ્ઞાસુએ અનેક ગુરુઓ કરવા જોઈએ. મધમાખીની માફક જ્યાંથી જે જ્ઞાન મળે તે પ્રાપ્ત કરી લેવું જોઈએ. પ્રત્યેક જ્ઞાનદાતા ગુરુ જ છે તેવું માનીને સૌના પ્રત્યે ગુરુભાવ – પૂજ્યભાવ રાખવો જોઈએ. આમ કરવાથી એક તો ખોટી વાડાબંધીઓ સમાપ્ત થઈ જશે, બીજી તરફ સંકુચિત મસ્તિષ્કનું નિર્માણ કરનારા વિકૃત ગુરુઓ સમાપ્ત થશે. પ્રજાનું વિભાજન અટકશે. સાચા જ્ઞાની પુરુષોની મહત્તા વધશે. પ્રજા સાચી દિશા તરફ ચાલનારી થઈને બળવાન થશે. એટલે જરૂર છે બહુગુરુવાદની. આ બહુગુરુવાદમાં કાન ફૂંકાવાની કે કંઠીઓ બાંધવાની જરૂર નથી. માત્ર જ્ઞાનની જ અપેક્ષા હોવાથી જ્ઞાનની જ સર્વોચ્ચતા રહેશે.

જેમ સુકાઈ ગયેલાં પાંદડાં આપોઆપ ખરી પડતાં હોય છે, તેમ વાડાબંધી કરનારા વિકૃત ગુરુવાદના ગુરુઓ સમયની સાથે આપોઆપ ખરી પડવાના. તેની જગ્યાએ વાડાબંધીથી મુક્ત રહેનારા અને રાખનારા સાચા જ્ઞાની ગુરુજનોનો ઉદય થશે. સારા જ્ઞાનીગુરુ હોય તોપણ બહુગુરુ કરવા જોઈએ, કારણ કે જ્ઞાન અનંત છે, જે એક વ્યક્તિ પાસે હોતું નથી. એથી પ્રજાનું જ્ઞાન અને એકતા વધશે. આ રીતે પ્રજા બળવાન બનીને પોતાનું ભવિષ્ય સુધારશે.

**13-7-04**

# 6. બળવાન શરીર

શરીરની મુખ્ય ત્રણ શક્તિઓ છે. 1. સ્નાયુઓ, 2. બુદ્ધિ અને 3. લાગણીઓ. આ ત્રણેનું જીવનમાં યથાયોગ્ય સંતુલન અને સામંજસ્ય હોય તો જીવન ધન્ય અને સફળ થઈ શકે. પણ આ ત્રણેમાં જો સંતુલન ન હોય તો જીવન અસફલ અને ભારરૂપ થઈ જાય. જીવનસાધનામાં આ ત્રણેની યથાયોગ્ય પ્રાપ્તિ અને તેનો યથાયોગ્ય વિનિમય કરવો જરૂરી છે. કેટલીક વાર એવું બને કે આ ત્રણેમાંથી કોઈને એક કે બે વસ્તુઓ તો ભરપૂર મળી છે, પણ એક બે કે ત્રણ બરાબર નથી મળી, તો તેનું જીવન પૂરી સફળતા પ્રાપ્ત નહિ કરી શકે. માનો કે કોઈને સ્નાયુશક્તિ તો ઘણી પ્રાપ્ત થઈ છે. તે મોટો પહેલવાન છે. તેની છાતી અને બાવડાં જોતા જ રહી જવાય તેવાં છે. પણ તેની પાસે લાગણીઓ નથી. તે લાગણીહીન છે અને બુદ્ધિહીન પણ છે. આવો માણસ રોબોટથી કાંઈ વધારે નથી. એક ક્રેન કે જી.સી.બી. પણ ભારેમાં ભારે કામ કરી બતાવે છે. તેમાં અને આમાં કશો ફરક નથી.

એક બીજો માણસ છે, જેનામાં લાગણીઓ અને બુદ્ધિ તો બહુ છે, પણ તેની પાસે સ્નાયુબળ નથી. તે હાડપિંજર છે. આવો માણસ મળેલા સુખને ભોગવી શકતો નથી. તેની પાસે ઘી તો છે, પણ તે પચાવી શકતો નથી. એટલે તેના ઘીનો ઉપયોગ તેના નોકર-ચાકરો કરે છે. જ્યારે તેને ખબર પડે છે કે મારા પોતાના પ્રાપ્ત થયેલા ભોગોને હું ભોગવી શકતો નથી. તેના જડભોગો તો ભોગવ્યા વિનાના નિષ્ક્રિય થઈને પડ્યા રહે છે, પણ ચેતનભોગોને લાંબો સમય ભોગહીન રાખી શકાતા નથી. તે આપોઆપ પોતાના ભોજ્યને કે ભોગીને શોધી કાઢે છે, તેમાં પણ કડક અને કઠોર નિયમોમાં રહેનારા ચેતનભોગો તો જે નજીકમાં હોય, જે સરળ – સહજ હોય નિમ્નાતિનિમ્ન હોય તેને સ્વીકારી લે છે. પછી બન્ને વચ્ચેનું સ્તર ભલે ગમે તેટલું જુદું અને વિપરીત કેમ ન હોય. આ બધું જાણીને પેલા સક્ષમ, જીવતા હાડપિંજરને પારાવાર દુઃખ થાય છે. જીવનની સફળતા અને ધન્યતા પ્રાપ્ત કરવા માટે તેની પાસે ઘણું હોવા છતાં એક બહુ મોટી વસ્તુ ખૂટે છે – સ્નાયુઓ, બળવાન અને નીરોગી શરીર. એ જીવનની પ્રથમ વાસ્તવિકતા છે. જે લોકો શરીરદ્રોહપૂર્વકના આત્મવાદીઓ છે તેઓ જીવનને નષ્ટ કરી દેનારા, જીવનને ગૂંગળાવનારા, ઊંધા માર્ગે ચાલનારા બનીને જીવનને ગુમાવી બેસતા હોય છે. આ લોકો જીવનદ્રોહને વૈરાગ્ય માની તેનું ગૌરવ લે છે.

નીરોગી અને બળવાન શરીર જીવનની સર્વોચ્ચ પ્રાપ્તિ છે. તેની પ્રાપ્તિ બે રીતે થાય છેઃ માતા-પિતાના દ્વારા, આહાર-વિહાર અને વ્યાયામના દ્વારા.

જે લોકો દૂબળાં-પાતળાં, રોગી અને કુરૂપ હોય તેમણે બને ત્યાં સુધી લગ્ન ન કરવાં જોઈએ. તેમના લગ્નનો અર્થ છે, આવનારી પેઢીને વિકૃત પ્રજા આપવી. જો પશુ-પક્ષીઓનો વંશ સુધારવાની ઝુંબેશ ચલાવાતી હોય તો માણસના વંશને સુધારી ન શકાય તો કદાચ ચલાવી લેવાય પણ બગાડવાની પ્રક્રિયા તો અટકાવવી જ જોઈએ. ઘણાંને આ વિચાર વ્યાવહારિક નહિ લાગે પણ યાદ રહે, પ્રત્યેક ક્રાન્તિ પહેલાં અવ્યાવહારિક જ દેખાતી હોય છે, પછી ક્રમે ક્રમે તે વ્યાવહારિક બનતી હોય છે. પ્રાચીન કાળમાં કદાચ આવી પ્રક્રિયાને “નરમેધ યજ્ઞ” કહેવાતો હશે! માણસોનો વંશ સુધારવાથી માણસો સુધરતાં હોય છે. માત્ર ઉપદેશોથી નહિ. માણસોમાં આનુવંશિકતાના ગુણો તેના સ્વભાવને અને પૂરા વ્યક્તિત્વને મહત્ત્વનું પ્રદાન કરતા હોય છે. જો વિશ્વને સુધારવું હોય તો માણસને સુધારવો પડશે. પશુ-પક્ષીઓની માફક તેનો પણ વંશ સુધારવો જરૂરી છે. ભવિષ્યના વિશ્વને ઉત્તમ બનાવવા માટે આ ક્રાન્તિ જરૂરી છે. જેમ કેટલાક રોગોવાળાં માણસોનો આગળ વંશ ચલાવવો હિતાવહ નથી હોતો તેવી જ રીતે અમુક વ્યક્તિત્વની પરંપરાને પણ ટાળવી જોઈએ. આ બધું માણસની તીવ્ર ભાવુકતા સાથે જોડાયેલું છે. કોણ એવો માણસ હશે જે પોતાની પરંપરાને પરિવર્તિત કરવા તૈયાર થાય? પોતે ગમે તેવો અયોગ્ય હોય તો પણ પ્રત્યેકને પોતાની જ પરંપરા ચાલુ રાખવાની ઇચ્છા હોય તે સ્વાભાવિક છે. આ રીતે આ વિચારોને મૂર્ત રૂપ આપવું અત્યંત કઠિન કામ છે. હાલ તુરત તો એટલું કામ તો કરી શકાય કે સારી પરંપરાઓને વધુ વિસ્તરવા દેવાય અને હલકી કે વિશ્વને હેરાન કરનારી પરંપરાઓને સંકુચિત કરવામાં આવે. જો આવું ન કરી શકાય અને ઉત્તમ પરંપરાઓ દિન-પ્રતિદિન સંકુચિત થતી જાય અને હાનિકર પરંપરાઓ વધુ ને વધુ વિસ્તરતી જાય તો ભવિષ્યના વિશ્વના અંધકારને રોકી શકાશે નહિ.

મારે હમણાં બે જ મહિના ઉપર ન્યુઝીલૅન્ડ જવાનું થયેલું. ત્યાં વારંવાર કહેવામાં આવ્યું કે અહીં ક્રાઈમ રેશિયો ઝીરો છે. અર્થાત્ અહીં અપરાધો થતા જ નથી, તેમાં પણ બળાત્કારો તો થતા જ નથી. આપણે વિચારવું જોઈએ કે ત્યાં આવું કેમ થતું હશે! આપણે ત્યાં કોઈ દિવસનું સમાચારપત્ર એવું નહિ હોય કે જે દિવસે એકાદ બળાત્કારના સમાચાર ન આવ્યા હોય. ભવ્ય સંસ્કૃતિની સાથે આટલા બધા બળાત્કારો કેમ ચાલતા હશે? તેમાં પણ બે-પાંચ વર્ષની બાળકીથી લઈને સમૂહમાં થયેલા બળાત્કારો આપણું માથું ઝુકાવી દે છે. ન્યુઝીલૅન્ડ જેવા દેશોમાં અપરાધો તદ્દન ઓછા થવામાં બીજાં કારણોની સાથે પ્રજાની ઉત્તમ આનુવંશિકતા પણ કારણ છે. બાકી કાયદા તો આપણે ત્યાં પણ કાંઈ ઓછા નથી.

જો વિશ્વને સુધારવું હોય તો પ્રજાના આનુવંશિક સ્વરૂપને સુધારવું પડશે. પ્રજાના સ્વરૂપને સુધારવામાં ધર્મ, કાયદો અને સમાજવ્યવસ્થા પોતાનો ભાગ ભજવી શકે છે. પણ તે સંપૂર્ણ નહિ. પ્રજાને ઉત્તમ બનાવવામાં તો સૌથી મોટું કારણ તેની ઉત્તમ આનુવંશિકતા જ છે. જેમ અલ્સેશિયન કૂતરાની આનુવંશિકતામાં વગર ઉપદેશે પણ સહજ ઉત્તમતા આવે છે અને સામાન્ય રખડતાં કૂતરાંમાં ઘણા પ્રયત્નો કરીને પણ જોઈએ તેવાં પરિણામો લાવી શકાતાં નથી તેમ. એટલે સંતાનોને આરોગ્યવાન બળવાન અને ઉત્તમ બનાવવાં હોય તો માતા-પિતા અને વંશમાં નીરોગિતા અને બળવાનપણું જરૂરી છે.

પૂરી પ્રજાને – સંતાનોને – આરોગ્યસહિત બળવાન બનાવવામાં બીજું ઘટક છે, યોગ્ય આહાર-વિહાર. જે પ્રજાને પૂરો અને પોષણક્ષમ આહાર ન મળતો હોય તે કદી નીરોગી અને બળવાન ન થઈ શકે. ઘોર ગરીબીના કારણે જે પેટ ભરીને જમી શકતાં નથી અથવા જે લુખ્ખો-સૂકો, વાસી અને પોષણ વિનાનો આહાર કરે છે તે નીરોગી અને બળવાન ન થઈ શકે. ગરીબી પરમેશ્વર નથી આપતો કે પૂર્વના કર્મે નથી આવતી, પણ અર્થતંત્રના ખોટા સિદ્ધાંતો અને આચરણોથી આવે છે. રાજશાસન પ્રજાને સમૃદ્ધ અને ગરીબ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અમેરિકાની પ્રજા સમૃદ્ધ બને અને રશિયાની પ્રજા ગરીબ બને તેવાં કેટલાંય પ્રત્યક્ષ ઉદાહરણો છે.

રાજશાસન જો વ્યાપાર-ઉદ્યોગ-ધંધાઓનું સરકારીકરણ કરે તો પ્રજા ગરીબ થઈ જાય. રાજશાસન જો પ્રજાની બૌદ્ધિકતાને સીમિત કરી નાખે તો પણ પ્રજા ગરીબ થઈ જાય. રાજશાસન જો વિજ્ઞાન અને યંત્રોનો વિરોધ કરી જૂનું – ચીલાચાલુ, વિકાસ વિનાનું જીવન જીવવાનું માન્ય રાખે તોપણ પ્રજા ગરીબ થઈ જાય. કારણ, જેમ જેમ પ્રજાની જરૂરિયાતો ઓછી થતી જાય તેમ તેમ બજારમાંથી વસ્તુઓ ઓછી વેચાય. ઓછું વેચાણ ઓછા ઉત્પાદનને જન્મ આપે. ઓછું ઉત્પાદન રોજગારીને ઓછી અને સસ્તી કરી નાખે. બસ, આ ગરીબાઈનું એક મહત્ત્વનું કારણ બની જાય. આ રીતે ગરીબાઈ રાજશાસનના ખોટા અર્થતંત્રથી આવતી હોય છે. એક બીજો મુદ્દો પણ ધ્યાનમાં રાખવા જેવો છે. ગરીબાઈની સાથે ઊંચો જન્મદર હમેશાં જોડાયેલો રહે છે. જેમ જેમ ગરીબાઈનું ક્ષેત્ર મોટું થતું જાય તેમ તેમ બાળકોની સંખ્યા પણ વધુ થવા લાગે. જે માતાને પોતાને જ પૂરતો આહાર નથી મળતો તે બાળકોને શું ધવડાવશે? પ્રજાને ગરીબીથી મુક્ત કરવી હોય તો કઠોરતાથી જન્મદર ઘટાડવો જ પડે. ખાસ કરીને જે લોકો પાસે બાળકોને રહેવા-ખાવાની વ્યવસ્થા ન હોય તેમના માટે સંતાનોત્પત્તિને જરૂર સીમિત કરી દેવી જોઈએ. ખરેખર તો શ્રીમંતો અને સક્ષમ લોકોએ વધુ સંતાનો પેદા કરવાં જોઈએ જ્યારે તન અને ધનથી અસમર્થ લોકોએ ઓછામાં ઓછાં બાળકો પેદા કરવાં જોઈએ.

પ્રજાને ગરીબ બનાવવામાં રાજશાસનની સાથે ઘણી વાર ધર્મ પણ ભાગ ભજવે છે. કોઈ પણ ધર્મનું મૂલ્યાંકન કરતી વખતે આટલી બાબતો જરૂર જોવી જોઈએ. 1. તે ધર્મ પાળનારી પ્રજા વિશ્વની પ્રજાની ટકાવારીમાં સમૃદ્ધિ કે ગરીબીમાં ક્યાં છે? 2. વિશ્વની પ્રજાની ટકાવારીમાં તેના શિક્ષણનું પ્રમાણ ક્યાં અને કેટલું છે? 3. વિશ્વની પ્રજાની ટકાવારીમાં તેનું અપરાધ-પ્રમાણ ક્યાં – કેટલું છે? જો પ્રજા એવો ધર્મ પાળતી હોય જેમાં ગરીબો ઘણા હોય, નિરક્ષર ઘણા હોય, અપરાધીઓ ઘણા હોય તો, ધર્મ પોતે પણ પ્રજાની દુર્દશા કરવામાં કારણ હોવો જોઈએ. આવી પ્રજાએ પોતાની જાતને પ્રશ્ન પૂછવાનો કે ધર્મે તેને શું આપ્યું? જો તેની પાસે વિશ્વનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે તો પછી તે ગરીબ કેમ છે? નિરક્ષર કેમ છે? અપરાધી કેમ છે? પ્રજાના સામૂહિક જીવનમાં ધર્મની શ્રેષ્ઠ અસરો કઈ કઈ છે – જેનાથી તે ધર્મ પાળનાર બીજા લોકોમાં માન-સન્માન મેળવી શકે? ઘણી વાર એવું પણ દેખાય છે કે ગરીબીની સાથે ચુસ્ત કટ્ટર સંપ્રદાયવાદ ભળે છે તો પ્રજા ઝઘડાખોર, કજિયારી બની જાય છે. વાતવાતમાં લડી પડનારી પ્રજા આપોઆપ અળખી અને ઘૃણાસ્પદ બની જાય છે. તેના દુર્ગુણો

તેને વધુ ગરીબ બનાવે છે. કારણ કે તેની રોજીની તકો ઝઘડાખોરીથી ઘટી જાય છે. તેની બેકારી તેને વધુ ને વધુ અપરાધી જીવન જીવવા મજબૂર બનાવે છે. એટલે ધર્મના દ્વારા પણ પ્રજા ગરીબ થતી હોય છે.

કેટલાક ધર્મો, અતિસંતોષી, પ્રારબ્ધવાદી, પુરુષાર્થવિરોધી, વિકાસવિરોધી ઉપદેશો આપનારા હોય છે. આવા ધર્મો પણ પ્રજાને દરિદ્ર બનાવે છે. જે ધર્મો, પુરુષાર્થવાદી નથી હોતા, અને વધુ ને વધુ પરોપજીવી જીવન જીવનારા લોકો પેદા કરે છે – આવા પરોપજીવી જીવનને ત્યાગીજીવન સમજીને તેને પૂજ્ય માનતા થઈ જાય છે – તેઓ પણ પ્રજાને ગરીબ બનાવવાના કાર્યમાં લાગેલા છે. યથાસંભવ વધુ ને વધુ ઉત્પાદક વર્ગ હોય અને અનુત્પાદક વર્ગ થોડો જ હોય તે પ્રજા જ સમૃદ્ધ થતી હોય છે.

જે ધર્મો, પ્રજાને વધુ ને વધુ કઠોર ઉપવાસો કરાવે તે પણ પ્રજાને રોગી અને દુર્બળ બનાવે છે. શરીર એક કુદરતી યંત્ર છે, તેને સમયસર યથાયોગ્ય આહાર-વિહાર જોઈએ જ. આ કુદરતી પ્રક્રિયા છે. તેની જગ્યાએ તેને સતત આહાર-વિહાર વિનાનું રાખવામાં આવે તો તેના રસ-કસ શોષાવા લાગે છે, તેનાં અંગો ક્ષમતા ગુમાવવા લાગે છે. આ અકુદરતી પ્રક્રિયાથી તેનું હિમોગ્લોબિન ઘટી જાય છે, જેનાથી કેટલાય રોગોની સાથે નિસ્તેજતા અને ફિક્કાપણું પ્રગટે છે. આ માનવસર્જિત દુર્બળતા અને રોગીપણું છે. આ બધા સુખદ્રોહી અને દેહદુશ્મનો છે, જે પોતાની મેળે જ પોતાને હાનિ પહોંચાડીને જીવન બરબાદ કરી રહ્યા છે. જો તમારે પ્રજાને નીરોગી અને બળવાન બનાવવી હોય તો આવી અકુદરતી જીવનવ્યવસ્થાથી મુક્ત થવું જ જોઈએ. જીવનમાં આહારને યથાયોગ્ય સ્થાન મળવું જ જોઈએ. આવી રીતે વિહારને (કામવાસનાને) પણ યથાયોગ્ય સ્થાન મળવું જોઈએ. આહારનો અત્યંત નિગ્રહ જેમ પ્રજાને રોગી તથા દુર્બળ બનાવે છે તેમ વિહાર (કામ)નો પણ અતિનિગ્રહ પ્રજાના આરોગ્યનો નાશ કરે છે. આ બન્નેના અતિરેકમાં રાચનારી પ્રજા આપોઆપ નિસ્તેજ, બળહીન અને રોગી થઈ જતી હોય છે. જીવનમાં જરૂર છે યથાયોગ્ય માત્રામાં આહાર-વિહાર-બન્નેના સમન્વયની અને સ્વીકારની.

આવી જ રીતે અતિઆહાર અને અતિવિહાર કરનારા પણ નીરોગી અને બળવાન થઈ શકતા નથી. બન્ને તરફના 'અતિ'ને ત્યાગીને મધ્યમમાર્ગ – સંયમમાર્ગ જ ઉત્તમ છે. એ કુદરતસહજ અને કલ્યાણકારી છે. એક સૂત્ર યાદ રાખવું જોઈએઃ "નિગ્રહ નહિ, સંયમ" "અતિરેક નહિ પણ મધ્યમ." આહાર-વિહાર બન્નેમાં આવી મધ્યમતા પ્રજાને નીરોગી અને બળવાન બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

જે લોકો કશો વ્યાયામ નથી કરતા પણ બેઠાડુ જીવન જીવે છે તે પણ નીરોગી અને બળવાન થઈ શકતા નથી. જે લોકો સમૃદ્ધ તો છે, પણ શ્રમ વિનાનું બેઠાડુ જીવન જીવે છે, એટલું જ નહિ, બેઠાડુ જીવન હોવા છતાં ભારે પદાર્થો ખા-ખા કરે છે, તે તેમને પચતા નથી. એટલે શરીર ઉપર મેદના થર જામે છે. મોટી ફાંદ અને ગોદડા જેવી ચરબી ભરેલાં શરીરો તેની પ્રત્યક્ષ અને સ્પષ્ટ નિશાની છે. આવા લોકો અપાચ્ય ભોગોના શિકાર બને છે. તે રોગી અને દુર્બળ થઈ જાય છે. મેં ન્યુઝીલૅન્ડમાં હજારો યુવક-યુવતીઓ અને પ્રૌઢોને નિયમિત દોડતાં જોયાં છે. તેમનું શરીરસૌષ્ઠવ જોતા જ રહી જવાય તેવું જોયું છે. ઉત્તમ આહારની સાથે આ ઉત્તમ વ્યાયામનું પરિણામ છે. આપણે ત્યાં એક તરફ કલાકો સુધી કાળી મજૂરી કરનારો વર્ગ છે, જેના ગાલ બેસી ગયા છે, કારણ કે મજૂરીના પ્રમાણમાં તેને આહાર મળતો નથી, તો બીજી તરફ નિષ્ક્રિય બેઠાડુ જીવન જીવનારો મોટી મોટી ફાંદોવાળો વર્ગ છે જે આહારના પ્રમાણમાં શ્રમ કરતો નથી. આ બન્ને વિસંવાદી છે.

રાજવ્યવસ્થા એવી હોવી જોઈએ કે બાકી બધું ભલે મોંઘું હોય પણ ખાદ્ય વસ્તુઓ તદ્દન સસ્તી હોય. ખાદ્ય વસ્તુઓનું ઉત્પાદન એટલા મોટા પ્રમાણમાં થતું હોવું જોઈએ કે તેની કમી ન રહે. આ શક્ય છે. જો ખાદ્ય વસ્તુઓનું ભરપૂર ઉત્પાદન નહિ થઈ શકે તો ખાદ્ય વસ્તુઓને સસ્તી બનાવી શકાશે નહિ. ખાદ્ય વસ્તુઓના ક્ષેત્રમાં ધર્મો પણ મહત્ત્વનું પ્રદાન કરી શકે છે. જે ધર્મો, પૌષ્ટિક અને બળવાન વીર્યવાન બનાવનાર પદાર્થોને નિષિદ્ધ ગણીને પ્રજાને તેવા ભોજનથી રોકે છે, તે પ્રજાને દુર્બળ અને અક્ષમ બનાવવાનું કામ કરે છે. આવી અક્ષમતા નથી તો તેને જીવન માણવા દેતી કે નથી પૌરુષયુક્ત પ્રભાવ ઉત્પન્ન કરવા દેતી. શારીરિક રીતે માયકાંગલી પ્રજા, બુદ્ધિ અને ધનથી ગમે તેટલી સમૃદ્ધ હોય તોપણ તે અધૂરી છે. આ અધૂરાપણું ધર્મસર્જિત કે સ્વસર્જિત હશે તો સતત દબાયેલા રહેવું અથવા

રક્ષણાત્મક જીવન જીવવું એ તેનું જીવનદર્શન બની જશે. આવું દર્શન પ્રજાના સમૂહને કાયરતા આપે છે.

વીરતા વિનાની કાયર પ્રજા સ્વતંત્રતા ભોગવી શકે નહિ. એટલે કાયરતા એ અંતે તો ગુલામીની પૂર્વસખી જ સમજવાની. જરૂર છે, પૂરતા વ્યાયામની, સાહસ ભરેલી રમતોની અને શ્રમયુક્ત જીવનની. દુર્ભાગ્ય તો જુઓ કે આપણો પ્રતિષ્ઠિત વર્ગ રમતો રમી શકતો નથી. એક કાલ્પનિક પ્રતિષ્ઠાના કારણે તે નથી રમતો રમી શકતો, નથી સાહસ કરી શકતો કે નથી નૃત્ય-ગાન પણ કરી શકતો. તે લોંદા જેવો ઢગલો વળીને બેસી રહે છે અને તેના ચહેરાની ગંભીરતા એટલી બધી છે કે જ્યારે તેની આંખો પટપટે છે, ત્યારે જ ખબર પડે છે કે તે કોઈ જીવિત માણસ છે. સમાજના પ્રત્યેક સ્તરના અને પ્રત્યેક ઉંમરના માણસને આહાર-વિહાર, વ્યાયામ અને ઉત્તમ આનુવંશિકતાથી યુક્ત કરો તો રાષ્ટ્રને નીરોગી અને બળવાન બનાવી શકાય.

**10-4-04**

# 7. ઉત્તમ બુદ્ધિ

શરીરની બીજી શક્તિનું નામ બુદ્ધિ છે. સ્નાયુઓ તો પૂરા શરીરમાં – નખથી શિખ સુધી રહે છે, પણ બુદ્ધિ માત્ર મસ્તિષ્કમાં જ રહે છે. પરમેશ્વરે મસ્તિષ્કની રચના એટલી બધી અદ્‌ભુત કરી છે કે હજી પણ તેને પૂરેપૂરું સમજી શકાયું નથી. તે એટલું બધું નાજુક છે કે જરા જેટલા ધક્કા કે ટકોરાથી પણ તેમાં અવ્યવસ્થા થઈ શકે છે, એટલે તેના રક્ષણ માટે પ્રભુએ બળવાન ખોપરીનું કવચ ઉપર જ મૂકી દીધું છે. જેમ બધાનું સ્નાયુબળ એકસરખું નથી હોતું તેમ માથાનું બુદ્ધિબળ પણ એક સરખું નથી હોતું. કોઈમાં અમાપ બુદ્ધિ હોય છે તો કોઈમાં ઘણી થોડી બુદ્ધિ હોય છે. જેમ આનુવંશિકતાથી ઉત્તમ શરીર મળતું હોય છે, તેમ ઉત્તમ બુદ્ધિ પણ આનુવંશિકતાથી મળતી હોય છે. જેમ વ્યાયામ વગેરે કરવાથી શરીરને વધુ પ્રભાવશાળી બનાવી શકાય છે તેમ શિક્ષણ – અભ્યાસ વગેરે કરવાથી બુદ્ધિને પણ વધુ પ્રભાવશાળી બનાવી શકાય છે. શરીર અને બુદ્ધિ બન્નેમાં પુરુષાર્થથી ઉત્તમતા લાવી શકાય છે, પણ તે મૂળરૂપમાં પ્રાપ્ત થયેલી વસ્તુના આધારે જ થઈ શકે છે. જો મૂળ સ્વરૂપમાં જ ઉત્તમ શરીર અને ઉત્તમ બુદ્ધિ પ્રાપ્ત ન થઈ હોય તો પુરુષાર્થનાં પરિણામ સીમિત રહી જાય છે.

પ્રતિભા ઈશ્વરપ્રદત્ત હોય છે, પુરુષાર્થપ્રદત્ત નથી હોતી. ગમે તેટલો પુરુષાર્થ કરીને પણ કોઈ મૂરખ માણસને શેક્સપિયર કે કાલિદાસ બનાવી શકાય નહિ. ઈશ્વરપ્રદત્ત પ્રતિભાને જો શિક્ષણ અને અભ્યાસ સાથે જોડવામાં આવે તો તેનો વધુ નિખાર આવે છે. એટલે પ્રજાના બૌદ્ધિક સ્તરને ઊંચો ઉપાડવો હોય તો શિક્ષણનું પ્રમાણ વધારવું જોઈએ. આ રાષ્ટ્રિય અને સામાજિક કર્તવ્ય છે. પણ જો પ્રતિભાના સ્તરને ઊંચો કરવો હોય તો રાષ્ટ્રભરમાંથી પ્રતિભાને શોધી શોધીને તેને મહત્ત્વ આપવું જોઈએ. એવી વ્યવસ્થા ન હોવી જોઈએ કે પ્રતિભાને ઠોકરો વાગે અને જડતા શિખર ઉપર આરૂઢ થઈ જાય. જો જડતા શિખર ઉપર બેસી જશે અને પ્રતિભા પગ નીચે ચગદાશે તો રાષ્ટ્રનો વિનાશ થઈ જશે. પ્રતિભા-પૂજકોનો જ જયજયકાર થતો હોય છે. જડતાપૂજકોનો હ્રાસ અને પછી વિનાશ થતો હોય છે. શિખર ઉપર બેઠેલી જડતા, જડ નિર્ણયો કરશે, જેના કારણે રાષ્ટ્રનો વિનાશ થવા લાગશે. એટલે પૂરી પ્રજાને પ્રતિભાપૂજક બનાવવી જોઈએ.

બુદ્ધિની પ્રવૃત્તિ, દર્શનને આધીન હોય છે. દર્શન એટલે પૂરા સમૂહ માટે નિશ્ચિત થયેલા સિદ્ધાંતો. આ દર્શન દિશા નક્કી કરે છે. જે દિશા નક્કી થાય તે દિશા તરફ પ્રજાનો સમૂહ પ્રયાણ કરે છે, અને તેનાં સારાં-ખોટાં પરિણામો ભોગવે છે. દર્શનનું નિર્માણ પ્રતિભાના દ્વારા થતું હોય છે. તે તે સમાજના શિખર ઉપર આરૂઢ થયેલી પ્રતિભા દર્શનનું નિર્માણ કરે છે. જો તે દર્શનકારો ધાર્મિક હશે તો દર્શનના દ્વારા ધર્મની દિશા નિર્ધારિત થશે. પણ જો તે ધાર્મિક નહિ હોય અને આદર્શહીન હશે તો તેવા દર્શનની દિશા સહજ રીતે સ્વાર્થ અને અતિભોગો તરફ વળશે. જેમ કે ચાર્વાકે જીવનની દિશા બતાવી કે દેવું કરીને પણ ઘી પીઓ. અર્થાત્ ઉત્તમ ભોજન કરો. તેણે એમ ન કહ્યું કે ભૂખ્યા રહીને પણ દેવું ચૂકવી દો. તેની પ્રાથમિકતા છે ભોગો પ્રાપ્ત કરી લેવા અને ભોગવી લેવા. પછી ભલેને દેવું જ કેમ ના કરવું પડે. પણ વાત દેવાથી અટકવાની નથી. કોઈ દેવું ન આપે તો? કારણ કે ક્રેડિટ વિના દેવું ન મળે. એટલે આપોઆપ સમાધાન મળે કે પડાવી લો. તેવું કરવાનો તમને હક્ક છે, કારણ કે તે સંગ્રહખોર છે, શોષણખોર છે. બુદ્ધિ, પોતાને ગમતું દર્શન બનાવવાને કામે લાગી ગઈ:

"પણ કોઈનું પડાવી લેવું એ તો પાપ છે." "ના, ના, પાપ-બાપ કશું નથી. આ તો પેલા પુરોહિતોએ પોતાના ભોગોની સલામતી માટે લોકોને ડરાવવા માટે પાપનો હાઉ ઊભો કર્યો છે. ખરેખર તો પાપ જેવી કોઈ વસ્તુ જ નથી."

"જો તેવું જ હોય તો પૈસાની માફક કોઈની રૂપાળી પત્ની આપણને ગમી જાય તો તે પણ પડાવી લેવામાં કશો વાંધો ન આવે ને?"

"પોતાની સલામતીને વાંધો ન આવતો હોય તો તેવું પણ કરી શકાય. પ્રાચીનકાળમાં પરાજિત પ્રજાની સ્ત્રીઓને વિજેતાઓ ગુલામ બનાવીને લઈ જ જતા અને તેમને ભોગવતા હતા. ઉપર કોઈ નરક બરક છે નહિ, જે છે તે અહીં જ છે, એટલે પાપ અને પાપનાં ફળનો

ડર કપોલકલ્પિત છે." નાસ્તિક ઉવાચ.

"જો આવું જ હોય તો આ તો જંગલન્યાય થઈ જાય. મારે તેની તલવાર થઈ જાય. કોઈ સલામત ન રહે. તમે પણ સલામત ન રહી શકો. કારણ કે તમારા કરતાં પણ વધુ બળવાન લોકો પેદા થવાના જ છે, તે તમારા જ દર્શન પ્રમાણેનો વ્યવહાર કરીને તમારું સર્વસ્વ પડાવી લેશે. આ રીતે તો અંધાધૂંધી ફેલાઈ જાય."

"હા, પણ તેને રોકવા માટે સરકાર કાયદો કરે છે ને! રાજસત્તા આવી અંધાધૂંધીને રોકવાનું કામ કરતી હોય છે."

"પણ રાજસત્તા તો ફરિયાદના આધારે આવી પ્રવૃત્તિને રોકવાનું કામ કરે, જો ફરિયાદ જ ન હોય અને સ્વીકૃતિ જ હોય તો તેને કોણ રોકી શકે?"

"તમે શું કહેવા માગો છો?"

"માનો કે પરસ્ત્રી અને પરપુરુષ રાજીખુશીથી પતિ-પત્ની જેવો વ્યવહાર કરે તો તેને કોણ રોકશે? કોણ ફરિયાદ કરશે?"

"ના ના તેને રોકવાની જરૂર જ નથી. તેમને જે કરવું હોય તે કરવા દેવાનું. લગ્નસંસ્થા અને નૈતિક નિયમો પણ શોષણ માટે જ રચાયા છે. જેને જેની સાથે રાજીખુશીથી જેમ ફાવતું આવે તેમ કરવાની છૂટ હોવી જોઈએ. લગ્નસંસ્થા હોય તો પતિ-પત્ની હોય અને તો જ વ્યભિચાર કે પતિવ્રતા જેવાં સ્થાનો હોય. આ બધું ધરમૂળથી સમાપ્ત કરી દેવાનું. કોઈ પણ સ્ત્રી કોઈ પણ મનગમતા પુરુષ સાથે સંબંધ રાખે તેમાં કશો વાંધો હોવો જોઈએ નહિ."

"પણ માનો કે કોઈ સગાં ભાઈ-બહેનને કે પછી સગી માતા અને દીકરાને કે પિતા અને પુત્રીને રાજીખુશીથી સંબંધ બાંધવાની ઇચ્છા થાય તો પાપ લાગે કે પછી તેમને પણ છૂટ છે?"

આ ધાર્મિક આદર્શહીન દર્શનો, માત્ર કોરી બુદ્ધિના જોરે જ્યારે જીવનની દિશા નક્કી કરે છે ત્યારે તે જંગલન્યાય અને વિકૃતવ્યવહાર સુધી પહોંચી જાય છે. માત્ર સરકારી વ્યવસ્થાથી જ પ્રજાજીવનની પૂરી વ્યવસ્થા કરી શકાતી નથી. મેં રશિયામાં જોયું કે સામ્યવાદીઓએ શ્રીમંતોને શોષણખોર કહીને લૂંટી લીધા અને મારી પણ નાખ્યા. તેમની મિલકત લૂંટવી તે કોઈ પાપ ન હતું. તેમને મારી નાખવા તે પણ પાપ ન હતું. આવી જ રીતે ખૈબર બોલનઘાટની પેલી તરફથી જે ધાડાં આવ્યાં તે મંદિરોને તોડતાં – લૂંટતાં રહ્યાં અને સ્ત્રીઓને પોતાનો હક્ક માનીને ગુલામ બનાવી લઈ જતાં હતાં. થિયરી જ એવી ઘડાઈ હતી કે તેમને પાપનો ભાવ થાય જ નહિ. જોકે આ ધાડાં ધાર્મિક હતાં પણ ધર્મે જ એવું દર્શન આપ્યું હતું કે પાપને પુણ્ય માનવામાં આવે અને પુણ્યને પાપ માનવામાં આવે. આ દર્શનની કમજોરી કહેવાય. માનો કે બીજા ધર્મોએ પણ આવી થિયરી બનાવી હોય, અને જે વ્યવહાર તેમણે ધર્મસ્થાનો, સ્ત્રીઓ વગેરે સાથે કર્યો તેવો જ વ્યવહાર તેમની સાથે કરવામાં આવે તો કેવું લાગે? એટલે માત્ર કોરી બુદ્ધિથી રચાયેલું જીવનદર્શન પૂરી પ્રજા માટે સુખદાયી થઈ ન શકે. બળિયાના બે ભાગ જ નહિ, બળિયાનું સર્વસ્વ જ થઈ જાય.

ચીનમાં મને જાણવા મળ્યું કે ચીનની બધી કન્યાઓ સત્તર વર્ષની થાય એટલે તેનાં મા-બાપોએ રાજાને અર્પણ કરી દેવાની. રાજાને યોગ્ય લાગે તે રાખે અને બાકીની પાછી આપી દે. પાછી આપેલી કન્યાઓ, સામાન્ય પુરુષોને પરણી શકે. બાકીની બધી રાજાની રખાતો (કોંક્યુબાઈન) થઈ જાય. રાજાની રખાત ન થવું પડે એટલે કેટલીયે કન્યાઓ જાણી કરીને પોતાના ચહેરાને કદરૂપો બનાવી દેતી. આ બળિયાના બે ભાગ કોણ રોકે? કેવી રીતે રોકે? કારણ કે પ્રજા રાંક છે. રાજા (અને સરદારો) બળવાન છે. બળિયાના બે ભાગ જ નહિ બધા ભાગ બળિયાના થઈ જાય તો કોણ રોકે?

જો માત્ર બુદ્ધિના આધારે જ જીવનદર્શન રચવાનું હોય તો સર્વસત્તાધીશને તમારાથી આમ ન કહી શકાય. કહો તો તેવું કયા આધારે કહી શકાય? એ જ રાજાઓએ એવી પણ દલીલો ઊભી કરાવી દીધી કે રાજા તો સ્વયં પ્રભુ છે, તેને બધું કરવાની છૂટ હોય, તેઓ

કાયદા કે નિયમની સીમાથી પર હોય. ભાવ એવો કાઢી શકાય કે બુદ્ધિ પણ સત્તાધીશોની દાસી થઈને તેમને ગમતી દલીલો અને દર્શન કાઢી આપે. એક માણસ જેને વિશુદ્ધ તર્કસંગત બુદ્ધિવાદ માને છે તો બીજો તેને તેટલો જ તર્કહીન વિસંગત પણ માને છે. માત્ર બુદ્ધિવાદી દર્શનની એકતા પ્રસ્થાપિત કરવી શક્ય નથી હોતી. એટલે માત્ર કોરી બુદ્ધિ કે કોરી પ્રતિભાથી જ જીવનની પૂરી વ્યાખ્યા અને વ્યવસ્થા થઈ શકતી નથી. તેમ છતાં બુદ્ધિનું મહત્ત્વ સર્વોચ્ચ સ્થાને છે જ, પણ ધર્મની સાથે.

**8-7-04**

## 8. શુદ્ધ લાગણીઓ

પરમેશ્વરે આપણને ત્રીજી શક્તિ તે લાગણીઓ અથવા ભાવના આપી છે. સ્નાયુબળ શરીરમાં પ્રત્યક્ષ દેખાય છે. બુદ્ધિબળ મસ્તિષ્કમાં છુપાયેલું રહે છે. તે જરૂર પડે ત્યારે પ્રસંગ પ્રમાણે સ્ફુરિત થાય છે. અને ભાવના અથવા લાગણીઓ પણ ચહેરાના હાવભાવ તથા વાણીવ્યવહારથી અનુભવાય છે. માનો કે માણસ બળવાન અને બુદ્ધિમાન પણ છે, પણ તે લાગણીહીન છે. આવો માણસ ન તો પોતે સુખી થઈ શકે ન બીજાને સુખી કરી શકે, એટલે જીવનને માત્ર યાંત્રિકતાથી મુક્ત કરવા પરમેશ્વરે લાગણીઓની વ્યવસ્થા કરી.

લાગણીઓની બે મુખ્ય શાખાઓ છેઃ 1. રાગ અને 2. દ્વેષ. આ બન્નેનો લાંબો વંશવેલો છે જે જીવનને સ્પંદિત કરે છે. કેટલાંક દર્શનોએ આ બન્નેને જીવન માટે શત્રુરૂપ માનીને તેનાથી છુટકારો મેળવવાનું કહ્યું છે. મારી દૃષ્ટિએ તે બરાબર નથી. હું એમ માનું છું કે પરમેશ્વરની પ્રત્યેક રચના કલ્યાણકારી છે. હા, તેની માત્રા અને ઉપયોગ જો વિવેકપૂર્વક યથાયોગ્ય હોય તો. જો તેવું ન હોય તો પ્રત્યેક ઉત્તમ વસ્તુ પણ હાનિકારક થઈ શકે છે. પ્રથમ રાગને જ લઈએ.

### રાગ

કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ કે વિચારો પ્રત્યે અનુકૂળ વલણ થવું તે રાગ છે. તેના બે ભેદ છે. 1. કુદરતી અને 2. અકુદરતી. માને પોતાના બાળક પ્રત્યે જે રાગ છે તે કુદરતી છે. આ રાગના કારણે તે બાળકને ઉછેરીને મોટું કરે છે. ન્યુઝીલૅન્ડમાં અમે પેંગ્વિન પક્ષીઓ જોવા માટે ફિલિપ ટાપુ ઉપર ગયા હતા. બરાબર નિર્ધારિત સમયે રાત્રે નવ વાગ્યે સમુદ્રમાંથી પેંગ્વિનો નીકળવા માંડ્યાં અને પોતપોતાનાં બચ્ચાંના ભૂમિમાળામાં જઈને ગળામાં રાખેલી નાની નાની માછલીઓ ઓકવા માંડ્યાં. પેલાં તીવ્ર પ્રતીક્ષાવાળાં બચ્ચાં માતા-પિતા દ્વારા ઓકેલી માછલીઓ ફટાફટ ખાવા લાગ્યાં. આ કુદરતી રાગ છે. માતા, બચ્ચાં પાસે આખી રાત રહે છે. સવારે ફરી પાછી સમુદ્રમાં જાય છે. તે દૂર દૂર સો-સો કિલોમીટર સુધી સમુદ્રમાં ફરે છે, માછલીઓ ખાય છે અને બચ્ચાં માટે સંગ્રહ કરે છે. સો કિલોમીટર દૂરથી તે બરાબર નિશ્ચિત સમયે પાછી ફરે છે. દિશા અને સમયની બાબતમાં તે એકદમ નિશ્ચિત છે. તે કદી પણ ભૂલી પડતી નથી. તેને પોતાનાં બચ્ચાંનો તીવ્રરાગ ખેંચી લાવે છે. જો તે વીતરાગ થઈ જાય તો બચ્ચાંનું શું થાય? તેનો રાગ કુદરતી છે અને કલ્યાણકારી છે. લગભગ વિશ્વની બધી જ માદાઓ જ્યારે માતા બને છે ત્યારે પરમેશ્વરે તેનામાં મૂકેલો આ રાગ બાળકના ઉછેરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આવી જ રીતે નરને માદા પ્રત્યે અને માદાને નર પ્રત્યે પણ પરમેશ્વરે રાગ મૂક્યો છે, જે કુદરતી છે અને કલ્યાણકારી પણ છે. માનો કે પતિ-પત્ની બન્ને અથવા બેમાંથી કોઈ એક પરસ્પરમાં વીતરાગ થઈ જાય તો જીવન કેવું બને? પત્ની તીવ્ર રાગથી પતિની રાહ જોઈને બેઠી છે. તે વારંવાર બારણાથી કે બારીથી રસ્તો જુએ છે. “હજી કેમ ન આવ્યા?” તે તલપાપડ થઈ રહી છે. તેનું પૂરું મન પતિની પ્રતીક્ષામાં તન્મય થઈ ગયું છે. બીજી તરફ તેનો પતિ પણ હાંફળો-ફાંફળો ઘર તરફ દોડી રહ્યો છે. ક્યારે મળું, ક્યારે મળું તેવી લગની લાગી છે. આ બન્નેનો રાગ, કુદરતી આકર્ષણ ઉત્પન્ન કરે છે. તેનાથી જીવન ભર્યુંભર્યું અને ધન્યધન્ય થઈ જાય છે. માનો કે પતિ તીવ્ર લગનીથી ઘરમાં આવે છે, પણ પત્ની વીતરાગ થઈ ગઈ છે. તે પતિની સામે પણ જોતી નથી. કોઈ આવે તોય શું અને ન આવે તોય શું! આવી તેની નિઃસ્પૃહ સ્થિતિ છે. પત્નીની આવી વીતરાગિતાથી પતિને કેવું લાગે? આવી જ રીતે પતિ, વીતરાગ થઈને પત્નીને સૂતી મૂકીને ચાલી નીકળે તો પત્નીને કેવું લાગે? આવી વીતરાગિતા, કોઈનું જીવન ધૂળધાણી કરવામાં જો પરિણમતી હોય તો તે આદર્શ ન કહેવાય. આદર્શ તો તેને કહેવાય કે પતિ-પત્ની બન્ને એકબીજાનો ત્યાગ ન કરે પણ ભરપૂર પ્રેમ કરે. ભરપૂર સાથ આપે. તે છૂટાં ન પડે પણ બન્ને એકબીજામાં એવાં ઓતપ્રોત થઈ જાય કે બેમાંથી માત્ર એક જ થઈ જાય. આ અદ્વૈતરૂપ જ આદર્શ કહેવાય. જેમ શિવપાર્વતી, રાધાકૃષ્ણ વગેરે.

નર અને માદા વચ્ચેનો રાગ કુદરતી છે. આ કુદરતી પ્રવાહથી બચવા માટે એકબીજાથી એકબીજાને દૂર કરવાં કે દૂર રાખવાં તે અકુદરતી છે. તે માટેની કપરી અને કઠોર સાધના કર્યા પછી પણ સાધક હારી જવાનો છે, કારણ કે તેણે કુદરતને શત્રુ બનાવી છે. કુદરતને શત્રુ બનાવીને યુદ્ધ કરનાર હારી જ જવાનો છે. કુદરત જ જીતવાની છે. મોક્ષ કે અધ્યાત્મના નામે નર-નારીને વિખૂટાં પાડવાં એ

અવિવેકપૂર્ણ અકુદરતી સાધના છે, જે સાધકને લાંબા ગાળે થકવી નાખતી હોય છે.

નર-નારીના પારસ્પરિક રાગનાં ત્રણ મુખ્ય કુદરતી કારણો છે. 1. આવેગો, 2. લાગણીઓ અને 3. પરસ્પરાવલંબિતા.

વિષયવાસનાના આવેગો કુદરતી છે. કલ્યાણકારી પણ છે. તેનાથી સૃષ્ટિક્રમ ચાલે છે. અને નર-માદા એક બને છે. આવેગોની તીવ્રતા દુ:ખ ઊભું કરે છે. જેમ ભૂખ-તરસની તીવ્રતાથી પ્રાણી દુ:ખી થાય છે તેમ. આ દુ:ખમાંથી છૂટવા નર અને માદા પરસ્પરને રાગ કરે છે. પણ આવેગોનું દુ:ખ નિવૃત્ત થતાં જ રાગહીનતા આવી જાય છે. આવો રાગ દુ:ખનિવૃત્તિ માટેનો હોય છે. તે સ્થાયી નથી હોતો. તેને સ્થાયી બનાવવા પરમેશ્વરે લાગણીઓ મૂકી છે. આ લાગણીઓ એ જ પ્રેમ છે. આવેગો હોય ત્યારે અને ના હોય ત્યારે પણ આ લાગણીઓ રહે છે. લાગણીઓ વિનાના આવેગો અને તેનું શમન એ માત્ર યાંત્રિક ક્રિયા જ છે. જેમાં બન્ને પક્ષો બહુ જલદી એકબીજાથી કંટાળી જતા હોય છે. થાકી જતા હોય છે. લાગણીઓ થાકવા નથી દેતી. કંટાળવા નથી દેતી. બન્નેને સતત તાજગી આપતી રહે છે. આવેગો અને તેને તૃપ્ત કરવાનું સામર્થ્ય કાયમ નથી રહેતું. પણ લાગણીઓ કાયમ રહી શકે છે. ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં આવેગોથી હળવાં થયેલાં માણસો પતિ-પત્ની વગેરે લાગણીઓથી એકબીજાને હૂંફ આપે છે ત્યારે આવેગયુક્ત લાગણીઓ વિશુદ્ધ પ્રેમનું રૂપ ધારણ કરે છે. જીવનની છેલ્લી ક્ષણ સુધી આવો વિશુદ્ધ પ્રેમ, અમૃતની માફક જીવન અને મૃત્યુ બન્નેને સુધારે છે.

નર-માદા કે પતિ-પત્નીના રાગનું ત્રીજું કારણ પરસ્પરાવલંબિતા છે. પ્રાયઃ બધા જ નરો માદાઓનું રક્ષણ કરતા હોય છે. જે પ્રાણીઓ સમૂહમાં રહેતાં હોય છે, તેમને એક નેતા અને રક્ષકની જરૂર રહેતી હોય છે. ખાસ કરીને પોતાના જ બીજા જાતિભાઈઓથી. આ કામ મોટા ભાગે નર કરતો હોય છે. જીવનની બીજી આવશ્યકતાઓમાં પણ બન્ને એકબીજાનાં પૂરક થતાં હોવાથી પરસ્પરાવલંબિતા રહે છે. વિધુર પુરુષ કે વિધવા સ્ત્રીના જીવનમાં એક પ્રકારનું ખાલીપણું રહેતું હોય છે. કારણ કે તેમનું અવલંબન ચાલી ગયું હોય છે.

કહેવાનો ભાવ એ છે કે કુદરતસહજ જે રાગ છે તે જીવન માટે કલ્યાણકારી છે. હા, તેનો અતિરેક કે વિકૃતિ થાય તો તે હાનિકારક બની શકે છે. જેમ કે નર-માદા પરસ્પરમાં એટલાં રાગી બની જાય કે પોતાનાં કર્તવ્યો પણ ન કરે; જેમ કે નરમાદા પોતાની સીમાથી બહારની સીમામાં રાગ કરતાં થઈ જાય તો હાનિકારક થઈ શકે. આ વિકૃતિ કહેવાય.

રાગમાંથી અનુકૂળ લાગણીઓ ઉત્પન્ન થાય છે. લાગણીઓમાંથી પ્રેમ અને સમર્પણભાવ જાગે છે. આનાથી જીવન ચેતનવંતું બને છે. રાગહીન માણસ, લાગણીહીન થઈ જાય છે. લાગણીહીન માણસ જીવનની ચેતના ખોઈ બેસે છે. રાગનો વંશ ચાલે છે, જેમાંથી મમત્વ વગેરે ભાવો ઉત્પન્ન થાય છે. જીવન માટે યોગ્ય માત્રામાં તે જરૂરી છે. “આ મારું માણસ છે,” “આ મારું ઘર છે,” “આ મારો દેશ છે,” “આ મારું બાળક છે” વગેરે મમત્વો જીવન માટે જરૂરી છે. તેનાથી પોતાની વસ્તુનું રક્ષણ અને કાળજી રહે છે. જેમ રાગનો ત્યાગ કરીને વીતરાગ થવાથી જીવન લાગણીહીન થઈને નિસ્તેજ થઈ જાય છે, તેમ મમત્વ છોડીને નિર્મમ થઈ જવાથી પણ માણસ એકાકી અને હૂંફ વિનાનો થઈ જાય છે. ખરેખર તો આ બન્નેનો સદંતર ત્યાગ તો થઈ શકતો જ નથી. જે શક્ય નથી તેનો ઉપદેશ આપવાથી તે વિડંબના બની જાય છે. પોતાનાં બાળકો, પત્ની, પતિ વગેરે ઉપરથી મમત્વ દૂર કરો તેવું કહેવા કરતાં તો આ બધાંને ભરપૂર પ્રેમ કરો અને બધાંને સુખી કરો તેવું કહેવું સાચો ઉપદેશ થઈ શકે. હા, તે મમત્વ એવું ન હોવું જોઈએ કે જે પરાયું છે તેના પ્રત્યે તીવ્ર દ્વેષ થઈ જાય. પરાયા પ્રત્યે પણ યથાયોગ્ય પ્રેમ-સદ્ભાવ, મૈત્રીની લાગણીઓ રહે તે જરૂરી છે.

## દ્વેષ

રાગની માફક દ્વેષની રચના પણ પરમેશ્વરે જ કરી છે. એવી ઘણી વસ્તુઓ છે જેના પ્રત્યે દ્વેષભાવ કેળવવાથી માણસનું કલ્યાણ થાય છે. જેમકે બાળકને બચપણથી જ દારૂ વગેરે વ્યસનો પ્રત્યે તીવ્ર દ્વેષ કરાવ્યો હશે તો તે તેનાથી દૂર રહેશે. આવી જ રીતે દેશદ્રોહીઓ, ગદ્દારો, કાયરો, પાપીઓ, ચોરો, લુટારાઓ, ડાકુઓ, હત્યારાઓ વગેરે પ્રત્યે જો દ્વેષ કરાવ્યો હોય તો તેમાંથી ઉત્પન્ન થયેલી ઘૃણા, બાળકને અને પછી યુવાન-વૃદ્ધને પણ આવાં બધાં અનિષ્ટોથી દૂર રાખશે. જો માણસ વીતરાગ અને વીતદ્વેષ થઈ જાય તો તે ગ્રાહ્ય – ત્યાજ્ય વસ્તુઓના ભેદથી રહિત થઈ જાય. એટલે ઉચિતમાત્રામાં દ્વેષ પણ જરૂરી છે. હા, અતિરેક અને વિકૃત રાગની માફક તીવ્રદ્વેષ

અને વિકૃત દ્વેષ હાનિકારક થઈ શકે છે. જેમકે ખોટી જગ્યાએ દ્વેષ કરવો, અતિપ્રમાણમાં દ્વેષ કરવો. ખાસ કરીને સંપ્રદાયના તીવ્ર રાગમાંથી બીજા સંપ્રદાયો પ્રત્યે તીવ્ર દ્વેષ ઉત્પન્ન થાય છે, જે હાનિકારક બને છે. કોઈ વ્યક્તિ પ્રત્યેના તીવ્ર રાગથી બીજી વ્યક્તિ પ્રત્યે તીવ્ર દ્વેષ જન્મે છે જે હાનિકારક બને છે. આમાંથી જ વ્યક્તિપૂજા ઉત્પન્ન થાય છે. વ્યક્તિપૂજા, વ્યક્તિદ્વેષ વિનાની ભાગ્યે જ હોય છે. આ હાનિકારક છે. તમને કોઈ વ્યક્તિ, સંપ્રદાય કે રાષ્ટ્ર કે સમાજ પ્રત્યે યોગ્ય માત્રામાં રાગ થાય તો તે ઠીક જ છે. પણ જો તેમાં તીવ્રતા આવતી ગઈ તો બીજી તરફ તેટલો જ દ્વેષ પણ થવાનો, જે જીવનનું સંતુલન બગાડી દેશે.

કેટલાક લોકો એવું સમજાવે છે કે સંસારી રાગ તો ખરાબ છે, ત્યાજ્ય છે, પણ પ્રશસ્ત રાગ ઉત્તમ છે. પ્રશસ્ત એટલે પોતપોતાના ગુરુ, સંપ્રદાય, ધર્મગ્રંથ વગેરે. આવા લોકો પોતાના માટે રાગ જગાડી જે લોકોને પોતાના તો ભક્તો બનાવે છે, પણ સંસારનો રાગ છોડાવીને ઘર ભંગાવે છે. પોતાનાં સ્વજનો પ્રત્યે પ્રશસ્તરાગ કરવો જરૂરી છે. ઘર ભંગાવનાર લોકોથી સાવધાન થવું જરૂરી છે. તેઓ પોતાને પ્રશસ્ત મનાવે છે, અને સ્વજનોને ત્યાજ્ય મનાવે છે. ખરેખર તો રાગની આગળનો પ્રશસ્ત શબ્દ સ્વયં રાગનું વિશેષણ છે. ઉત્તમ રાગ એમ અર્થ કરવાનો. પ્રશસ્ત શબ્દ કોઈ વ્યક્તિ વગેરેનો દ્યોતક ન સમજવો જોઈએ. ખરેખર તો ઘર ભંગાવનારા અને ઘરમાં અરુચિ કરાવનારા લોકો વૈરાગ્યના નામે સ્વજનો પ્રત્યે દ્વેષ કરાવીને પોતાના પ્રત્યે રાગ કરાવે છે અને છેવટે પોતાના હિતમાં લોકોનો ઉપયોગ કરે છે.

આ આખા લેખનો હેતુ વ્યક્તિ સમાજ અને રાષ્ટ્રને શરીરથી બળવાન, બુદ્ધિથી મહાન અને લાગણીઓથી ભરપૂર બનાવવો તે છે. દુર્બળ અને કમજોર વ્યક્તિઓ, બુદ્ધિહીન માણસો અને લાગણી વિનાની પ્રજા ન સુખી થઈ શકે, ન સુખી કરી શકે. આપણે વીતરાગી નથી થવું પણ દેશપ્રેમી, માનવતાપ્રેમી, સ્વજનપ્રેમી અને રાષ્ટ્રપ્રેમી થવું છે.

**9-7-04**

# ૭. માનવ-ભગવાનવાદ

વૈદિક કાળમાં ઉપાસ્ય તરીકે દેવો અને બ્રહ્મ છે. ક્યાંય કોઈ વ્યક્તિ નથી. ઉપાસકો કર્મકાંડના દ્વારા દેવોની ઉપાસના કરતા હતા અને નિષ્કામ જ્ઞાની ઋષિઓ બ્રહ્મની ઉપાસના કરતા હતા. એકને કર્મકાંડમાર્ગ અને બીજાને ભક્તિમાર્ગ અથવા જ્ઞાનમાર્ગ કહેવાતો હતો. કર્મકાંડ માર્ગમાં પૂરી જનતા હતી, કારણ કે તેને ફળપ્રાપ્તિની અભિલાષા હતી. ભક્તિ યા જ્ઞાનમાર્ગમાં થોડાક જ્ઞાનીઓ હતા, જે પ્રજાના શિખર ઉપર બિરાજતા હતા. તે સમયે પૂરા વિશ્વમાં સામાન્ય પ્રજા દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિ માટે નાનાં-મોટાં કર્મકાંડો કરતી હતી. કર્મકાંડોમાં પોતાના આરાધ્યદેવ કે દેવોની પ્રસન્નતા માટે અન્ય વસ્તુઓની સાથે પશુ-પક્ષીઓ વગેરેની પણ હિંસા કરવામાં આવતી. પૂરું વિશ્વ આવાં બલિદાનો આપતું હતું. તેનું મુખ્ય કારણ એ હતું કે પૂરું વિશ્વ (થોડાક અપવાદ સિવાય) માંસાહારી હતું. માણસો પોતે જે ખાતાં-પીતાં હોય તે પોતાના દેવને પણ અર્પણ કરે તે સ્વાભાવિક છે. જ્યારે નિષ્કામભાવી બ્રહ્મપૂજકોને કશું અર્પણ કરવાનું ન હતું, કારણ કે બ્રહ્મ આવી અપેક્ષા વિનાનું હતું. પણ આ માર્ગ તદ્દન સાંકડો અને ગણ્યાગાંઠ્યા લોકોનો હતો. હિન્દુપરંપરાની એક બહુ મોટી કમજોરી એ રહી છે કે તેનો સર્વોચ્ચ માર્ગ, થોડા લોકો સુધી જ સીમિત રહી શક્યો છે. તેને આમ વર્ગ માટે બનાવી શકાયો નથી, કારણ કે તેમાં પાત્રતાને મહત્ત્વનું સ્થાન અપાયું છે. માત્ર પાત્ર લોકો જ આ માર્ગે ચાલે તેવો આગ્રહ રખાયો હતો. પાત્રતામાં સર્વપ્રથમ વર્ણવ્યવસ્થા આવે. એમાં માત્ર ઉપરનો વર્ણ જ પાત્ર ગણાય. પછી જ્ઞાન-વૈરાગ્ય-તપસ્યા વગેરે આવે. પ્રયત્ન એ રહે છે કે સામાન્ય લોકો સુધી આ બ્રહ્મમાર્ગ ન પહોંચે. કદાચ એક કારણ પુરોહિતોની આજીવિકાનું પણ હોય. કર્મકાંડ માર્ગથી પુરોહિતોની આજીવિકા ચાલતી હતી. જ્યારે બ્રહ્મમાર્ગમાં આજીવિકાને બહુ સ્થાન ન હતું. અને ધર્મક્ષેત્રમાં ઋષિઓ પછી પુરોહિતો સર્વેસર્વા હતા, જે વધુ ને વધુ સ્થાપિત હિતો ધરાવતા થઈ રહ્યા હતા.

આવા સમયે બુદ્ધ અને મહાવીર થયા. એમણે સર્વપ્રથમ કર્મકાંડ માર્ગનો વિરોધ કર્યો. કારણ કે તેમાં જીવહિંસા થતી હતી. જીવહિંસાવાળા કર્મકાંડ માર્ગથી પ્રજા દૂર થતી ગઈ. એટલે દેવવાદ પણ ઓછો થવા લાગ્યો. દેવો કે બ્રહ્મથી કલ્યાણ નહિ થાય, પણ પોતે જ પોતાનું કલ્યાણ કરી શકે છે, એવી ધારણા પ્રસરાવવામાં આવી. પણ ત્યારે અને આજે પણ લાખ વાર કહેવા છતાં પોતે ક્યાં પોતાનું કલ્યાણ કરી શકે છે? સાંસારિક દુઃખો અને સાંસારિક સુખો જો પોતાનાથી જ નિવારિત અને પ્રાપ્ત કરી શકાતાં હોત તો શું જોઈતું હતું? પોતે જ સર્વ કર્તાધર્તા છે એવી ધારણા ત્યારે અને આજે પણ જનસામાન્યમાં ઉતારી શકાતી નથી. કોઈ ને કોઈ એવી શક્તિ હોવી જોઈએ જે આ કામ કરી આપે. એટલે દેવોનો ત્યાગ કરીને પણ ઉપાસ્ય વિના તો રહી શકાય નહિ. ઉપાસ્ય તરીકે "ચૈત્યઉપાસના" પ્રસ્થાપિત કરાઈ. ચૈત્ય, ચેતના કે પછી આત્મા નામથી ઉપાસના થવા લાગી.

બૌદ્ધ અને જૈનોની હિંસા-અહિંસામાં આકાશ-પાતાળ જેટલો ભેદ રહ્યો છે. બૌદ્ધોએ માનવ-વ્યવહારમાં થનારી હિંસાનો નિષેધ કર્યો. પણ આહારમાં તો માંસાહાર ચાલુ રાખ્યો. જ્યારે જૈનોએ જીવમાત્રની હિંસાનો નિષેધ કર્યો, ક્રમે ક્રમે તેની પરાકાષ્ઠા વધવા લાગી. પાણી અને હવામાં પણ જંતુઓ હોવાથી તેના ઉપયોગમાં પણ પાપ દેખાવા લાગ્યું અને ઝીણા ઝીણા નિયમો સ્થાપિત થતા ગયા. એટલે બન્ને સમકાલીન હોવા છતાં બન્નેના આચાર-વિચારમાં બહુ મોટું અંતર રહ્યું, જે કાળક્રમે વધતું ગયું. ચૈત્યવંદનાના કાળ પછી ઉપાસ્યક્ષેત્રમાં સ્વયં બુદ્ધ અને સ્વયં મહાવીર પ્રસ્થાપિત થયા. મહાવીર ભારતના બહુ સીમિત ક્ષેત્રમાં પ્રસરીને અટકી ગયા; કારણ કે જીવનના નિયમો ઘણા કઠોર હતા જે લોકભોગ્ય ન હતા. બીજી તરફ બુદ્ધને રાજશાસનની માન્યતા મળી અને તે દૂર દૂર સુધી ફેલાવા લાગ્યો. ત્યારે પૂરા વિશ્વમાં ધર્મનું વેક્યૂમ હતું. અર્થાત્ વિશ્વ ઉપર કે વિશ્વના મોટા ભાગ ઉપર કોઈ પ્રભાવશાળી ધર્મ પ્રચલિત ન હતો. લોકોનાં ટોળાં આદિવાસીઓ જેવા ધર્મો અને દેવો – પૂર્વજો વગેરેને પૂજતાં હતાં. ત્યારે યહૂદી કે ઈસાઈ કે ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ ન હતો. બૌદ્ધો માટે બધી જ જગ્યા એ ખાલી જગ્યા હતી. કોઈને ઉઠાડીને બેસવાનું ન હતું. (ઈસાઈ અને મુસ્લિમોને સંઘર્ષ એટલા માટે કરવો પડ્યો કે તેમણે કોઈને ઉઠાડીને તેની જગ્યાએ પોતાને બેસવાનું હતું). જૈનોમાં પ્રસારક્ષમતા હતી જ નહિ, કારણ કે તેમના નિયમો કઠિન હતા.

મારી સમજણ પ્રમાણે દેવો અને બ્રહ્મની જગ્યાએ કોઈ માનવની સર્વોચ્ચ સ્થાને ઉપાસ્ય તરીકે પ્રથમ પ્રસ્થાપના થઈ. બન્નેએ

પોતપોતાના ઉપાસ્યદેવનાં એટલાં બધાં ગુણગાન ગાયાં કે આમના જેવો બીજો કોઈ થયો નથી કે થશે પણ નહિ. પ્રત્યેક સમયમાં પ્રત્યેક ધર્મ કોઈ એક ખાસ પ્રવૃત્તિમાં લોકોને વાળી દેતો કે લગાવી દેતો હોય છે. પુરોહિતોએ લોકોને યજ્ઞો તરફ વાળી દીધા હતા. જૈન – બૌદ્ધના વિરોધ છતાં તેમનું ખૂબ ચાલતું હતું. જૈનોએ લોકોને કઠોર તપસ્યા-ઉપવાસ વગેરે તરફ લોકોને વાળ્યા હતા તો બૌદ્ધોએ સ્તૂપો અને વિશાળ બુદ્ધમૂર્તિઓના નિર્માણ તરફ લોકોને વાળ્યા હતા. જ્યાં જ્યાં બૌદ્ધોનો પ્રભાવ હોય ત્યાં વિશાળ અને ભવ્યાતિભવ્ય બુદ્ધ પ્રતિમાઓ નિર્મિત થવા લાગી. અજન્ટા-ઇલોરા વગેરેની સેંકડો – હજારો ગુફાઓમાં બુદ્ધ જ બુદ્ધ જોવા મળશે. પહાડો કોતરીને બામિયાન (અફઘાનિસ્તાન)માં ભવ્ય બુદ્ધ પ્રતિમાઓ નિર્મિત કરાઈ. (તાલીબાનોએ આ પ્રતિમાઓનો કઠોરતાથી નાશ કર્યો. તેમનું કહેવું હતું કે આ બિનઇસ્લામિક છે. તેમની આ પ્રાચીન પરંપરા રહી છે કે વિજિત દેશની વિજિત પ્રજાની પ્રતિમાઓનો નાશ કરવો). બૌદ્ધ ધર્મનું કેન્દ્રબિન્દુ 'બુદ્ધ' છે. બીજું બધું પછી. એટલે ત્રિઘોષણામાં "બુદ્ધં શરણં ગચ્છામિ"ને પ્રથમ સ્થાન અપાયું છે. જ્યાં જ્યાં બૌદ્ધ ધર્મ પ્રસર્યો, ત્યાં ત્યાં બુદ્ધની અસંખ્ય અને ભવ્ય પ્રતિમાઓ પ્રસ્થાપિત થઈ છે.

બૌદ્ધ અને જૈન ધર્મો અનીશ્વરવાદી હોવાથી વ્યક્તિથી પર કોઈ સર્વોચ્ચ તત્ત્વ ન રહ્યું એટલે ધર્મપ્રવર્તકોને જ આપોઆપ સર્વોચ્ચ ઉપાસ્ય સ્થાન પ્રાપ્ત થઈ ગયું. મને લાગે છે કે ધર્મપ્રવર્તકોએ પણ કઠોર રીતે પોતાની પૂજા ન કરવાની નિષેધ આજ્ઞા કરી દેખાતી નથી. કોઈ વ્યક્તિવિશેષની ભગવાન રૂપથી (ઈશ્વર રૂપથી નહિ) પૂજા ખૂબ સફળ રહી. શ્રી રજનીશજીએ જ્યારે પોતાને ભગવાન રજનીશ કહેવડાવવું શરૂ કર્યું ત્યારે ઘણા લોકોએ આક્ષેપ કર્યો કે "શું તમે ભગવાન છો?" તેમણે જવાબ આપેલોઃ પૂર્વના ભગવાનો કરતાં મારામાં વધારે જ્ઞાન છે. જો મહાવીર કે બુદ્ધ પોતાને ભગવાન કહેવડાવે તો હું કેમ ન કહેવડાવું? પછી તો જે કોઈ થોડાક પણ પ્રભાવશાળી થયા તે બધાએ પોતાને ભગવાન કહેવડાવવા માંડ્યું. આ રીતે માણસને ભગવાન માનવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. આજે ભારતમાં સેંકડો નહિ કદાચ હજારો જીવતા ભગવાનો છે, જે હજારો લાખ્ખો અનુયાયીઓનાં ટોળાં ધરાવે છે, જેનાથી હિન્દુપ્રજા બળવાન નહિ પણ વધુ ને વધુ દુર્બળ થતી ગઈ છે. કારણ કે માણસ એ ભગવાન છે જ નહિ. જો તે ઉત્તમ જીવન જીવતો હોય તો તેને સંત, મહાત્મા કે મહાપુરુષ કહી શકાય, પણ પરમેશ્વર તો ન જ કહી શકાય. હિન્દુપ્રજાને દુર્બળ બનાવીને પતન કરાવનારાં કારણોમાં આ રીતે માણસને ભગવાન માનીને થતી વ્યક્તિપૂજા પણ કારણ છે.

બૌદ્ધોની સફળતાથી પ્રભાવિત થઈને હિન્દુઓએ પુરાણોમાં અવતારવાદનો આવિષ્કાર કર્યો. મૂળમાં તો આ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનું જ રૂપક છે. પણ લોકોએ તેને પરમ વાસ્તવિક માનીને પેલા બ્રહ્મની જગ્યાએ કોઈ અવતારની ઉપાસના શરૂ કરી દીધી. મુખ્ય થિયરી એ હતી કે ધર્મની સ્થાપના કરવા પરમાત્મા પોતે અવતાર ધારણ કરે છે અને ભારત ભૂમિમાં જ પ્રગટે છે. રામાયણ અને મહાભારત બે મહાકાવ્યો તથા અનેક પુરાણોએ આ વાતને કેન્દ્રમાં રાખીને રચનાઓ કરી હતી, તે એટલી બધી પછી પ્રભાવશાળી સાબિત થઈ કે બૌદ્ધોના પ્રભાવને ખાળી દીધો. મંદિરોમાં સેવાપૂજા, થાળ – ભોગ, નૃત્ય-ગીત વગેરે બધું જ લોકોને આકર્ષતું તત્ત્વ સ્થાન પામ્યું. લોકોને અને પુરોહિતો બન્નેને ગમ્યું, મંદિરોમાં કર્મકાંડ, હોમ-હવન, બ્રહ્મભોજન – દક્ષિણા પ્રસાદ વગેરેને સ્થાન મળ્યું એટલે સૌને શ્રેયસ્કર લાગ્યું. હા, ઉપનિષદનો બ્રહ્મવાદ કાં તો સમાપ્ત થઈ ગયો કે પછી નામમાત્રનો રહી ગયો. અવતારવાદે પરમ બ્રહ્મના અવતરણને સ્વીકૃતિ આપી, પણ ક્યાંય પૂર્ણવિરામ ન મૂક્યું. એટલે અત્યાર સુધી અનેક – અસંખ્ય અવતારો ચાલુ જ રહ્યા છે. પહેલાં અનેક દેવો હતા, હવે અનેક અવતારી ભગવાનો થયા. એક પ્રશ્ન એ થાય કે અવતાર વિનાનો પરમેશ્વર કશું કરતો નથી? શું તે નિષ્ક્રિય થઈને રહે છે? ધર્મસ્થાપના વગેરે કાર્યો માટે તેણે શરીર ધારણ કરવું શું જરૂરી જ છે? જ્યારે શરીર ધારણ નથી કર્યું હોતું ત્યારે તે ધર્મસ્થાપના વગેરે નથી કરતો?

અવતારવાદે ફરી પાછી વ્યક્તિપૂજાને પ્રોત્સાહિત કરી. અધૂરામાં પૂરું અદ્વૈત વેદાન્તીઓએ કહ્યું કે જીવ એ જ શિવ છે. અર્થાત્ જીવ એ બ્રહ્મ જ છે. હું બ્રહ્મ જ છું. આવી દાર્શનિકતાએ પણ માનવોને ભગવાન કહેવડાવવાનો માર્ગ મોકળો કરી દીધો. મુસ્લિમોમાં કોઈ મુસલમાન પોતાને અલ્લા ન કહી શકે. હા, પીર કે ઓલિયા વગેરે કહી શકે. આપણે ત્યાં તો કોઈ પણ માણસ પોતાને બ્રહ્મ-પરબ્રહ્મ-પરમાત્મા કહી શકે છે. જો તેનામાં આવડત હોય તો તે હજારો – લાખ્ખોનાં ટોળાં પણ ભેગાં કરી શકે છે. પ્રશ્ન એ થાય છે કે આવી

ધારણા અને પરિસ્થિતિથી પ્રજા વધુ બળવાન બની છે કે વધુ દુર્બળ બની છે? ખરેખર તો કહેવાતા માણસ-ભગવાનો, ભગવાનો છે જ નહિ, તે માત્ર માણસ છે અને માનવ કમજોરીઓથી સંયુક્ત છે. ભગવાન શબ્દની ભલે ગમેતેવી જુદી જુદી વ્યાખ્યા કરે, એ તો એમની ચાલાકી માત્ર છે. ખરી વાત એ છે કે કોઈ પણ માણસ કોઈ પણ શાસ્ત્રીય વ્યાખ્યા પ્રમાણે ભગવાન છે જ નહિ.

આ બધા માનવ-ભગવાનો, પ્રજાને ગુમરાહ કરે છે અને વિભાજિત પણ કરે છે. એથી પ્રજા દુર્બળ થાય છે. પ્રજા સંગઠિત થઈને જ શક્તિશાળી બની શકે, હજારો વિભાજનોથી તે કદી પણ શક્તિશાળી ન થઈ શકે. પ્રત્યેક માનવ-ભગવાન પોતાનો એક વાડો રચે છે. તેમાં અનુયાયીઓને ઘેટાંની માફક પૂરે છે, પછી માત્ર અને માત્ર પોતાના જ ઉપર ફોકસ કરીને પોતાની ઉપાસના કરાવે છે. સાથોસાથ બીજી ઉપાસનાઓથી અટકાવે છે. આ રીતે પોતાનું નાનું-મોટું આધ્યાત્મિક સામ્રાજ્ય ઊભું કરે છે. કેટલાક માનવ-ભગવાનો પોતાના વારસદારોને ભગવાન બનાવતા જાય છે, જેથી મબલક સંપત્તિ સાથે હજારો અનુયાયીઓની સેવા પ્રાપ્ત થાય છે. અનુયાયીઓ પણ વાડા વિના રહી શકતા નથી એટલે તેઓ વાડાનો અને વંશપરંપરાનો ગોવાળ સ્વીકારી લે છે. પછી વારસદારોની અનેકતાથી ફરી પાછાં વિભાજન થાય છે. પ્રજા વધુ ને વધુ વિભાજિત થઈને વધુ ને વધુ દુર્બળ થાય છે. દુર્બળ પ્રજા, પ્રબળ પ્રજાનો માર ખાય છે. આ અનર્થોનું મૂળ માનવને ભગવાન માનવામાં રહેલું છે. માણસ એ માણસ જ છે. તે કદી પણ ભગવાન ન હતો કે ન છે કે ન હશે. પરમાત્મા તો એક જ છે, તેની તરફ પ્રજાને વાળવાથી હજારો વિભાજનોથી બચી શકાય છે.

**9-7-04**

# 10. વસ્તીવધારો

ભારતનો સૌથી મોટો પ્રશ્ન પ્રજાવૃદ્ધિનો છે. પ્રજા કૂદકે ને ભૂસકે વધી રહી છે. અકબરના સમયમાં પૂરા ભારતની પ્રજા સોળ કરોડ હતી, અંગ્રેજોના સમયમાં વધીને ચાલીસ કરોડ થઈ (પાકિસ્તાન સાથે), તે પછી વૈદ્યકીય સગવડો વધી એટલે જન્મદર વધ્યો અને મૃત્યુદર ઘટ્યો. પહેલાં એક હજાર પ્રસૂતિએ 450 બાળકો અને માતાઓ મરી જતાં ત્યાં હવે તે પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું. બીજી તરફ લોકોનું આયુષ્ય વધ્યું. પહેલાં સાઇઠ વર્ષે પહોંચતાં પહેલાં જ ઘણા લોકો મરી જતા તે હવે ઍંસી-નેવું અને તેથી પણ વધારે ઉંમર સુધી જીવતા થયા છે. બાળકો વધ્યાં છે અને વૃદ્ધો પણ વધ્યા છે. એટલે બન્નેના પ્રશ્નો પણ વધ્યા છે. બાળકો માટે દૂધ વગેરેની જરૂરિયાતો ઊભી થઈ છે તો શિક્ષણ માટે શાળાઓની પણ જરૂર વધી છે. સરકાર પહોંચી શકતી નથી એટલે ખાનગીકરણ વધ્યું છે. ખાનગીકરણ મોંઘું બન્યું છે, એટલે જીવનનિર્વાહ મોંઘો થયો છે.

બીજી તરફ વૃદ્ધોનું આયુષ્ય વધ્યું છે. જ્યાં જુઓ ત્યાં વૃદ્ધો જ વૃદ્ધો દેખાય છે. સંયુક્ત કુટુંબ તૂટી રહ્યાં છે, એટલે વધુ ને વધુ નવા નવા આવાસો બાંધવા જરૂરી થઈ ગયા છે. નગરો – કસબાઓ અને ગામડાંઓની સીમા દૂર દૂર સુધી વધી રહી છે. તેમ છતાં વસ્તીને પૂરાં રહેઠાણો પ્રાપ્ત થઈ શકતાં નથી, એટલે ઝૂંપડપટ્ટીઓ પણ વધી છે. એકપક્ષીય ભાડાનો કાયદો પણ ઝૂંપડપટ્ટીઓ વધારવામાં કારણ છે. વસ્તી વધી છે એટલે વાહનો પણ વધ્યાં છે. બધા જ માર્ગો વાહનોથી ઊભરાઈ રહ્યા છે. અકસ્માતોનો પાર નથી. સાથે સાથે પર્યાવરણ પણ ભયંકર રીતે દૂષિત થયું છે. ચોખ્ખી હવા કે ચોખ્ખું પાણી મળવું કઠિન થઈ રહ્યું છે. આયોજન વિનાનો આ દેશ ભયંકર અંધાધૂંધીમાં સપડાઈ રહ્યો છે. બહુ ઝડપથી દેશનું અપરાધીકરણ વધી રહ્યું છે. ડોનો અને બુટલેગરોથી વસ્તી થરથર કાંપી રહી છે. ધનવાન થવાના સરળ માર્ગો અપરાધોના દ્વારા શોધાયા છે. પોલીસ અને રક્ષાતંત્ર દિન-પ્રતિદિન ઢીલું થતું જાય છે. ઘણી વાર રાજકારણની ઓથ પોલીસને મળવી જોઈએ તેની જગ્યાએ અપરાધીઓને મળતી દેખાય છે. એથી પોલીસના મૉરલ ઉપર અસર થવા લાગી છે.

જરા વિચાર કરો કે અમદાવાદથી ઊપડેલી ટ્રેનમાં પ્રથમથી જ ખીચોખીચ પ્રવાસીઓ ભરાયાં છે. હવે મુંબઈ સુધીના પ્રત્યેક સ્ટેશને નવાં નવાં પચાસ-સો પ્રવાસીઓ દાખલ થવાનાં છે. તો તેમને જગ્યા ક્યાં મળશે? આવી જ દશા આપણી વસ્તી-ટ્રેનની છે. દર વર્ષે એક કરોડથી પણ વધારે નવાં બાળકોનો પ્રવેશ થાય છે. બીજી તરફ ઊતરનારાં માત્ર પચીસેક લાખ જ છે. વધારાનાં પંચોતેર લાખને કેવી રીતે સમાવશો? પ્રતિવર્ષ કેટલી નવી નિશાળો, હાઈસ્કૂલો, કૉલેજો વગેરેની જરૂર પડશે? ક્યાંથી લાવશો? પાણી, ગટર, શૌચાલયો, આવાસો વગેરે બધું જ વધુ ને વધુ જોઈએ, ક્યાંથી લાવશો? પ્રાપ્ત કરી શકાશે નહિ એટલે લોકો બેફામ વર્તવા લાગશે.

આ બધાનું મૂળ કારણ તો વસ્તીવધારો જ છે. તેને રોકવાના ઉપાય સરકારે કર્યા પણ જોઈએ તેવી સફળતા નથી મળી. થયું છે એવું કે જે વસ્તી ઘટવી જોઈએ તે ઘટી નહિ અને જે વસ્તી વધવી જોઈએ તે વધી નથી. ભારતમાં જ નહિ, વિશ્વભરમાં વસ્તીના બે ભેદ છેઃ એક સક્ષમ અને બીજી અક્ષમ. સક્ષમ એને કહેવાય જેનું આરોગ્ય ઉત્તમ છે, જેના સદ્‌ગુણો વધારે છે, જે બુદ્ધિવાન છે, જેની પાસે રહેવાનાં મકાનો છે, વ્યાપાર, ધંધો, ઉદ્યોગ છે. જે પોતાની સાથે બીજા સેંકડો – હજારોને રોજીઓ આપે છે. આવી વસ્તીને સક્ષમ વસ્તી કહી શકાય. આવી વસ્તી વધવી જોઈએ. કારણ કે જન્મનાર બાળક માટે મકાન, શાળા, ધંધો વગેરે કોઈ વસ્તુની ચિંતા નથી. ખાસ કરીને અતિ શ્રીમંતોને ઘણાં બાળકો હોવાં જોઈએ. જો કોઈ અતિશ્રીમંત હોય અને જેની અનેક પેઢીઓ, ફૅક્ટરીઓ વગેરેનો અબજોનો વ્યાપારધંધો હોય અને તેને માત્ર એક જ બાળક હોય અને તે લાયક ન હોય, પાગલ હોય, સ્વચ્છંદી હોય, કુસંગી હોય તો અબજો-અબજોની સંપત્તિનો વિનાશ કરી નાખે. સંપત્તિનો નાશ થાય એ બહુ ચિંતાનો વિષય ન પણ માનીએ તોપણ તેના આધારે સંકળાયેલાં હજારો માણસોની રોજીનો નાશ થાય તે બહુ જ ચિંતાનો વિષય કહેવાય. એક કહેવત છે કે, “લાખ મરજો પણ લાખનો તારણહાર ન મરજો.” એક વ્યક્તિના આધારે અબજોનું મૂડીરોકાણ ચાલે છે. હજારો- લાખ્ખો રોજી કમાય છે, તેને સાચવવો જોઈએ. તેને એટલે કે તેના ઉદ્યોગ-ધંધાને સાચવવો જોઈએ. જો તે એકની જગ્યાએ બે-ચાર હોય તો આવું થતું અટકી શકે. એક અયોગ્ય હોય તો બીજો-ત્રીજો કે

ચોથો તો યોગ્ય હોય જ. આટલા માટે અતિશ્રીમંતોએ વધુ બાળકો પેદા કરવાં જોઈએ. આનુવંશિકતાથી પણ તેનાં બાળકોમાં ઉત્તમતા આવી શકે છે.

આવી જ રીતે જે બૌદ્ધિક પ્રતિભાવાળા લોકો છે તેમની આનુવંશિકતાનો વધુમાં વધુ લાભ લેવાવો જોઈએ.

જે લોકો પરંપરાથી ગુનાખોર છે, જ્યાં રીઢા ગુનેગારો પેદા થાય છે અથવા જે પરંપરાથી ચેપી કે આનુવંશિક રોગોથી ગ્રસ્ત છે, તેમની વસ્તી ઘટાડવી જોઈએ. ખાસ કરીને જે વારંવાર જેલમાં જતા હોય કે બળાત્કાર જેવા અપરાધોમાં સંડોવાયેલા હોય તેમની પ્રજોત્પત્તિ અટકાવી દેવી જોઈએ. જો તમારે આંબાવાડિયું કરવું હોય તો ગાંડા બાવળને અટકાવવા જ જોઈએ. જો ગાંડા બાવળ વધી જશે તો આંબાવાડિયું સમાપ્ત થઈ જશે. આ દેશને કેવો દેશ બનાવવો છે તે કેવી વસ્તી વધે છે તેના ઉપર આધારિત છે.

જેની પાસે રહેવાને ઘર નથી, નોકરી નથી, ધંધો નથી, કાયમી ગરીબી છે અને અપરાધી પ્રવૃત્તિઓ કરીને માંડ જીવન જીવે છે, તેના ઘરમાં જો કુરકુરિયાંની માફક છોકરાંનું લંગર લાગી જશે તો પેલાં છોકરાંઓનું શું થશે? તે ભણી શકવાનાં નથી, તેમને પોષક આહાર મળવાનો નથી, નથી તો તેમને સારા મહોલ્લામાં સારાં મકાનો મળવાનાં. આવી સ્થિતિમાં ઉછેરેલાં છોકરાં પાસે શી અપેક્ષા રાખી શકાય? તે અપરાધી જીવન જીવતાં થાય તો તેમાં તેમના દોષ કરતાં તેમની પરિસ્થિતિનો જ વધુ દોષ મનાવો જોઈએ. તેમને કશું જ મળ્યું નથી. સંસ્કારો અને શિક્ષણ પણ નહિ. હવે તે ગુંડા કે અપરાધી ન બને તો શું બને? આવાં માણસોને ઓછામાં ઓછાં બાળકો હોવાં જોઈએ.

ખરેખર તો જેની પાસે ઘર નથી કે આત્મનિર્ભરતા નથી તેમને બાળક પેદા કરતાં રોકવાં જોઈએ. ચીનમાં લગ્ન કરવું તથા બાળક પેદા કરવું તેમાં સરકારનું નિયંત્રણ છે. આપણે પણ એવું કાંઈક કરવું જોઈએ કે જેથી ભારરૂપ, અનિષ્ટકારી, હીનકક્ષાની પ્રજાનો વધારો ન થાય.

ફરીફરીને મહત્ત્વનો પ્રશ્ન એ છે કે કોઈ પણ ભોગે વસ્તીવધારો અટકાવવો જોઈએ. માત્ર આંખ મીંચીને આ કામ થઈ શકે નહિ, પણ વિવેકપૂર્વક ઉત્તમ વસ્તીનો વધારો થાય અને રોગી, અપરાધી, દુર્બળ અને દુર્ગુણોવાળી વસ્તી ઓછી થાય તે પણ જોવું જરૂરી છે. વસ્તી મહાન તો દેશ મહાન. વસ્તી અધમ તો દેશ અધમ થઈ જશે.

**16-7-04**

# ખોટા ઉપદેશોથી ખોટી પ્રવૃત્તિ અને ખોટાં પરિણામો

# 1. જગત મિથ્યા છે

પાયાનો પ્રશ્ન પ્રજાને બળવાન બનાવવાનો છે અને તેના પ્રશ્નો ઉકેલવાનો છે. જો ધર્મ, પ્રજાને બળવાન નહિ બનાવે તો પ્રજા ધર્મનું પાલન કરીને દુર્બળ થશે અને ગુલામ થશે. જો ધર્મ, પ્રજાના પ્રશ્નો નહિ ઉકેલે તો ધર્મ ભારરૂપ બનીને પ્રજા માટે દુ:ખદાયી થઈ જશે. કેટલાક પાયાના ઉપદેશો છે. જે ઉપદેશો વારંવાર પ્રજાના મસ્તિષ્કમાં ઠાંસી-ઠાંસીને ભરવામાં આવ્યા છે અને એના પાલનથી કે વૈચારિક ભૂમિકાથી એ પ્રજાને દુર્બળ બનાવવાની ભૂમિકા ભજવે છે. તેમાંના કેટલાકની અહીં ચર્ચા કરીએ છીએ. યાદ રહે, પ્રત્યેક ઉપદેશને એક જ પ્રશ્ન કરવાનો છે કે તેનાથી પ્રજા બળવાન બને છે કે દુર્બળ? તેનાથી જીવનના પ્રશ્નો ઉકેલાય છે કે નહિ?

## જગત મિથ્યા

મેં કાશીમાં 11 વર્ષ રહીને વેદાન્તનું અધ્યયન કર્યું. અમે સંન્યાસીઓ લોકોને એક જ વાતનો ઉપદેશ આપીએ છીએ કે "આ જગત મિથ્યા છે." કેટલાક તો વળી તેથી આગળ વધીને કહે છે કે "જગત ત્રણે કાળમાં નથી. જગત જેવી કોઈ વસ્તુ જ નથી." સતત આવી વાતોને ગળે ઉતરાવવા માટે મહિનાઓ અને વર્ષો સુધી આ રીતિ-પ્રક્રિયા ચલાવવામાં આવે છે. જોકે જગત મિથ્યા છે આ વાત સાચી નથી. ખરેખર તો જગત સત્ય જ છે. અને તેનું અસ્તિત્વ બધાં જ પ્રમાણોથી સિદ્ધ થાય છે. એટલે વિવર્તવાદી મિથ્યાત્વ અને અજાતવાદીય જગતનો અત્યંત અભાવ બંને પ્રમાણ વિરુદ્ધ અને અવ્યાવહારિક છે. (વાંચો 'વેદાન્ત સમીક્ષા') તોપણ માની લો કે જગત મિથ્યા છે અથવા જગત છે જ નહિ. હવે પ્રશ્ન એ થાય છે કે આવી માન્યતાથી પ્રજા બળવાન બનશે કે દુર્બળ? ઉત્તર સ્પષ્ટ જ છે કે પ્રજા દુર્બળ થશે. કારણ કે જો તમે જગતને મિથ્યા જ માનતા હો તો જગત વિશે તમને મહત્ત્વાકાંક્ષા નહિ થાય. તમે સિકંદર, નેપોલિયન, વાસ્કો દ ગામા કે કોલંબસ જેવા થવાનું વિચારી નહિ શકો. પારકા રોટલા ખાઈને જેમતેમ જીવન પૂરું કરી લેવાની મનોવૃત્તિ થઈ જશે. આ સિદ્ધાંતે કેટલાય સમર્થ લોકોને નિષ્ક્રિય અને પરોપજીવી બનાવી દીધા. "જગત છે જ નહિ, હવે કશું કરવાનું રહેતું નથી. માત્ર પ્રારબ્ધ ભોગવી લો. જીવનમુક્તિનો આનંદ લઈ લો." આવી તોતા- રટ રટનારા પોતાને જ્ઞાની અને બીજાને અજ્ઞાની કહેવડાવે છે. જરા વિચાર કરો, આ તે જ્ઞાની કહેવાય કે અજ્ઞાની? જે વિચારો અને સિદ્ધાન્તોથી પ્રજા નિષ્ક્રિય, મહત્ત્વાકાંક્ષા વિનાની અને પરોપજીવી થાય તે વિચારો અને સિદ્ધાંતો પ્રજાનું કલ્યાણ કરી શકતા નથી. પ્રજાને દુર્બળ બનાવે છે.

બીજું, માનો કે તમે જગત મિથ્યાનો સિદ્ધાંત પચાવી શક્યા છો. બોલો, હવે તેનાથી તમારો કયો પ્રશ્ન ઉકેલાયો છે? મિથ્યા-મિથ્યા કહીને પણ ઉત્તમ આવાસ, ઉત્તમ ભોજન, માન-પાન, ઐશ્વર્ય, બૅન્ક બૅલેન્સ તથા રાગ-દ્વેષ, શત્રુ-મિત્ર વગેરે તો એવાં ને એવાં જ રહે છે. જગત મિથ્યા કહીને પણ દરવાજામાંથી જ બહાર નીકળાય છે. દીવાલમાંથી બહાર નીકળાતું નથી. કારણ કે દીવાલ મિથ્યા નથી, સત્ય છે. હા, આવા વિચારોથી પ્રશ્નો ઉકેલાતા નથી પણ ઊલટા એક તરફ સ્વપ્નના પદાર્થો કે મૃગમરીચિકા બતાવીને બીજી તરફ એ જ સ્વપ્નના પદાર્થોમાં રમમાણ રહો છો કે પેલા મૃગજળને વારંવાર રસપૂર્વક પીઓ છો. આ તે કેવી વાત? જેમ જેમ જગત મિથ્યાના વિચારો વધુ ને વધુ પ્રસરાવવામાં આવશે તેમતેમ પ્રજા વધુ ને વધુ દુર્બળ થશે અને પ્રશ્નો વધતા જશે. જગતમિથ્યાના સિદ્ધાંતના કારણે ભૌતિક વિકાસ અને ભૌતિક-વિજ્ઞાનનો વિકાસ નહિ થાય. કારણ કે જે વસ્તુ જ મિથ્યા છે તેનો વળી વિકાસ કેવો? ભારતમાં ઘણા બુદ્ધિમાન પુરુષો થયા હોવા છતાં આવા ગુમરાહ વિચારોને કારણે જગતની ઉપેક્ષા કરનારા થયા, જેનાથી ભૌતિક વિજ્ઞાનની ઉપેક્ષા થઈ અને દેશ અને પ્રજા દરિદ્ર થયાં. જો આ પ્રજ્ઞાવાન પુરુષોની પ્રજ્ઞા જગતના પ્રશ્નો ઉકેલવામાં લાગી હોત તો ભારત દરિદ્ર કે ગુલામ ન થયું હોત. ફરીથી સ્પષ્ટતા કરવી જરૂરી છે કે જગત મિથ્યા નથી, પણ સત્ય છે. તેને સુંદર બનાવો, પ્રજાના પ્રશ્નો ઉકેલો, પ્રજાને સુખી-સમૃદ્ધ બનાવો. આ જ ખરી સાધના છે.

# 2. હું બ્રહ્મ છું

"હું પોતે બ્રહ્મ જ છું." "હું દેહ નથી" "દેહ-ગેહ-સંસાર પ્રપંચ છે. આ બધાથી અત્યંત ભિન્ન એવો ચેતનાત્મા જ હું છું. અને આત્મા એ જ પરમાત્મા છે. એટલે હું પોતે પરમાત્મા છું. મારાથી ઉપર કોઈ શ્રેષ્ઠ નથી. હું જ સર્વોચ્ચ અને સર્વસ્વ છું."

આવી વાતોનું રટણ કરતા કેટલાય તથાકથિત જ્ઞાનીઓ ભારતમાં ઠેર-ઠેર જોવા મળશે. માનો કે આ બધું સાચું છે. (જોકે સાચું નથી) તો પણ મૂળ પ્રશ્ન એ થાય છે કે વ્યક્તિ કે પ્રજા બળવાન બને છે? પ્રશ્નો ઉકેલાય છે? માનો કે તમે પોતે જ પરમાત્મા છો. ખરેખર પરમાત્માની શક્તિઓ તમારામાં આવી છે? તમારું ભોજન પણ પરાધીન છે. તમારા સામાન્ય પ્રશ્નો પણ ઉકેલાયા નથી. પછી તમે પોતાને પરમાત્મા માનો તે નિતાન્ત હાસ્યાસ્પદ છે. તૈમૂરલંગે દિલ્હીથી પાછા વળીને મેરઠ લૂંટ્યું હતું અને ત્યાંથી હરદ્વાર પહોંચ્યો હતો, ત્યારે ત્યાં કુંભમેળો ચાલતો હતો. હજારો-કદાચ લાખો જ્ઞાનીઓ પરમાત્મા હોવાનો દાવો કરતા હતા. તૈમૂરે મેળાને ઘેરી લીધો અને માણસોને ગાજર-મૂળાની માફક કાપી નાખ્યાં, હા, પેલા પરમાત્માઓ પણ કપાઈ ગયા. હું પરમાત્મા છું એવું કહેવા માત્રથી પરમાત્મા થઈ જવાતું હોત તો તૈમૂર સફળ ન થાત. પણ તૈમૂર પાસે સાચી શક્તિ હતી. પેલા માત્ર બકવાદ કરનારા શક્તિ વિનાના દુર્બળ હતા. તેમણે કદી સાચી શક્તિની ઉપાસના કરી જ ન હતી. ન તો લોકોને સાચી શક્તિની ઉપાસના કરવાની પ્રેરણા આપતા હતા. એક કાલ્પનિક ઘેનમાં રચ્યાપચ્યા રહેતા હતા. ભક્તો આગળ પોતાનો જયજયકાર કરતા – કરાવતા હતા પણ વાસ્તવમાં તે શક્તિહીન-દુર્બળ હતા અને ઊંચા નામે દુર્બળતા ફેલાવતા હતા. એટલે તૈમૂર જેવા હજારો વિદેશી અને વિધર્મીઓ આ દેશને ગુલામ બનાવવામાં અને ઉત્પીડન કરવામાં સફળ રહ્યા.

સાચી વાત તો એ છે કે હું પરમાત્મા નથી, પણ સામાન્ય માણસ છું. પરમેશ્વરે મને અમુક માપમાં શક્તિ આપી છે. જો હું તેનો ઉપયોગ કરું તો વિમાન ઉડાવી શકું છું. ઍટમબૉમ્બ બનાવી શકું છું. સંસારને ભૌતિક વિજ્ઞાનથી સુખી અને સમૃદ્ધ બનાવી શકું છું. હા, હું રામ થઈ શકું છું તો રાવણ પણ થઈ શકું છું. આવી બધી કેટલીયે શક્તિઓ મારામાં છે પણ તેટલી જ કમજોરીઓ પણ છે, હું મૃત્યુને રોકી શકતો નથી. વૃદ્ધાવસ્થા, બીમારી વગેરેને રોકી શકતો નથી. મારી બધી ઇચ્છાઓ પૂરી કરી શકતો નથી. હું વિષયવાસના આગળ લાચાર થઈ જાઉં છું. આવેગોમાં ઇચ્છા ન હોવા છતાં તણાઉં છું. આમ મારામાં કેટલીક પ્રબળતાઓ છે તો કેટલીક દુર્બળતાઓ પણ છે. આ બંનેના મેળનું નામ તો માણસ છે. હું માત્ર માણસ છું. પરમાત્મા નથી. હું મારી પ્રબળતાઓને વધારું તો પ્રજા બળવાન બને, પ્રશ્નો ઉકેલાય. મારી દુર્બળતાઓનો સ્વીકાર કરું, તો મિથ્યાભિમાની થતો અટકું. સંત બનું. તેમને ઓછી કરવાની સાધના કરું. જેથી મારા અને પ્રજાના પ્રશ્નો ઉકેલાય. હું માત્ર અને માત્ર માણસ છું. પરમાત્મા નથી. એ કોરી કલ્પના છે. એમાં કશી વાસ્તવિકતા નથી. હું તો ઠીક, કોઈ પણ માણસ પરમાત્મા નથી. બધા માણસો જ છે.

માણસને પરમાત્મા માનવો તે અનર્થ છે.

# 3. આ દેહ હું નથી

કોરો આત્મવાદ દેહવિરોધી હોય છે. વ્યક્તિને રાત-દિવસ એક જ વાત સમજાવાય છે કે "હું દેહ નથી, આત્મા છું." "દેહ નશ્વર છે, ક્ષણભંગુર છે, જ્યારે હું આત્મા તો અજર-અમર-નિત્ય છું." આવી ધારણાઓ ગોખાવીને વ્યક્તિને આત્મવાદી કે અધ્યાત્મવાદી માનવામાં આવે છે. આ ધારણા યોગ્ય નથી. આત્મા કરતાં પણ દેહની વાસ્તવિકતા વધારે છે. આત્મા હોય કે ન પણ હોય, પણ દેહ તો છે જ. તેના અસ્તિત્વની જરાય શંકા નથી. જીવનના બધા જ અનુભવો અને નિર્ણયો દેહના માધ્યમથી જ થાય છે. દેહ ન હોય તો એકલો આત્મા કશું જ કરી શકે નહિ. "હું દેહ નથી પણ આત્મા છું." આવું બોલવું પણ દેહના માધ્યમથી જ થઈ શકે છે. સુખ-દુઃખ, શાંતિ-અશાન્તિ વગેરે બધી જ અનુભૂતિઓ પણ દેહ વિના થઈ શકે નહિ. અરે, દેહ વિના આત્માના અસ્તિત્વની વાત પણ કરી શકાય નહિ. માટે દેહ એક સાચી વાસ્તવિકતા છે. આત્મા હોય તો પણ તે દેહ વિના કશું કરી શકે નહિ. દેહ અને આત્મા બંને પરસ્પરમાં સાથીદાર થઈને પ્રવૃત્તિ કરે છે. સુખ-દુઃખ ભોગવે છે. કર્તા-ભોક્તા બને છે. જે લોકો વારંવાર "પોતે દેહ નથી પણ માત્ર આત્મા છે" એવું સમજાવે છે તેમની વાત માની લેવામાં આવે તો પ્રશ્ન એ થાય છે કે ભલે તું આત્મા હોય. પણ તેથી શું? આવી ધારણાથી પ્રજા બળવાન બને છે? પ્રજાના પ્રશ્નો ઉકેલાય છે? ના, કોરો આત્મા કશું જ નથી. શારીરિક બળ શરીરમાંથી આવે છે, બૌદ્ધિક બળ બુદ્ધિમાંથી આવે છે અને માનસિક બળ મનમાંથી આવે છે. આ બધાં દેહનાં તત્ત્વો છે. આત્મામાં તો (દેહ વિના) કોઈ બળ નથી. બળવાન શરીર, બળવાન મન અને બળવાન બુદ્ધિના દ્વારા પ્રજા બળવાન થતી હોય છે. જો તમે દેહને કશું મહત્ત્વ જ ન આપતા હો, અને દેહવિરોધી આત્મવાદી હો તો દેહની ઉપેક્ષા કરવાના જ છો. દેહ-બુદ્ધિની ઉપેક્ષાથી પ્રજા કમજોર થશે. કેવળ આત્મા – એમ માની રટ લગાવવાથી કાંઈ બળ આવી જતું નથી.

મારે ત્યાં આશ્રમમાં આવી જ ધારણાવાળા એક શુષ્ક આત્મવાદી આવ્યા હતા. વાતવાતમાં તેઓ કહે કે હું દેહ નથી, મારે ને દેહને કાંઈ લેવા દેવા નથી. હું તો શુદ્ધ ચૈતન્ય આત્મા જ છું." તેઓ થોડાક દિવસ રોકાયા. સવારના પહોરમાં ખિન્ન થઈને બોલ્યા કે "રાત્રે મચ્છર બહુ કરડ્યા. ઊંઘ ન આવી. બહુ ત્રાસ થયો." મેં કહ્યું કે તમે તો શુદ્ધ ચૈતન્ય આત્મા છો. તમને મચ્છર કેવી રીતે કરડે? મચ્છર તો દેહને કરડ્યા હશે અને તમે તો વારંવાર કહો છો કે હું દેહ નથી. દેહને અને મારે કાંઈ લેવાદેવા નથી. તો હવે લેવાદેવા ક્યાંથી આવી ગઈ?

કહેવાની જરૂર નથી કે આવા ઉપદેશો વાસ્તવિકતાથી દૂર, માત્ર વાણીનો વિલાસ કરનારા જ હોય છે. જે વાસ્તવિક નથી હોતું તે પ્રશ્નોને ઉકેલી શકતું નથી, માત્ર કોરી કલ્પનાઓમાં રાચવાથી ન તો પ્રજા બળવાન થઈ શકે ન પ્રજાના જીવનના પ્રશ્નો ઉકેલી શકાય. હું આત્મા છું અને હું દેહ પણ છું. દેહ સાથે મારે પૂરેપૂરી લેવાદેવા છે જ. એટલે દેહની ઉપેક્ષા કરવાની ન હોય. મારો દેહ બળવાન બને, આરોગ્યવાન બને અને સુંદર બને તેવા પ્રયત્નો મારે કરવા જોઈએ. આ રીતે પૂરી પ્રજાને આરોગ્ય સહિત બળવાન બનાવી શકાય. બળવાન શરીર જ ઉત્તમ ભોગો ભોગવી શકે. આવા ભોગો પ્રત્યે તિરસ્કાર કરવાનો ન હોય. જે લોકો માંદા, નિસ્તેજ, ફિક્કા અને દુર્બળ છે, તેઓ પ્રાપ્ત ભોગો ભોગવી શકતા નથી, પરિણામે તેમના ભોગો બીજા લોકોના હાથમાં જાય છે. આ રીતે તેઓ પોતાના ઘરને ઉજ્જડ કરનારા બની જતા હોય છે. માયકાંગલાં નર-નારીઓ, "પોતે શુદ્ધ-બુદ્ધ ચૈતન્ય આત્મા જ છે, શરીર નથી" આવી પોપટરટ લગાવવાથી વધુ ને વધુ પામર બની જતાં હોય છે. શક્તિહીન-સામર્થ્યહીન આવા લોકો વારંવાર ભોગોનો પણ વિરોધ કરતા રહે છે. કારણ કે તેઓ સામર્થ્યહીન થઈને કાં તો ભોગો મેળવી શકતા નથી અથવા કાં તો મેળવેલા ભોગવી શકતા નથી. તીવ્ર ભોગવાદ સારો નથી. પણ તીવ્ર અભોગવાદ પણ સારો નથી. બંને છેડાને ત્યાગીને મધ્યમ ભોગવાદ હિતાવહ છે. ભોગોથી ભાગવાથી ભોગો છૂટતા નથી પણ વધુ પાછળ પડે છે. ઉત્તમ માર્ગ તો એ છે કે યથાયોગ્ય ભોગોને પૂરેપૂરો ન્યાય અપાય. ભોગો પણ ઔષધ છે. જીવન માટે જરૂરી છે. તેનો વિરોધ માત્ર અતિરેકનો જ છે. દૂધપાક ખાવો જ જોઈએ પણ ઊલટી થાય તેટલો નહિ, પચે તેટલો. ભોગવાદનો અત્યંત વિરોધ પ્રજાને સુખદ્રોહી બનાવે છે. સુખદ્રોહી પ્રજા સુખ માટે પ્રયત્નો નથી કરતી એટલી દરિદ્ર ને કંગાળ બને છે. બીજી તરફ તેના ભોગો બીજી પ્રજા લૂંટી લે છે. કારણ કે તે તો પોતાના ભોગો પણ સ્વીકારતો નથી. અતિભોગોથી રોગો મળે છે, તે વાત સાચી છે, પણ યથાયોગ્ય ભોગોથી આરોગ્ય,

શાંતિ અને તૃપ્તિ મળે છે, તે પણ એટલું જ સાચું છે. વિરોધ અતિ માત્રાનો છે. મૂળનો નથી.

ભોગો પ્રત્યે તીવ્ર અણગમો કરનારને જોજો. દૂબળાં-પાતળાં-માયકાંગલાં હશે. કુદરતનિર્મિત જરૂરી ઔષધનો તે વિરોધ કરે છે. ભોગોને યથાયોગ્ય માત્રામાં સ્વીકારનાર લોકોને જોજો. હૃષ્ટપુષ્ટ, બળવાન, તેજસ્વી અને દીર્ઘજીવી હશે. ફરીથી કહું છું કે અતિનો જ વિરોધ છે. યથાયોગ્યનો નહિ.

જે રીતે દેહવિરોધી, સુખવિરોધી આત્મવાદનો ઉપદેશ અપાય છે તેનાથી પ્રજા બળવાન થતી નથી. દુર્બળ થાય છે. જીવનના પ્રશ્નો ઉકેલાતા નથી. વધુ ને વધુ પ્રશ્નો ઊભા થાય છે. પ્રજાને આવા ગુમરાહી ઉપદેશોથી બચાવવી જોઈએ.

**10-9-04**

# 4. હું કર્તા-ભોક્તા નથી

કોરો આત્મવાદ જેમ દેહથી પોતાને દૂર, નિર્લેપ ઠરાવે છે તેમ જ "હું કર્તા કે ભોક્તા નથી" તેવું પણ ઠસાવે છે. તથાકથિત જ્ઞાનીઓ વારંવાર દુહાઈ દેતા હોય છે કે, 'હું કર્તા કે ભોક્તા નથી.' હવે પ્રશ્ન એ થાય છે કે "તો પછી કર્તા-ભોક્તા છે કોણ?" આવા પ્રશ્નના જુદા-જુદા ઉત્તરો અપાય છે.

1. કર્તા-ભોક્તા તો આ શરીર છે.
2. કર્તા-ભોક્તા તો અંતઃકરણ છે.
3. અજ્ઞાનથી કર્તા-ભોક્તાપણું જીવાત્મામાં દેખાય છે. વગેરે.

હવે પ્રશ્ન એ છે કે આત્મા સિવાય દેહ, અંતઃકરણ વગેરે કર્તા-ભોક્તા હોય તો ભલેને હોય. તેમાં તમારે શું? તમે તો આત્મા જ છો ને? બસ મસ્તીમાં રહો. પણ ખરેખર આ પોપટિયું જ્ઞાન છે એટલે મસ્તી આવી ન શકે. માથું દુખતું હોય તોપણ બેચેની થઈ જાય છે. તાવ, કૅન્સર કે બીજી ત્રાસદાયી બીમારીઓથી મહાદુઃખ થાય છે. તેનાથી છૂટવાના પ્રયત્નો થાય છે. "મને આત્માને કોઈ રોગ નથી" આવું કહેવાથી કોઈ પ્રશ્ન ઉકેલાતો નથી. આ વાચાળતા માત્ર છે. આવી વાચાળતાને આધ્યાત્મિકતા માની લેવાની ભૂલો થાય છે, જેથી પ્રજા દુર્બળ બને છે. દેહદ્રોહી આત્મવાદ પ્રજાને દેહવિમુખ બનાવે છે. તેથી દેહના પ્રશ્નો ઉકેલાતા નથી. આત્માના નામે દેહ ઉપર દમન કરનારા કે તેના ઉપર કુદરતવિરોધી નિયમોને થોપી દેનારા અંતે તો પ્રજાને દુર્બળ બનાવે છે. સાચો ઉપદેશ તો એ છે કે દેહને યોગ્ય આહાર-વિહાર અને વ્યાયામના દ્વારા બળવાન બનાવો. શક્તિ પ્રમાણે સંસારનાં સુખો ભોગવો. દેહદ્રોહી કે સુખદ્રોહી ન બનો. તમારા સામર્થ્યથી તમારા માટે તથા લોકોના માટે વધુ ને વધુ સુખોનું નિર્માણ કરો. સુખ-દુઃખ કલ્પના નથી, તે વાસ્તવિક છે. તેના તમે કર્તા અને ભોક્તા પણ છો જ. જેમ મડદું સુખદુઃખ ભોગવી શકતું નથી, તેમ ઉત્પન્ન પણ કરી શકતું નથી. આવી જ રીતે એકલો આત્મા પણ સુખદુઃખ ભોગવી શકતો નથી તેમ ઉત્પન્ન પણ કરી શકતો નથી. દેહ અને આત્મા બંને મળીને જ આ થઈ શકે છે. એટલે કર્તા-ભોક્તાની જવાબદારીથી છટકી શકાય નહિ. હું કર્તા-ભોક્તા નથી – આવી છટકબારીથી અકસ્માત્ કરીને દંડથી બચી શકાય નહિ. ખરેખર તો પ્રત્યેક માણસે પોતાના કર્તૃત્વની જવાબદારી સ્વીકારવી જોઈએ. તો જ તે તેનાં પરિણામોથી સાવધ રહી શકશે. "હું કર્તા છું અને હું ભોક્તા પણ છું", પ્રત્યેક માણસે પોતાનું કરેલું ભોગવવું જ પડે છે. આવી ધારણાથી કર્તૃત્વની બેજવાબદારી પ્રજા દૂર કરી શકાય. ખરેખર તો કર્તવ્યપરાયણ જવાબદારીવાળી પ્રજા જ બળવાન થઈ શકે. કર્તવ્યવિમુખ કે બેજવાબદાર પ્રજા બળવાન ન થઈ શકે. કરું હું અને ભોગવે બીજા, અથવા કરે બીજા ને ભોગવે બીજા એવી થિયરી પ્રજાને નિમ્ન કોટિની બનાવે છે. કર્તવ્ય અને જવાબદારી સ્વીકારીને જ પ્રજા બળવાન – મહાન થઈ શકે.

**10-9-04**

# 5. રાગદ્વેષથી મુક્ત થાવ

વારંવાર ઉપદેશ આપવામાં આવે છે કે “રાગદ્વેષથી મુક્ત થાવ, રાગ-દ્વેષ જ બંધનનું કારણ છે” વગેરે. આ ઉપદેશ બરાબર નથી. જીવન માટે રાગ પણ જરૂરી છે અને દ્વેષ પણ જરૂરી છે. તમને ધર્મ પ્રત્યે રાગ હોય તો જ તમે ધાર્મિક જીવન જીવી શકો. જો ધર્મ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે કે સદ્‌ગુણો પ્રત્યે રાગ ન હોય તો તમે જે તે વસ્તુઓ પ્રત્યે સતત આકર્ષિત રહી શકો નહિ. આવી જ રીતે દારૂ, ચરસ, ગાંજો, ગુટકા, ડ્રગ વગેરે પ્રત્યે દ્વેષ હોય તો તમે તેનાથી દૂર રહી શકો. દુર્ગુણો અને કુકર્મીઓ પ્રત્યે દ્વેષ હોય તો જ તમે તેનાથી દૂર રહી શકો. આવો દ્વેષ કલ્યાણકારી છે. સદ્‌ગુણો અને સત્કર્મીઓ પ્રત્યે રાગ કલ્યાણકારી છે. આવી જ રીતે દુર્ગુણો અને કુકર્મીઓ પ્રત્યે દ્વેષ પણ જરૂરી છે. જો આ બંનેમાં સમભાવ રાખવાનો હોય તો “ટકે શેરભાજી અને ટકે શેર ખાજાં” થઈ જાય. એ અનિષ્ટકારી બની જાય.

પતિને પત્ની પ્રત્યે અને પત્નીને પતિ પ્રત્યે રાગ હોય તો જ સુખી દામ્પત્ય થઈ શકે. જો બંને કે બેમાંથી કોઈ એક વીતરાગી થઈ જાય તો દામ્પત્ય દુઃખી દુઃખી થઈ જાય. આવું જ પોતાના પરિવાર પ્રત્યે પણ છે. રાગ અને લાગણીઓ એક જ છે. લાગણીનું નામ જ જીવન છે. લાગણીહીન થઈને સુખી જીવન જીવી શકાય નહિ. એટલે તો લોકગીતમાં કહ્યું છે કે

હાલોને આપણા મલકમાં,

આપણા મલકનાં માયાળુ માનવી.... વગેરે

આ માયાળુપણું લાગણીઓમાંથી આવે છે. જો લોકો રાગ-દ્વેષથી પર થઈ જાય તો જીવનમાં રસ જ ન રહે. જીવન નીરસ થઈ જાય.

પણ રાગ-દ્વેષની કલ્યાણકારિતા બે તત્ત્વોને આધારિત છે. 1. યોગ્ય વ્યક્તિ યા વસ્તુ. 2. યોગ્ય માત્રા.

પોતાની પત્ની પ્રત્યે રાગ કલ્યાણકારી છે. પણ પરપત્ની પ્રત્યે રાગ થાય તો તે હાનિકારક છે. આમ વ્યક્તિ અને વસ્તુનો વિવેક જરૂરી છે. આવી જ રીતે પોતાની પત્ની કે કોઈ વસ્તુ પ્રત્યેનો રાગ નિશ્ચિત પ્રમાણમાં હોવો જોઈએ. જો પત્ની કે પતિ પ્રત્યે પણ તીવ્ર અને અતિરેકભર્યો રાગ હશે તો તે હાનિકારક થઈ શકે છે. આવી જ રીતે દ્વેષ પણ યોગ્ય વ્યક્તિ અને વસ્તુ પ્રત્યે ઉચિત માત્રામાં જ હોવો જોઈએ. જો માત્રા વધી જાય કે વ્યક્તિ બદલાઈ જાય, જેમકે જ્યાં રાગ કરવાની જરૂર હોય ત્યાં દ્વેષ કરવામાં આવે તો તે હાનિકારક બની જાય છે. કહેવાનો અર્થ એ છે કે રાગ અને દ્વેષ જીવન માટે જરૂરી છે પણ તેમાં પાત્રનો તથા માત્રાનો વિવેક હોય તો જ તે કલ્યાણકારી થઈ શકે છે. રાગ અને દ્વેષ વિનાનું જીવન કલ્પી શકાય નહિ. રાગ-દ્વેષની રચના પરમાત્માએ કરી છે. જો માણસ તેનો ઉપયોગ વિવેકપૂર્વક કરે તો તે કલ્યાણકારી થઈ શકે છે. તેનો સંપૂર્ણ ઉચ્છેદ શક્ય નથી અને કલ્યાણકારી પણ નથી. રાગ-દ્વેષથી પર થવાના સતત ઉપદેશો વાંઝિયા થાય છે. કારણ કે જે શક્ય નથી તેનો ઉપદેશ અપાય છે. ખરેખર તો ઇષ્ટ વસ્તુ પ્રત્યે રાગ અને અનિષ્ટ વસ્તુ પ્રત્યે યોગ્યમાત્રામાં દ્વેષ હોય તો જીવન સારું બની શકે છે. વીતરાગ કે વીતદ્વેષ થવાનો અર્થ છે, લાગણીહીન, ચેતનાહીન થઈ જવું. આવો આદર્શ પ્રજાને હાનિ પહોંચાડે છે. તેનાથી બચવું જોઈએ.

**11-9-04**

# 6. કાંચન-કામિનીનો ત્યાગ

સતત ઉપદેશો અપાય છે કે જો મોક્ષ જોઈતો હોય તો કાંચન-કામિનીનો ત્યાગ કરવો જ પડશે. કાંચન-કામિનીમાં રચ્યા-પચ્યા રહેનારાને મોક્ષ મળતો નથી અને આવી વ્યક્તિ ગુરુ પણ થઈ શકે નહિ. આવા ઉપદેશોના પરિણામે ભારતમાં ત્યાગીઓની સંસ્થા ઊભી થઈ. આ ત્યાગી સાધુઓ પણ આવો જ ઉપદેશ આપીને વધુમાં વધુ લોકોને ત્યાગી બનાવવા લાગ્યા. લોકોનો ઉત્પાદક વર્ગ ઓછો થતો ગયો અને પરાવલંબીવર્ગ વધતો ગયો. ત્યાગ ખરો પણ જીવન પરાવલંબી. પરાવલંબી જીવનને વધુ ને વધુ પ્રતિષ્ઠિત કરવા માટે ત્યાગની વધુમાં વધુ આવૃત્તિઓ થવા લાગી. કાંચન અને કામિનીઃ આ બે ત્યાગવાની મહત્ત્વની વસ્તુઓ. એટલે પત્નીત્યાગ અને લક્ષ્મીનો અસ્પર્શ વધુ ને વધુ પ્રતિષ્ઠા પામતો રહ્યો. ત્યાગે જ્યારે પ્રદર્શનનું અને સમૂહનું રૂપ લીધું ત્યારે તેને પળાવવા માટે કઠોરથી કઠોર નિયમો રચવામાં આવ્યા. કુદરતસહજ જીવન જીવવામાં કઠોર નિયમોની જરૂર નથી રહેતી. પશુ-પક્ષીઓ કુદરતસહજ જીવન સહજ રીતે જીવે છે. તેમને સ્ત્રીઓનું મોઢું ન જોવાની જરૂર નથી રહેતી. પણ ત્યાગીઓએ કુદરતવિરોધી ત્યાગ પાળવાનો હોવાથી કઠોર અને અસ્વાભાવિક નિયમો પાળવા-પળાવવા જરૂરી છે. બસ એક જ ઉપદેશ કે સ્ત્રીધનનો ત્યાગ કરો. જે નથી ત્યાગતા તે મોહમાયામાં પડેલા છે, તેમને કદી મોક્ષ મળવાનો નથી, તે ચોર્યાસી લાખ યોનિમાં ભટક્યા કરશે. એટલે જો મોક્ષ જોઈતો હોય તો કાંચન-કામિનીનો ત્યાગ કરો. મારા પ્રાથમિક જીવનમાં આ ઉપદેશોની તીવ્ર અસર થયેલી એટલે લક્ષ્મીનો સ્પર્શ કર્યા વિના હું ઘરેથી ઉઘાડા પગે નીકળી પડેલો અને ભારતના ઘણા ભાગમાં કાંચન-કામિનીના ત્યાગી એવા ગુરુને શોધવા લાગેલો. ગૃહત્યાગ કર્યાને આજે મને 53 વર્ષ થયાં છે. આટલાં વર્ષોના અનુભવે મને સમજાયું છે કે આ ધારણા ખોટી છે. યુવાનોને ગુમરાહ કરનારી છે. જીવનમાં કાંચન (પૈસો) અને કામિની (સ્ત્રી) બંનેની જરૂર છે. જીવનના બે મહત્ત્વના પ્રૉબ્લેમ છે. એક મની પ્રૉબ્લેમ અને બીજો સૅક્સ-પ્રૉબ્લેમ. જો તમે આ બંને પ્રશ્નોને સારી રીતે ઉકેલી ન શકો તો દુઃખી દુઃખી થઈ જાવ. લક્ષ્મીનો ત્યાગ કરનારા અર્થ પ્રશ્નને ઉકેલી શકતા નથી. તેમનું સંપૂર્ણ જીવન પરાધીન-પરાવલંબી થઈ જાય છે. અન્ન-વસ્ત્ર આવાસ બધું જ પરાધીન થઈ જવાથી આવા માણસો ગુલામ કે અર્ધગુલામ જેવું જીવન જીવે છે. હા, તેમાં કેટલાક પ્રતિષ્ઠિત ગુલામી ભોગવતા હોય છે. કેટલાક દંભી પાખંડીઓ તો ઉપરથી લક્ષ્મીનો સ્પર્શ નથી કરતા પણ બીજી રીતે લાખ્ખો-કરોડોની સંપત્તિ હાથવગી રાખતા હોય છે. આ નર્યું પાખંડ છે. આ રીતે તેઓ પોતાનો મનીપ્રૉબ્લેમ ઉકેલે છે. ઉપરથી ત્યાગી, અંદરથી માલદાર જ માલદાર.

જીવનનો બીજો પ્રશ્ન સૅક્સનો છે. કામિનીનો ત્યાગ કરવાથી આ પ્રશ્ન ઉકેલાતો નથી; વધુ ભયંકર બને છે. કામવાસના કુદરતી છે, તેને લાખ પ્રયત્નો કરીને પણ નષ્ટ કરી શકાય નહિ. જો તમે તેને હદબહાર દબાવવાનો પ્રયત્ન કરો તો તે ફણીધર નાગની માફક ફૂંફાડા મારીને તમને હેરાન-પરેશાન કરી નાખે. દામ્પત્યજીવનવાળા કુદરતસહજ જીવન પ્રાપ્ત કરે છે જે આ ત્યાગીઓ નથી પ્રાપ્ત કરી શકતા. દબાયેલી વાસના, બીજા અકુદરતી માર્ગ કરી લે છે, જેમાં બિચારાં બાળકોની તકલીફ વધી જાય છે. કુદરતસહજ સૅક્સ પ્રૉબ્લેમને અવરોધીને સ્ત્રીત્યાગી તો થયા, કઠોર નિયમો દ્વારા સ્ત્રીઓથી દૂર પણ રહ્યા; પણ એમ કરવાથી કાંઈ વાસના મરી જતી નથી. તે ફંટાઈને પશુઓ કે બાળકો તરફ વળી જાય છે. જો આવો પણ માર્ગ ન મળે તો પછી પોતે જ કોઈ ને કોઈ રીતે રસ્તો કાઢી લે છે. આનાથી જીવન વધુ ને વધુ વિકૃત બને છે. અંદર વિકૃતિ અને ઉપર ત્યાગવાળું પ્રદર્શિત જીવન પૂજાય છે. પોતે અને લોકો બંને ગુમરાહ બને છે. રોગો, નિસ્તેજતા, અશાન્તિ, ભય અને અંતે અલ્પજીવિતા – આ બધું પ્રાપ્ત થાય છે. એટલે કાંચન-કામિનીના ત્યાગનો ઉપદેશ નહિ પણ ન્યાય-નીતિથી પૈસા કમાવાનો તથા યોગ્ય સ્ત્રી (કે પુરુષ) સાથે લગ્ન કરીને જીવન જીવવાનો ઉપદેશ આપવો જોઈએ. શક્તિપ્રમાણે ધન કમાવાથી માણસ પગભર થઈને સ્વાવલંબી જીવન જીવશે. તેનો મની-પ્રૉબ્લેમ હલ થશે. પત્ની હોવાથી સૅક્સ- પ્રૉબ્લેમ હલ થશે. હા, આ બંનેમાં સંતોષ અને તૃપ્તિ રાખવાનો ઉપદેશ પણ જરૂરી છે.

**11-9-04**

# 7. બ્રહ્મચર્ય

"અખંડ' બ્રહ્મચર્ય પાળવું જોઈએ. આવા અખંડ બ્રહ્મચર્યથી માણસમાં અમાપ બળ, બુદ્ધિ અને શક્તિ આવે છે. માટે વિષયભોગોનો સદંતર ત્યાગ કરો. સ્વપ્નમાં પણ સ્ત્રીનું ચિંતન ન કરો. સ્ત્રીથી દૂર રહો, તેનું મોઢું પણ ન જુઓ. એક સાથે બેસો નહિ, તેના હાથની રસોઈ ન જમો કે પાણી પણ ન પીઓ." મોટા ભાગે પ્રદર્શિત ત્યાગીઓ આવા ઉપદેશ આપીને યુવાનોને ગુમરાહ કરતા હોય છે. હજારો યુવાનો આવા અખંડ બ્રહ્મચર્યના આકર્ષણથી ઘરબાર-પરિવાર છોડીને દીક્ષા લઈ લેતા હોય છે. તેમને બિચારાને ક્યાં ખબર હોય છે કે આવા ઉપદેશો અકુદરતી છે. તેમાં વાસ્તવિકતા નથી હોતી. કાલ્પનિક કથાનકો દ્વારા લોકોને ગુમરાહ કરવામાં આવે છે કે બ્રહ્મચર્ય પાળવાથી બળ-બુદ્ધિ અને ઓજ વધે છે. ભારતમાં લગભગ એક કરોડ જેટલા બ્રહ્મચારીઓ રહે છે. પહેલાં તેમનું બળ, બુદ્ધિ અને ઓજની ચકાસણી કરશો તો ખ્યાલ આવશે કે મોટા ભાગે ત્રણે બાબતમાં ઊલટું દેખાય છે. કેમ? કારણ કે ઉપદેશ જ ખોટો છે. તેમની તુલનામાં સંસારી માણસો વધુ બળ-બુદ્ધિવાળા અને ઓજસ્વી હોય છે. કારણ કે કુદરતસહજ માર્ગે ચાલતા હોય છે. મોટા-મોટા પહેલવાનો, અમેરિકાના વિશાળકાય રેસલરો, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડના સામાન્ય માણસો આ બધા વધુ બળવાન હોય છે. તેઓ બ્રહ્મચર્યનો કોઈ દાવો કરતા નથી. મોટા-મોટા વૈજ્ઞાનિકો, સંશોધકો, અર્થશાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ વગેરે બધા મહાન બુદ્ધિશાળીઓ કુદરતસહજ લગ્નજીવન જીવતા હતા, પણ તેમની મેધા અમાપ હતી. આજે પણ બળબુદ્ધિ અને ઓજસ્વિતાની બાબતમાં આવા કુદરતસહજ જીવન જીવનારા સંસારી લોકો જ આગળ દેખાય છે. મોટાં યુદ્ધો, કરોડો સૈનિકો, હજારો સેનાપતિઓ, મોટા મોટા રાજનેતાઓ, રાજાઓ, મહારાજાઓ, બાદશાહો, નવાબો વગેરે બ્રહ્મચારી ન હોવા છતાં તેમણે જે કાર્યો કર્યાં છે તે કરોડ બ્રહ્મચારીઓ કરી શક્યા નથી. ખરેખર તો પરાણે બ્રહ્મચર્ય પાળનારા સતત ટેન્શનમાં રહે છે. અકુદરતી રીતે વીર્યનું સ્ખલન થઈ જવાથી શરીર દુર્બળ અને નિસ્તેજ થઈ જાય છે. રોગો અને દુર્બલતાના કારણે તેઓ લાંબું જીવી શકતા નથી. હા, એક લાભ દેશને જરૂર થાય છે કે તેમના અવિવાહિત રહેવાથી અનુપાતમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઓછું હોવાથી બાકીના પુરુષોને લગ્નના ચાન્સ મળી રહે છે. જરા વિચાર કરો કે જો આ એક કરોડ (આશરે) બ્રહ્મચારીઓ લગ્ન કરે તો પ્રથમથી જ ઓછો અનુપાત વધારે ન્યૂન થઈ જાય. આ દૃષ્ટિએ ઠીક કહેવાય. પણ તેની બહુ મોટી કિંમત પ્રજાએ ચૂકવવી પડે છે. લગભગ મોટા ભાગના પરાવલંબી જીવન જીવતા હોવાથી અનુત્પાદક હોય છે. તેમનો ભાર પ્રજાએ ઉપાડવો પડતો હોય છે. સાચી વાત તો એ છે કે યુવાનોને બ્રહ્મચર્ય તરફ નહિ પણ લગ્ન તરફ વાળવા જોઈએ. સ્વાવલંબી જીવન જીવતા કરવા જોઈએ. જે ધર્મોમાં બ્રહ્મચારીઓ હોતા જ નથી, તેમનો ધર્મ અટક્યો કે રૂંધાયો નથી. દા.ત. ઇસ્લામમાં બ્રહ્મચારીઓ નથી હોતા. તો પણ વિદ્વાનો ધર્મપ્રચારકો અને ધર્મપ્રસારકો સૌથી વધુ થાય છે. એટલે બ્રહ્મચારીઓ નહિ હોય તો ધર્મનું શું થશે તેવી ચિંતા કરવા જેવી નથી. ખોટા ઉપદેશોથી ખોટાં પરિણામો પ્રાપ્ત થાય છે. હા, યથાયોગ્ય સંયમ જરૂર હોવો જોઈએ.

**11-9-04**

# ૪. અહિંસા પરમોધર્મ

વિશ્વમાં ક્યાંય નહિ, એક માત્ર ભારતમાં અને તે પણ બૌદ્ધ-જૈન અને હિન્દુ પ્રજામાં જ આ સૂત્ર વધુ પ્રચલિત કરવામાં આવ્યું છે.

તીવ્ર અહિંસાવાદીઓ સતત અહિંસા પાલનનો ઉપદેશ આપતા રહે છે. કેટલાક તો એટલા બધા અંતિમવાદી હોય છે કે પૂરી અહિંસા પાળવા માટે ખેતીનું સમર્થન નથી કરતા, સ્નાન નથી કરતા, દાતણ નથી કરતા. સંડાસમાં સંડાસ નથી જતા. એમને એક જ ચિંતા રહે છે કે હિંસા ન થઈ જાય. હમણાં હમણાં એક અહિંસાવાદી લેખકે જણાવ્યું કે “આપણી દુર્દશાનું કારણ ગટર યોજના છે. ગટરોમાં મળમૂત્ર વહી જાય છે. પર્યાવરણ દૂષિત બને છે. પહેલાં માણસ ખુલ્લી જમીનમાં ઝાડો-પેશાબ કરતો તે સારું હતું. કારણ કે પૃથ્વીને આપોઆપ તેનું પોષણ મળી રહેતું. હવે આ બધું પોષણ ગટરોમાં ચાલ્યું જાય છે અને નદીઓને દૂષિત બનાવે છે.” વિચારો તો સારા છે, પણ વ્યાવહારિક નથી. મુંબઈ જેવાં મોટાં શહેરોમાં ગટર વિનાની કલ્પના જ કરી ન શકાય. ગટરનો ઉપયોગ ન કરવાના આગ્રહી કેટલાક લોકો જ્યાં ઊતરે છે ત્યાં દુર્ગંધમય નરકાગાર બનાવી બેસે છે, જેથી આજુબાજુના લોકોને ભયંકર ત્રાસ થાય છે. જ્યાં સુધી માણસ જંગલમાં રહેતો હતો અને ઘણાં જંગલો હતાં ત્યાં સુધી એવા લોકો માટે કદાચ ખુલ્લામાં હાજતે જવું ઠીક હતું, આજે પણ જંગલી પ્રાણીઓ એમ જ કરે છે. પણ માણસ નાગરિક બન્યો અને સગવડોનો વિકાસ કરવા લાગ્યો. હવે આ પ્રક્રિયા વ્યાવહારિક તો ન જ કહેવાય. શક્ય પણ ન કહેવાય. જે ગામમાં કે કસ્બાઓમાં ગટર યોજના નથી હોતી ત્યાં જઈને જુઓ તો રોડની બાજુમાં ખુલ્લી નાળીઓમાં ગંદકી વહેતી હોય છે. માણસ નરકમાં રહેનારો બની જાય છે. અહિંસાવાદ આમ જુઓ તો વિકાસવિરોધી બની ગયો છે. કાંઈ જ વિકાસ નહિ કરવાનો, કારણ કે બધી જ પ્રક્રિયામાં હિંસા થાય છે.

બીજી તરફ તીવ્ર અહિંસાવાદથી સૈનિકો પેદા કરી શકાતા નથી. સૈનિકો વિના યુદ્ધો કોણ લડે? શસ્ત્રો અને સૈનિકો વિનાની પ્રજા યુદ્ધો લડી શકે નહિ. એટલે હિંસાવાદની આગળ તેઓ ટકી શકે નહિ. કદાચ ટકે તો તે ગુલામ થઈને જ ટકે. વાઘ અને દીપડા સામે સસલાં-હરણાંની જે દશા થાય તે તીવ્ર અહિંસાવાદીઓની હિંસાવાદીઓ સામે થાય. હજારો મંદિરો તૂટ્યાં, હજારો મૂર્તિઓ તૂટી તોયે ક્યાં ભાન થાય છે? આજે જમીનમાંથી જે મૂર્તિઓ મળી આવે છે તે કોઈ ચમત્કાર નથી. વર્ષો પહેલાં હિંસાવાદીઓનાં ધાડાંથી બચાવવા માટે શક્તિહીન લોકોએ તેમને બચાવવા માટે જમીનમાં દાટી દીધી હતી તે જ આ મૂર્તિઓ છે. આપણે ભવ્યાતિભવ્ય મંદિરો તો બાંધી શકીએ છીએ, તેમાં હીરા-માણેક-મોતી જડેલી મૂર્તિઓ પણ પધરાવી શકીએ છીએ. પણ સમય આવ્યે તેનું રક્ષણ કરી શકતા નથી. કારણ કે આપણે વાઘની સામે વાઘ થઈ શકતા નથી. ઉપદેશો જ એવા અપાય છે કે માણસ સસલાં-હરણાં જેવો થઈ જાય. હવે જરૂર છે “વીરતા પરમો ધર્મઃ”ની. (વાંચો “સંપૂર્ણ અહિંસા શક્ય નથી.”)

# 9. પૂર્વનાં કર્મો

પુનર્જન્મવાદની સાથે અનિવાર્ય રીતે સંકળાયેલી વસ્તુ છે, "પૂર્વનાં કર્મો". લગભગ બધા જ ત્યાગીઓ એવો ઉપદેશ આપે છે કે "સુખ-દુઃખ, હાનિ-લાભ, રોગ-નીરોગ, માણસોનું મળવું, – બિછડવું, દરિદ્ર કે ધનવાન થવું – આ બધું પૂર્વના કર્મ પ્રમાણે થયા કરે છે. જે જીવોએ પૂર્વમાં જે જે કર્મો કર્યાં હોય છે, તેનું પ્રારબ્ધ બંધાય છે. પ્રારબ્ધ પ્રમાણે તે જુદી-જુદી યોનિઓમાં જન્મ ધારણ કરે છે. મનુષ્યયોનિમાં પણ કોઈ બ્રાહ્મણના ત્યાં તો કોઈ શૂદ્રના ત્યાં જન્મે છે. પછી કર્મ પ્રમાણે તેને બુદ્ધિ પ્રાપ્ત થાય છે અને કર્મ પ્રમાણે વિદ્યા, ધંધા, પતિ-પત્ની બાળકો વગેરે પ્રાપ્ત થાય છે. સૌ કોઈ એક બીજાના ઋણાનુબંધ પ્રમાણે ભેગાં થાય છે અને પછી વિખરાઈ જાય છે. માનવનું આયુષ્ય, રોગ, મૃત્યુનો પ્રકાર વગેરે બધું જ પૂર્વના કર્મ પ્રમાણે નક્કી થાય છે. એકંદરે એમ કહેવાય કે પૂરું જીવન પૂર્વનાં કર્મો પ્રમાણે જિવાય છે. પ્રારબ્ધ આગળ બધા લાચાર છે. તેને ભોગવવું જ પડે છે. જ્ઞાની પુરુષ એ છે કે જે હસતાં-હસતાં પ્રારબ્ધોને ભોગવી લે." આવો ઉપદેશ મોટા ભાગે બધા જ ગુરુઓ આપતા હોય છે. આવા ઉપદેશથી પુરુષાર્થ, સાહસ, પરાક્રમ વગેરેનું મહત્ત્વ રહેતું નથી. પ્રજા પૂર્વના કર્મને જ સર્વસ્વ માનીને નિષ્ક્રિય થઈ જાય છે. જેથી પ્રજા દરિદ્ર, રોગી, અલ્પજીવી અને ગુલામ બને છે. પ્રશ્ન એ થાય છે કે પૂર્વનાં કર્મ કયા આધારે કરાયાં? જો તે પણ બીજાં પૂર્વનાં કર્મોના આધારે કરાયાં હોય તો, ફરી પાછો પ્રશ્ન થાય કે એ બીજાં પૂર્વનાં કર્મો કયા આધારે કરાયાં હતાં? આ રીતે તો અનવસ્થાદોષ આવે. અર્થાત્ એવું સ્થળ ન મળે કે જ્યાં પૂર્વનાં કર્મો વિના જ નવાં કર્મો કરવામાં આવ્યાં હોય. એટલે કર્મવાદની વ્યવસ્થા, એક અવ્યવસ્થા બની જશે. તેમાંથી બચવા માટે પૂર્વનાં કર્મોને સ્વતંત્ર રીતે કરાયેલાં કર્મો માનવાં જ પડશે. જેનો સારાંશ એ છે કે કોઈ સમયે કરેલો પુરુષાર્થ, પ્રારબ્ધ બનતો હોય છે. પુરુષાર્થ વિના પ્રારબ્ધનું અસ્તિત્વ જ ન હોઈ શકે. આ પુરુષાર્થ પૂર્વના કોઈ મનુષ્યદેહમાં જ કરવામાં આવ્યો હોય. જો પૂર્વના કોઈ માનવદેહમાં પુરુષાર્થ કરી શકાયો હોય તો અત્યારના માનવદેહમાં પુરુષાર્થ કેમ ન કરી શકાય? અર્થાત્ અત્યારના માનવદેહમાં પણ નવો પુરુષાર્થ કરી શકાય જ. જો પુરુષાર્થ કરી જ ન શકાય તો વિધિ-નિષેધનાં ઉપદેશ કે આજ્ઞાનો કશો અર્થ જ રહેતો નથી, એટલે પુરુષાર્થ કરી શકાય છે, તેવું કહેવું પડશે. હવે કયું પરિણામ પ્રારબ્ધનું છે અને કયું પુરુષાર્થનું છે તેનો ભેદ કરવો કઠિન થઈ પડશે. પહેલાં માનવનું આયુષ્ય ઘણું ઓછું હતું. મરણ- પ્રમાણ ઘણું વધારે હતું. બાળકોનો જન્મદર ઓછો હતો અને બાળમૃત્યુનું પ્રમાણ ઘણું મોટું હતું, આ બધું પૂર્વના પ્રારબ્ધનાં કર્મોથી થતું હતું તેવું કહેવું યોગ્ય ન કહેવાય. શિક્ષણ વધ્યું. દવાખાનાં વધ્યાં, આહાર-વિહાર ઠીક થયા, રોગોનાં નિદાન અને દવાઓથી આયુષ્ય વધ્યું. આ માનવપુરુષાર્થનું પરિણામ હતું. બાળમૃત્યુ પણ ઘટ્યું. આ પણ માનવપુરુષાર્થ જ કહેવાય. જે દરિદ્રો, અસ્પૃશ્યો હતાં તે ઊંચે આવ્યાં. આ પણ પુરુષાર્થ જ કહેવાય. ત્યક્તા, વિધવાઓનાં લગ્ન થવાં માંડ્યાં. આ પણ સમાજસુધારણાનો પુરુષાર્થ જ કહેવાય. સતીપ્રથા બંધ થઈ તે પણ પુરુષાર્થ જ કહેવાય. એવું ન કહેવાય કે પૂર્વના કર્મે તે વિધવા સ્ત્રીઓ સતી થતી હતી યા વૈધવ્ય પાળતી હતી. આ બધું ધાર્મિક-સામાજિક ગેરવ્યવસ્થાનું પરિણામ હતું. સુધારકોએ વ્યવસ્થા સુધારી એટલે બધાં સુખી થયાં. આમ જે કાંઈ સારું થયું છે તે પૂર્વના કર્મે નહિ પણ સુધારાથી થયું છે. વાતવાતમાં "પૂર્વનાં કર્મો"ની વાત કરનારા પ્રશ્નોને ઉકેલી શકતા નથી. પ્રશ્નોને સ્થાયી બનાવે છે. આવા ઉપદેશોથી પ્રજાને પારાવાર નુકસાન થાય છે, એટલે આવા ઉપદેશોની જગ્યાએ પુરુષાર્થ, સાહસ, પરાક્રમ, વિકાસલક્ષી ઉપદેશો આપવા જોઈએ.

**11-9-04**

# 10. અવતારવાદ

ઉપદેશ એવો હોવો જોઈએ, જે પ્રજાને કર્મઠ, સાહસી અને કર્તવ્યનિષ્ઠ બનાવે. જે ઉપદેશોથી પ્રજાનાં શક્તિ-સામર્થ્ય શિથિલ થતાં હોય તે ઉપદેશો પ્રજાને ઉત્તમ બનાવી શકતા નથી. હિન્દુપ્રજાને ઢીલી બનાવવામાં અનેક ઉપદેશોની સાથે “અવતારવાદે” મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જેમકે પ્રજાને વારંવાર કહેવામાં આવે છે કે જ્યારે પૃથ્વી ઉપર અતિશય પાપ વધી જાય છે, ત્યારે ભગવાન અવતાર ધારણ કરે છે. અવતાર ધારણ કરીને તેઓ પાપીઓનો સંહાર કરે છે. ફરીથી ધર્મની સ્થાપના કરે છે અને પ્રજાને સુખી કરે છે. આવા ઉપદેશોથી પ્રજાને આશ્વાસન તો મળે છે, પણ પરિણામ નથી મળતું. પ્રજા પોતાની શક્તિઓ ખીલવતી નથી અને અત્યાચારોને સહન કરતી રહે છે – એવી આશાએ કે સહન કરો-સહન કરો – હવે ભગવાન અવતાર ધારણ કરશે અને અત્યાચારીઓનો નાશ કરશે. ભારત ઉપર કેટકેટલા હુમલાઓ થયા, મંદિરો તૂટ્યાં, મૂર્તિઓ તૂટી, ધનસંપત્તિ લૂંટાઈ, સ્ત્રીઓની દુર્દશા કરવામાં આવી, પણ ક્યાંય ભગવાનનો અવતાર ન થયો. પ્રજા કૂતરાં-બિલાડાંના મોતે મરતી હોય તેમ છતાં અવતારની આશાએ બેસી રહે એ જ મોટી કરુણતા કહેવાય. ભારત સિવાય પણ વિશ્વના ઘણા ભાગોમાં હજારો-લાખ્ખો માણસોની નિર્દયતાપૂર્વક કતલ કરવામાં આવી છે. કતલ આજે પણ થઈ રહી છે. પણ ક્યાંય કોઈ અવતાર થતો નથી. આ અત્યાચારોનો પ્રતિકાર અંતે તો કોઈ ને કોઈ માણસોએ જ કર્યો છે. એટલે ખરેખર તો એવો ઉપદેશ આપવો જોઈએ કેઃ “ઊઠો, સંગઠિત થાવ, વીર બનો, અત્યાચારનો સામનો કરો, હિંમતથી કામ લો. ઢીલા ન બનો, પરમાત્મા તમારી સાથે છે – “હિમ્મતે મર્દા તો મદદે ખુદા” આવો ઉપદેશ આપીને પ્રજાને હિંમતવાન સામનો કરનારી બનાવી હોત તો હિન્દુપ્રજાની આવી દશા ન થઈ હોત.

**14-9-04**

# 11. ફળની આશાનો ત્યાગ

વારંવાર એવો ઉપદેશ આપવામાં આવે છે કે "તું કર્મ કર પણ ફળની આશા ન રાખીશ. ફળની આશા રાખીને કર્મ કરવાથી તે બંધનનું કારણ બને છે. જો મુક્તિ જોઈતી હોય તો, કર્મબંધનમાંથી મુક્ત થાવ. કર્મબંધનનું મૂળ કર્મફળની ઇચ્છા છે. ફળની ઇચ્છા રાખીને કર્મ કરવાથી કર્મ બંધાય છે. એથી ફરી ફરીને જન્મ લેવો પડે છે. જો આ બધાથી મુક્ત થવું હોય તો કર્મ તો કર પણ ફળની ઇચ્છા રાખ્યા વિના કર."

આવો ઉપદેશ વારંવાર અપાય છે. જરા વિચાર કરો કે આ ઉપદેશ વાસ્તવિક કે વ્યાવહારિક છે? જો ફળની ઇચ્છા જ ન હોય તો માણસ કર્મ જ શું કામ કરે? કર્મનું પ્રેરકબળ જ કર્મ છે. ફળ જ ન જોઈતું હોય તો પછી કર્મ કરવાની જરૂર જ ક્યાં રહી? કોઈને કહેવામાં આવે કે "નોકરી તો કર પણ પગારની આશા ન રાખીશ" તો કેટલા લોકો નોકરી કરે? શું કામ કરે? ખેડૂતને કહેવામાં આવે કે "તું ખેતરમાં ખેડ તો કર, અનાજ વગેરેની વાવણી તો કર પણ ફળની ઇચ્છા ન રાખીશ" તો કોઈ ખેતી કરે ખરું?

જ્યારે એક ક્રિકેટ ટીમ ક્રિકેટ રમવા દેશ-પરદેશમાં ઊતરે છે, આખો દેશ મીટ માંડીને તેની રમત જુએ છે. હવે પેલા રમતવીરોને કહેવામાં આવ્યું હોય કે ક્રિકેટ તો રમો પણ ફળની આશા ન રાખશો તો આ રમતવીરો કેવી રમત રમે? જો ઇચ્છાશક્તિ જ તોડી નાખવામાં આવે તો જે પુરુષાર્થની પ્રબળતા આવવી જોઈએ તે ન આવે. માંદલા, નિરુત્સાહી થઈને રમત રમે અને તેમાં પોતાની પૂરેપૂરી શક્તિ લગાડી શકે નહિ. આવી જ સ્થિતિ જીવનનાં બધાં કાર્યો પ્રત્યે કરવામાં આવે તો જીવન કેવું થઈ જાય?

માનો કે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થઈ ગયું. આપણા સૈનિકો યુદ્ધ મોરચે મોકલાયા છે. કોઈ પણ ભોગે શત્રુઓને હરાવીને સબક શિખવાડવાનો છે. પૂરો દેશ અને પૂરી પ્રજાનું ભવિષ્ય આ સૈનિકો ઉપર અવલંબે છે. હવે જરા વિચાર કરો કે સૈનિકો અને સેનાપતિઓને ઉપદેશ અપાય કે "તમે યુદ્ધ તો કરો પણ ફળની આશા ન રાખો" અર્થાત્ વિજય મેળવવાની આશા ન રાખો.' આવા ઉપદેશથી સૈનિકોનો જુસ્સો ઊતરી જાય. જો ફળની જ આશા નથી તો પછી કોણ મરવા જાય?

આવો જ ઉપદેશ એવરેસ્ટ શિખર ચઢનારને આપવામાં આવે તો તે પણ ઢીલો થઈ જાય, પરિણામે પ્રબળતાથી કાર્ય કરી શકે નહિ.

ખરેખર તો ઉપદેશ એવો આપવો જોઈએ કે "ફના થઈ જાવ, મરી મિટો પણ વિજય મેળવીને જ પાછા આવજો." "તમારા જય-વિજય-પરાજયમાં લાખ્ખો-કરોડો લોકોનું ભવિષ્ય રહ્યું છે એટલે ગમે તે ભોગે વિજય પ્રાપ્ત કરીને ભારતમાતાનો જયજયકાર કરજો." આવા પ્રબળ ઉપદેશના પ્રેશરથી માણસ મરણિયો થઈને યુદ્ધ લડે અને વિજયી થાય. આપણે કેવા કેવા ઉપદેશો આપ્યા છે તેનો વિચાર કરો. આવા ઉપદેશોથી લાભ કરતાં હાનિ જ વધારે થઈ છે, થઈ રહી છે. જરૂર છે, ઉપદેશોને બદલવાની.

**14-9-04**

# 12. સંસાર દુઃખમય છે

ઉપદેશોનું કેન્દ્રબિન્દુ સંસાર-પ્રત્યે વૈરાગ્ય કરાવવાનું રહ્યું છે. કારણ કે સંસાર છોડાવવો છે. વારંવાર કહેવામાં આવે છે કે "આ સંસારમાં કશો સાર નથી, સંસાર દુઃખમય છે એટલે પરમસુખ, અખંડસુખ-પામવા માટે સંસાર છોડો." સંસાર છોડાવવા માટે આવા ઉપદેશો વારંવાર આપવામાં આવે છે. એના કારણે સંસારમાં રહીને નોકરી-ધંધો-વ્યાપાર ઉદ્યોગ કરનારને મોહ-માયામાં પડેલો, જીવન નષ્ટ કરનારો બતાવવામાં આવે છે અને સંસારનો ત્યાગ કરીને નોકરી-ધંધો કર્યા વિના બીજાના ખભા ઉપર બેસીને પરાવલંબી જીવન જીવનારને ત્યાગી, જ્ઞાની અને સફળ જીવન જીવનાર બતાવવામાં આવે છે. આ ત્યાગીઓ વારંવાર સંસારસુખોની નિંદા કરે છે, જેથી તેનો ત્યાગ કરવાની પ્રેરણા મળે. આવા ઉપદેશોથી સુખદ્રોહ નામનો નકારાત્મક વૈરાગ્ય ઉત્પન્ન કરાવાય છે. જે માણસ જેટલો વધુ સંસારને ધિક્કારે તે માણસ તેટલો જ વધુ ત્યાગી, પૂજ્ય તથા જ્ઞાની મનાય છે. જો કે તેનું જીવન તો પરાવલંબી હોય છે.

હવે સુખ પ્રત્યે તિરસ્કાર કરાવવા માટે જે કારણો અપાય છે તે આવાં છે.

1. ઇચ્છા કરવા છતાં પ્રાપ્ત થતાં નથી.
2. પ્રાપ્ત કરવા માટે પાપ કરવાં પડે છે.
3. કદાચ સુખો પ્રાપ્ત થાય તોપણ તે ટકતાં નથી, કારણ કે તે નશ્વર છે.
4. સુખોમાં માણસ બંધાય છે, એટલે મોક્ષ નથી મળતો.

માણસને સંસારના ઘણા પદાર્થો પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે, પણ મોટા ભાગે તે મેળવી શકાતા નથી. પદાર્થની ઇચ્છા થાય અને મેળવી ન શકાય એટલે જીવ દુખી થાય છે. આ દુઃખથી છૂટવાનો એક જ મહા ઉપાય છે કે ઇચ્છા જ ન કરવી. ઇચ્છા જ દુઃખનું મૂળ છે. જો તમે ઇચ્છાનો ત્યાગ કરો તો તમે બધાં દુઃખોથી તરી જાવ. ઇચ્છાત્યાગનો ઉપદેશ માણસને ઇચ્છાહીન બનાવવાનું કાર્ય કરે છે. ઇચ્છાહીન માણસો મહાન પુરુષાર્થ કરી શકે નહિ. તે માત્ર પેટ ભરીને જેમ તેમ જીવી કાઢે. આ ખોટો ઉપદેશ છે. ખરો ઉપદેશ તો એ છે કે 'તમે દુરિચ્છા ન કરો, પણ સદિચ્છા તો જરૂર કરો. સદિચ્છાને પૂરી કરવા પૂરા જોમ-જુસ્સાથી કામે લાગી જાવ. મહાન કાર્યોનું મૂળ સદિચ્છામાં રહેલું હોય છે. સદિચ્છા પૂરી કરવા માટે જે ભગીરથ પુરુષાર્થ કરવો પડે તે કરો. તેમાં કષ્ટ પડે, વિઘ્નો આવે કે નિષ્ફળતા મળે તો તેને તપસ્યા સમજો પણ પાછા ન પડો. ગમે તે ભોગે કાર્ય સિદ્ધ કરો. આવા ઉપદેશોથી પ્રજા મહાન બનતી હોય છે.

વૈરાગ્ય જગાડવા માટે એક બીજો ઉપદેશ એવો અપાય છે કે "ઇચ્છાઓ પૂરી કરવા માટે જે પુરુષાર્થ કરવામાં આવે છે તેમાં ઘણાં પાપ કરવાં પડતાં હોય છે માટે પાપથી મુક્ત રહેવું હોય તો સુખની ઇચ્છા ન કરો."

આ ઉપદેશ પણ ખોટો છે. આવી પાપભીરુતા ઉત્પન્ન કરવાથી માણસ ભગીરથ પુરુષાર્થથી પાછો પડે છે. સિકંદર કે નેપોલિયન થવું હોય તો લાખ્ખો માણસોની કતલ કરવી પડે. અધધધધ! કેટલું બધું પાપ કરીને પણ અંતે તો બધું મૂકીને મરી જવાનું, પાપની કમાણી બધી અહીંની અહીં રહી જાય છે. માટે પાપના ભયથી પણ સુખ માટેનાં મોટાં-મોટાં આયોજનો ન કરવાં જોઈએ.

કહેવાની જરૂર નથી કે આવા ઉપદેશથી પણ આપણે મહાન ઇતિહાસ રચી શક્યા નથી. આક્રાન્તાઓએ ભારત ઉપર આક્રમણો કર્યાં છે. ભારતને રગદોળ્યો છે. લોકોને ગુલામ બનાવ્યા છે. ભારતના લોકોએ બહારના આક્રાન્તાઓ ઉપર હુમલા નથી કર્યા. હુમલા નથી કર્યા એટલે હુમલાનો ભોગ બનવું પડ્યું છે. આક્રાન્તાઓના આવતાં પહેલાં જ જો આપણે તેમના ઉપર જડબેસલાક હુમલા કર્યા હોત તો કદાચ આપણે હુમલાનો ભોગ ન બન્યા હોત. જે આપણી આઝાદી, ધર્મ, સંસ્કૃતિ અને વ્યક્તિત્વ માટે ખતરનાક હોય તેના ઉપર હુમલો કરવામાં કોઈ પાપ ન લાગે. બેશક, પહેલાં તેને બધી રીતે સમજાવવો જોઈએ, પણ બધા પ્રયત્નો નિષ્ફળ જાય પછી ચુપચાપ બેસી ન રહેવું જોઈએ. પૂરી શક્તિથી જોખમને સમાપ્ત કરી દેવું જોઈએ. જો સમય રહેતાં તમે આવું ન કરી શકો તો તમે કૂતરાં-બિલાડાંના મોતે મરો. જો તમે હિંસા નહિ કરો તો ખુદ હિંસાનો ભોગ બનશો. નમાલા થઈને બેસી રહેનારનું સર્વસ્વ લૂંટાઈ જવાનું છે. માટે પાપભીરુ થયા

વિના શત્રુઓ ઉપર હુમલો કરીને તેમને સમાપ્ત કરી નાખવા જોઈએ. આવા ઉપદેશની જરૂર હતી અને છે.

ત્રીજી રીતે પણ માણસને સુખોથી વૈરાગ્ય કરાવવામાં આવે છે કે, “માનો કે તમે ભગીરથ પુરુષાર્થ કરીને ઘણાં સુખો મેળવ્યાં પણ તે તો કાયમ રહેવાનાં નથી. કારણ કે પદાર્થો નશ્વર છે. પદાર્થોનો નાશ થવાથી તમારાં સુખો પણ નષ્ટ થઈ જશે. સુખો નષ્ટ થતાં જ તમે હાય હાય કરીને વેદના અનુભવશો. માટે આવાં અનિત્ય-ક્ષણભંગુર સુખો માટે પ્રયત્ન કરવા વ્યર્થ છે. તેના કરતાં આત્માનું નિત્યસુખ પ્રાપ્ત કરો કે જેથી તેનો કદી નાશ જ ન થાય. મોક્ષમાં નિત્ય સુખ હોય છે. તે અખંડ અને શાશ્વત છે તેવું સુખ મેળવવા માટે આ ક્ષણિક સુખોનો ત્યાગ કરવો જરૂરી છે.” વગેરે... વગેરે... આવા ઉપદેશો આપીને લોકોને સુખદ્રોહી જીવન જીવતા કરાય છે.

ખરેખર તો સુખ ક્ષણિક જ હોય, કદી પણ સુખ, નિત્ય કે શાશ્વત હોય જ નહિ. આ એક ભ્રમણા છે. જો સુખ નિત્ય, શાશ્વત અને અખંડ થઈ જાય તો તે સુખ જ ન રહે. આ તો હાથનો ગોળ છોડીને કોણીએ ચોંટાડેલો ગોળ ખાવાનો ઉપદેશ થયો. આ લોક બગાડીને પરલોકનું કાલ્પનિક નિત્યસુખ મેળવવા લોકોને ભીખ માગતા કરી દેવાયા છે. ખરેખર તો સુખોની ક્ષણિકતા જ ઉત્તમ છે. જો તે નિત્ય હોય તો તેની પ્રાપ્તિ જ ન હોય. જે સ્વતઃ છે તેની વળી પ્રાપ્તિ કેવી? હવે સાધના વગેરે સમાપ્ત થઈ જાય. સાકર ખાવા માટે સાકરની ક્ષણિકતા જ ઉત્તમ છે. જો તે તમારી સાથે નિત્ય થઈ જાય તો ડાયાબિટીસ કહેવાય. પછી તે સુખરૂપ નહિ પણ દુઃખરૂપ થઈ જાય. હા, ક્ષણિકતાને લંબાવી શકાય તેટલી લંબાવવી જોઈએ. માણસે પોતાને માટે તથા લોકોને માટે બને તેટલાં સુખો ઉત્પન્ન કરવાં જોઈએ અને ભોગવવાં જોઈએ. હા, તેવાં સુખો મેળવવા ન્યાય-નીતિવાળું જીવન જરૂર હોવું જોઈએ. નહિ તો ચોરી-લૂંટ-અત્યાચાર વધી જશે, જે પ્રજાને દુઃખી કરશે. બસ આનું નામ જ ધર્મ છે. પુરુષાર્થ કરો, સુખી થાવ અને સુખી કરો. આવો ઉપદેશ અપાવો જોઈએ.

ચોથી વાત એમ કહેવાય છે કે “સુખોમાં માણસને મોહ થાય છે એટલે તેમાં બંધાઈ જાય છે. સુખો બેડીઓ થઈને વળગે છે. પછી તેમાંથી છૂટી શકાતું નથી. માટે સુખોનો ત્યાગ કરો. સુખમાં બંધાયેલા જીવને મોક્ષ ન મળે. જો મોક્ષ જોઈતો હોય તો સુખોનો ત્યાગ કરીને દેહદમન કરાવનારી તપસ્યા કરો.” વગેરે વગેરે.

સુખમાં માણસ બંધાઈ જાય છે, તે વાત સાચી છે અને ખોટી પણ છે. જો સુખોને વ્યસનની માફક સેવવામાં આવે તો જરૂર બંધાઈ જાય છે. વ્યસની માણસ જેમ વ્યસન વિના રહી શકતો નથી તેમ સુખમોહી માણસ પણ સુખ વિના રહી શકતો નથી. પણ તેનો ઉપાય પણ છે અને તે છે, સુખમોહી ન બનો. સુખ હોય તો વાહવાહ, પણ ન હોય તો ય વાહવાહ. એવું જીવન પણ જીવી શકાય છે. સુખદ્રોહ અને સુખમોહ એ બંને છેડા છે જે હાનિકારક છે. બંનેથી છૂટવાની જરૂર છે. પોતાની યોગ્યતા અને ક્ષમતા પ્રમાણે જે સુખો મળ્યાં હોય તેને પ્રેમથી ભોગવો. પણ પુરુષાર્થ કરવા છતાં પણ જે નથી મળી શક્યાં તેના માટે હાય હાય ન કરો. જો વિવેકપૂર્વક સુખો ભોગવી શકાય તો ઓછા પદાર્થોથી પણ માણસ સુખી થઈ શકે છે. માટે સુખદ્રોહી કે સુખમોહી થઈને આ લોકનાં સુખોને ન બગાડો. પરલોકનાં નિત્યસુખો તો કોણીનો ગોળ છે, તેને મેળવવા હાથનો ગોળ ફેંકી ન દો.

**15-9-04**

# 13. યજ્ઞ કરવાથી સુખી થવાય

વારંવાર એવો ઉપદેશ અપાય છે કેઃ “જો તમારે વરસાદ જોઈતો હોય તો યજ્ઞ કરો”, “જો તમારે પુત્ર જોઈતો હોય તો યજ્ઞ કરો”, “જો તમારે સ્વર્ગ જોઈતું હોય તો યજ્ઞ કરો”, “જો તમારે ધનધાન્ય સમૃદ્ધિ જોઈતી હોય તો યજ્ઞ કરો”, “જો તમારે શત્રુનો વિનાશ કરવો હોય તો યજ્ઞ કરો”, “તમારી જે કાંઈ મનોકામના હોય તે પૂરી કરવા માટે યજ્ઞ કરો. યજ્ઞ તો કલ્પતરુ છે, બધી જ ઇચ્છાઓ પૂરી થાય છે માટે યજ્ઞો કરો”

આવા ઉપદેશ સતત અપાતા રહેવાના કારણે ભારતમાં ભૂતકાળમાં લાખ્ખો યજ્ઞો થયા છે અને અત્યારે પણ થઈ રહ્યા છે. જેમાં લોકોના કરોડો-અબજો રૂપિયા હોમાય છે અને હોમાઈ રહ્યા છે. ખરેખર તો આનાથી કોઈ પ્રશ્ન ઉકેલાયો નથી તેમ ઉકેલાતો નથી. લોકોની ધર્મશ્રદ્ધાનો આ દુરપયોગ જ કર્યો કહેવાય.

ખરેખર તો એવો ઉપદેશ અપાવો જોઈએ કે તમારે વરસાદ જોઈતો હોય તો મોટા, મધ્યમ અને નાના ડેમો બાંધો. પાણીને રોકો અને ખેતરો તરફ વાળો. કરોડો રૂપિયા યજ્ઞોમાં નહિ પણ ચેક ડેમો બાંધવામાં લગાવો. આ જ ખરો યજ્ઞ છે.

પુત્ર જોઈતો હોય તો પૂરી દાક્તરી તપાસ કરાવો. જો શક્ય હોય તો પ્રયત્ન કરો, પણ શક્ય જ ન હોય તો મન મનાવીને સંતોષ માનો. યજ્ઞ કરવાથી કાંઈ પુત્ર થાય નહિ.

જો તમારે સ્વર્ગ જોઈતું હોય તો તમારો સ્વભાવ સુધારો. વાતાવરણ સુધારો, સંબંધો સુધારો, પુરુષાર્થ કરો, સારી સરકાર, સારો સમાજ અને સારો ધર્મ રચાવો તો અહીં જ સ્વર્ગ થઈ જશે. ઉપર-ઊંચે કોઈ સ્વર્ગની ઝંખના છોડો. અહીં જ સ્વર્ગને ઉતારો.

જો તમારે ધનધાન્ય કે સમૃદ્ધિ જોઈતી હોય તો અર્થતંત્રને સુધારો. પુરુષાર્થ કરો, વિજ્ઞાનનો વિકાસ કરો. લોકોની શક્તિને તક આપો અને ખીલવા દો તો આપોઆપ સમૃદ્ધિ પ્રાપ્ત થશે.

જો તમારે શત્રુઓનો નાશ કરવો હોય તો બળવાન બનો, શસ્ત્રધારી બનો, વીરતા પરમોધર્મનો આદર્શ પ્રસરાવો, એકતા વધારો. શૌર્ય અને સાહસને જીવનમાં સ્થાન આપો તો શત્રુવિજય કરી શકશો. યજ્ઞો કરવાથી શત્રુઓ મરી નથી જતા. મરતા હોત તો ભારત અને હિન્દુ પ્રજા સદીઓ સુધી ગુલામ ન રહી હોત.

ટૂંકમાં, જીવનના બધા પ્રશ્નો અને બધી આવશ્યકતાઓ પ્રાપ્ત કરવા તે તે પ્રકારના સાચા ઉપાયો સમજણપૂર્વક કરો તેવો ઉપદેશ અપાવો જોઈએ.

# ઉપસંહાર

પૂરા પુસ્તકનો સાર નીચે લખેલા છ પ્રશ્નોના ઉત્તરમાં આવી જશે. આ પ્રશ્નો આ પ્રમાણે છેઃ

1. ધર્મ શક્તિઉત્પાદક છે કે દુર્બળતાપોષક?
2. ધર્મ પ્રજાને સંગઠિત કરે છે કે વિભાજિત?
3. ધર્મ પ્રજાને વીરતા આપે છે કે નમાલાપણું?
4. ધર્મ અને તેની શાખાઓ વિકાસપ્રેરક છે કે વિકાસવિરોધી?
5. ધર્મ, જીવનના બધા પ્રશ્નો ઉકેલે છે કે વધુ ને વધુ પ્રશ્નો ઊભા કરે છે?
6. ધર્મથી (સંપ્રદાયોથી) માનવતાને પ્રશ્રય મળે છે કે નહિ?

આટલા પ્રશ્નોના સચોટ ઉત્તરોથી સ્પષ્ટ થશે કે આપણે દુર્બળ કેમ છીએ?

1. હિન્દુ ધર્મની લગભગ બધી શાખાઓ શક્તિઉત્પાદક નથી થતી. જે શક્તિ ઇસ્લામ કે ખ્રિસ્તી કે શીખ ધર્મ પ્રગટ કરે છે તે આપણે નથી કરી શકતા. કારણ કે આપણે સંગઠન ઉપર ભાર મૂકતા નથી. ધર્મનો હેતુ મોક્ષ છે અને મોક્ષ સમૂહને મળતો નથી. તેની પ્રાપ્તિ માટે વીતરાગ થઈને ત્યાગી થવું જરૂરી છેઃ એટલે વધુમાં વધુ ભાર ત્યાગ ઉપર મુકાય છે. ત્યાગ શાનો? ભૌતિક સુખોનો તથા સ્ત્રીસુખોનો. આ બન્નેનો ત્યાગ કરવાથી પ્રજા ભૌતિક વિકાસ કરી શકતી નથી. કારણ કે પ્રથમથી જ ભૌતિકતા પ્રત્યે અણગમો ઊભો કરાયો હોય છે. એમ કહો કે ભૌતિકતા પ્રત્યે અણગમો પ્રસ્થાપિત કરવાનું નામ જ ધર્મોપદેશ બની જાય છે. આવા ઉપદેશથી પ્રજા સુખદ્રોહી બને છે. જે જેટલો વધુ સુખદ્રોહી તે તેટલો જ વધુ ત્યાગી મનાય છે. આવો ત્યાગી બીજાને પોતાના જેવો થવાનો ઉપદેશ આપે છે અને પૂજાય છે. તેથી પ્રજાને ભૌતિક વિકાસ કરવાની પ્રેરણા નથી મળતી. હા, ભૌતિકતાની વિરુદ્ધની પ્રેરણા મળે છે. આત્મવાદ કે અધ્યાત્મવાદ જાણે કે ભૌતિકવાદના સજ્જડ વિરોધી જ કેમ ન હોય તે રીતે જીવનવ્યવસ્થા ગોઠવાય છે. પરિણામે પરાવલંબી જીવન જીવનારા વધી જાય છે, જેમનો ભાર પેલા દુર્બળ લોકોને ઉપાડવાનો થાય છે. આ રીતે પ્રજા આર્થિક રીતે દુર્બળ બને છે.

ત્યાગી જીવન જીવવા માટે સ્ત્રીસુખનો ત્યાગ પણ સર્વાધિક મહત્ત્વનો ગણાય છે. વધુ ને વધુ લોકો સ્ત્રીત્યાગી બને તેવા ઉપદેશો અપાય છે. આવા ઉપદેશોના પરિણામે સૅક્સ પ્રૉબ્લેમ વધી જાય છે. કારણ કે વ્યક્તિને અકુદરતી અરે, કુદરતવિરોધી જીવન જીવવાનું સમજાવાય છે. વ્યક્તિના આવેગો અને લાગણીઓનું કઠોર નિયમોથી દમન કરવાનું કહેવાય છે. પણ ખરેખર આ યુદ્ધમાં માણસ હારી જાય છે. કુદરત જ જીતે છે. સ્ત્રીત્યાગી બ્રહ્મચારી ગમે તેટલાં ફાંફાં મારે પણ અંતે તો આવેગોના પ્રચંડ વેગ પોતાનો રસ્તો કરી જ લેતા હોય છે. કુદરતી આવેગો જ્યારે કુદરતી માર્ગે શમિત નથી થતા હોતા ત્યારે ફૂંફાડા મારતા ક્રુદ્ધ નાગની માફક તે અકુદરતી રસ્તે ચઢી જતા હોય છે. આવેગોની પ્રચંડ આંધીમાં ભાન ભૂલીને જે હાથમાં આવે કે શક્ય હોય તે બધાંને તે વળગે છે. બાળકો, પશુઓ કે પછી બીજું કાંઈ પણ મેળવીને તે વંટોળિયા શમાવવાનું જીવન જીવતા હોય છે. આ કામવિકૃતિ છે. કુદરતી માર્ગનો દ્રોહ કરવાનું આ નિકૃષ્ટ પરિણામ છે. આવી કુદરતવિરોધી જીવનવ્યવસ્થાથી વ્યક્તિ અને પ્રજા બન્ને દુર્બળ થતાં હોય છે.

વ્યક્તિને ત્યાગી નહિ પણ કર્તવ્યપરાયણ બનાવવી જોઈએ. કર્તવ્યપાલનથી શક્તિ વધે છે. પ્રશ્નો ઉકેલાય છે. સ્થૂલ ત્યાગથી પ્રશ્નો ગૂંચવાય છે અને નવા નવા પ્રશ્નો ઊભા થાય છે. વૈદિક ઋષિઓ આવું અકુદરતી જીવન જીવતા નથી. એટલે તેઓ ત્યાગ ઉપર ભાર નથી મૂકતા પણ કર્તવ્ય ઉપર ભાર મૂકે છે.

2. ધર્મમાંથી સંપ્રદાયો બને તે સ્વાભાવિક છે. માનવીય વ્યવસ્થા, ધારણાઓ અને લક્ષ્યભેદથી આવા મહત્ત્વપૂર્ણ સંપ્રદાયો બને અને લોકો આવી પોતપોતાને ગમતી પગદંડીઓ ઉપર ચાલે તો તે યોગ્ય જ છે. પણ હિન્દુપ્રજા નિયંત્રણ વિનાની હોવાથી હજારો (એક ગણતરી પ્રમાણે વીસ હજાર) સંપ્રદાયો, પંથો, પરિવારો, મંડળો વગેરેના દ્વારા વિભાજિત થઈ છે. ગુરુવાદ ગાદીગુરુવાદ, પેટાગાદી-

ગુરુવાદ વગેરેના દ્વારા તે વધુ ને વધુ વિભાજિત થઈ રહી છે. વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિવ્યવસ્થાથી તો તે પ્રથમથી જ વિભાજિત છે જ. આમ પૂરી પ્રજાને સંગઠિત કરનારાં તત્ત્વો કરતાં વિભાજિત કરનારાં તત્ત્વો વધારે છે.

સૂતરનો તાર ગમે તેટલો મજબૂત હોય પણ જો તે એકલો હોય તો થોડીક તાણ આવતાં જ તૂટી જતો હોય છે. પણ જો આવા અનેક તારોને ભેગા કરવામાં આવે તથા પરસ્પરમાં વણી લેવામાં આવે તો તેમાંથી બનેલું દોરડું જલદી તૂટતું નથી. હિન્દુ પ્રજાને દોરડું બનાવનારું તત્ત્વ ક્યાં છે? એકબીજાથી વટલાતા, અભડાતા તાર પરસ્પરમાં વણાતા નથી તો બીજી તરફ અત્યંત ચુસ્ત કટ્ટર સાંપ્રદાયિક મનોવૃત્તિવાળા લોકો એકબીજામાં ભળી શકતા નથી. આ બધાં વિભાજનો પ્રજાને દુર્બળ બનાવે છે. દુઃખ તો એ વાતનું છે કે વિભાજકો ગુરુ કે ભગવાન થઈને પૂજાય છે, જ્યારે સંયોજકો દુભાય છે. હવે પ્રજા દુર્બળ બને કે નહિ? વિભાજકોની પૂજા બંધ થાય અને સંયોજકોનો આદર વધે તો જ પ્રજા સંગઠિત થઈને બળવાન બની શકે. ધર્મ તથા સમાજવ્યવસ્થાથી થનારાં વિભાજનો કરતાં પણ હવે રાજકારણથી ભયંકર વિભાજન થઈ રહ્યું છે. મતના રાજકારણે હિન્દુપ્રજાને અંદરોઅંદર માત્ર વિભાજિત જ નહિ, વિરોધી અને શત્રુ બનાવવાનું કાર્ય પણ કર્યું છે. ભવિષ્યમાં સ્પષ્ટ રીતે રાજકીય રીતે બે વિભાગ થવાના છે, જે ગૃહયુદ્ધ જેવી દશા ઊભી કરે તો નવાઈ નહિ.

3. હિન્દુ પ્રજાની દુર્બળતાનું ત્રીજું કારણ એ છે કે તેણે પ્રથમ તો વીરતા – બહાદુરીનું ક્ષેત્ર માત્ર ક્ષત્રિયો સુધી જ સીમિત કરી દીધું. એટલે 6% ક્ષત્રિયો તો વીર – બહાદુર બન્યા પણ બાકીની 94% પ્રજા બહાદુર ના થઈ શકી. શસ્ત્ર વિનાની આ મોટા ભાગની પ્રજા શસ્ત્રવિરોધી જીવન જીવતી થઈ ગઈ. આગળ જતાં ક્ષત્રિયોમાંથી જ એવા લોકો ઉત્પન્ન થયા જેમણે અહિંસાવાદનો પ્રચાર કર્યો. અનુયાયીઓએ તેનો અતિરેક કર્યો. પરિણામે પ્રજા વીરતાથી વધુ ને વધુ દૂર ખસતી ગઈ. એથી વિદેશીઓ કે વિધર્મીઓ મુઠ્ઠીભર હોય તોપણ વિજય મેળવી શક્યા અને સેંકડો વર્ષ સુધી રાજ્ય કરતા રહ્યા. પ્રશ્ન એછે કે વર્ણવાદ અને અહિંસાવાદથી પૂરી પ્રજા વીર બની કે નમાલી બની? જો વીર બની હોત તો ગુલામી જ ન હોત. એટલે કહેવું પડે કે પ્રજા નમાલી બની. એક તો અસંગઠિત પ્રજા, વળી પાછી વીરતા વિનાની પ્રજા, હવે એ દુર્બળ ન બને તો બીજું શું બને? વીરતા વિના આક્રમક ન થવાય. આક્રમક શક્તિ વિના આક્રાન્તાઓના મલિન ઇરાદાઓ અટકાવી ન શકાય. આ રીતે આપણે મંદિરો, મૂર્તિઓ, સ્ત્રીઓ વગેરેનું રક્ષણ ન કરી શક્યા. હવે તો જરૂર છે “વીરતા પરમો ધર્મઃ”ની.

4. ચોથી બાબત એ છે કે ધર્મ, સતત વિકાસની પ્રેરણા આપે છે કે રૂઢ બનાવીને પછાત બનાવે છે? જે ધર્મો, વિજ્ઞાનનો જાણતાં – અજાણતાં વિરોધ કરે છે, તે વિકાસનો પણ વિરોધ કરે છે. આજે પણ ઘણા લોકોને યંત્રો ગમતાં નથી. તેમનું ચાલે તો ટ્રેક્ટરો, પંપો, ઘંટીઓ, સેફ્ટી ટૅન્કોવાળાં સંડાસો વગેરે જીવનની પ્રાથમિક આવશ્યકતાવાળી વસ્તુઓ ઉપર પણ પ્રતિબંધ મુકાવી દે. આધુનિક વૈજ્ઞાનિક ખેતીની જગ્યાએ પ્રાચીન હળવાળી ખેતી તથા વૈજ્ઞાનિક ખાતરોની જગ્યાએ માત્ર જૂનાં ખાતરોનો જ ઉપયોગ કરાવે. પણ પછી અબજની જનતા માટે અન્ન પૂરું ન પડે તો? એ નહિ જોવાનું. આધુનિકતા ન જોઈએ. ઘણા લોકોને ભૂંડ, રોઝ વગેરે ખેતીનો સર્વનાશ કરનારાં પ્રાણીઓ ઉપર તો દયાનો ધોધ ઊમટી પડે છે, પણ પેલા બિચારા ખેડૂત ઉપર દયા નથી આવતી, જેનું સર્વસ્વ આ જંગલી જાનવરો નષ્ટ કરી નાખે છે. પ્રાણીઓ ઉપર દયા કરવી જ જોઈએ પણ માણસો ઉપર પણ દયા કરવી જોઈએ. જે ધર્મો માણસોના ભોગે પ્રાણીઓ ઉપર દયા કરવાનું પ્રબોધે છે તે માનવતાવાદી નથી થઈ શકતા, તે માનવપ્રશ્નોનો ઉકેલ નથી આપી શકતા. આવા ધર્મો વિકાસની પ્રેરણા નથી આપી શકતા. ઊલટાના તેઓ તેનો વિરોધ કરે છે. વિકાસ વિનાની પ્રજા આપોઆપ દરિદ્ર બને છે અને ઓશિયાળું જીવન જીવતી થઈ જાય છે. ભારતીય ધર્મોમાં કેટલાક આવા વિકાસવિરોધી પણ છે, જેથી પ્રજા દુર્બળ બની છે.

5. ધર્મની વ્યાખ્યા છેઃ જે વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના પ્રશ્નોના ઉકેલ આપે તે ધર્મ કહેવાય. આપણા ઘણા ધર્મો (સંપ્રદાયો) પ્રશ્નો ઉકેલવાની જગ્યાએ પ્રશ્નો ઊભા કરે છે. એનાથી પ્રજા દુર્બળ અને દુઃખી થાય છે. જેમકે બાળવિધવા, યુવાનવિધવા અને પ્રૌઢવિધવાના પ્રશ્નો ઉકેલાતા નથી. કોઈ પોતાની મેળે ઉકેલે છે તો નિંદિત બને છે. આવી જ રીતે લાખ્ખો કુંવારા પુરુષો, વિધુરો વગેરેના પ્રશ્નો ઉકેલાતા નથી, કારણ કે બીજી જ્ઞાતિ કે વર્ણમાં પરણવાની મનાઈ છે. કદાચ કોઈ હિંમત કરીને પરણે તો નિંદિત થાય છે.

વૈધવ્ય અવસ્થા, સતીપ્રથા જેવી કેટલીયે પ્રથા દ્વારા લાખ્ખો સ્ત્રીઓના જીવનને ધમરોળી દેવાયું છે. હવે આ અનિષ્ટોથી છૂટવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. જે ધર્મથી ઉપરવટ જઈને થયો છે. હજી પણ કેટલાક વિધવાવિવાહનો વિરોધ કરી રહ્યા છે તે દુઃખદ બીના કહી શકાય. આવી વ્યવસ્થાથી વિધવાઓ, વિધુરો, અવિવાહિતો વગેરેના પ્રશ્નો ઉકેલાતા નથી એથી દુઃખ થાય છે.

દલિતોના, અસ્પૃશ્યોના અને બીજા કેટલાય શ્રમજીવીઓના વિકરાળ પ્રશ્નો ઉકેલાતા નથી જેથી ધર્માંતરનો પ્રવાહ વધી રહ્યો છે.

જો ધર્મ, અર્થપ્રશ્ન અને કામપ્રશ્નનો સચોટ અને સર્વહિતકારી ઉકેલ ન આપે અને માત્ર પરલોકની જ વાતો કર્યા કરે તો તેવો ધર્મ પ્રજાને સુખી ન કરી શકે. હિન્દુપ્રજાને દુર્બળ બનાવવામાં આ પરલોકવાદે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પરલોક હોય અને પ્રાપ્ત કરવો હોય તો કોઈ ભલે પ્રાપ્ત કરે, પણ પહેલાં આ લોકને સુધારીને પછી જ પરલોકની સાધના કરે. કદાચ આ લોક સુધારી ન શકાય તો કાંઈ નહિ, ઓછામાં ઓછું આ લોકને બગાડવાનું તો ન જ કરે. આ લોકના ભોગે પરલોક સુધારવાની વૃત્તિથી આ લોકને સુંદર બનાવી શકાયો નથી.

6. ધર્મની પરાકાષ્ઠા માનવતાવાદ છે. શું ધર્મ માનવમાત્રની સેવા કરવાની પ્રેરણા આપે છે? જો ધર્મ, માત્ર કર્મકાંડો, યજ્ઞો, હોમ, હવનો, સપ્તાહો, પાઠ-પૂજાઓ જેવામાં જ અટકી જશે તો તેનાથી પરાકાષ્ઠાની પ્રાપ્તિ નહિ કરી શકાય. આપણે આપણા જ દલિત, વનવાસી, પીડિત, અનાથ, વૃદ્ધ, બીમાર, દરિદ્ર ભાઈઓની સેવા નથી કરતા, એટલે વિદેશી અને વિધર્મી સંસ્થાઓ આવે છે, સેવા કરે છે અને પછી ધર્માંતરણ કરાવે છે. આવું માનવતાવાદી કાર્ય આપણને સૂઝતું નથી. આપણે મંદિરો બાંધવાની સ્પર્ધામાં તો ખૂબ દોડીએ છીએ પણ સેવા કરવાની વાત કરતા નથી. એટલે ધર્માંતરણથી આપણી બાદબાકી થાય છે, જે પ્રજાની સતત બાદબાકી થતી હોય તે દુર્બળ જ થાય. એટલું યાદ રહે કે આપણામાંથી જે આપણો ભાઈ આપણને છોડીને બીજામાં ભળે છે તેનાથી માત્ર સંખ્યા જ ઘટતી નથી, પણ સામે જઈને તે આપણો શત્રુ પણ થાય છે. આ રીતે આપણે આપણા જ ભાઈઓને શત્રુ બનાવી રહ્યા છીએ. ઘટતા જવું અને ઘણા વિરોધીઓ ઊભા કરતા જવું, આવું બધું આપણને વધુ ને વધુ કમજોર બનાવે છે.

આ બધાની તારવણી આટલી છેઃ આપણે દુર્બળ છીએ કારણ કે સંગઠિત નથી, સંગઠિત ન હોવાથી શક્તિ ઉત્પન્ન કરી શકતા નથી. આપણે અહિંસાવાદ જેવા વાદોથી વીરતા વિનાના બની ગયા છીએ. એટલે આક્રાન્તાઓને હમેશાં ફાવતું થયું છે. આપણે ત્યાગ-વૈરાગ્યના નામે ભૌતિક વિકાસ અને ભૌતિક શક્તિ તથા સુખોના વિરોધી બન્યા છીએ. એના કારણે આપણે વિકાસવિરોધી થયા છીએ. આપણે ધર્મને જીવનના પ્રશ્નો ઉકેલવાની જગ્યાએ પ્રશ્નો ઊભા કરનારો બનાવી દીધો છે. એટલે વણઉકેલાયા પ્રશ્નોના ઢગલામાં આપણે દુઃખી થઈએ છીએ. આપણે ધર્મને માનવતાવાદી બનાવવાની જગ્યાએ વર્ણવાદી, કર્મકાંડવાદી બનાવી દીધો છે જેથી ધર્મના દ્વારા થનારી સેવાપ્રવૃત્તિ કાં તો થતી જ નથી અથવા ઘણી ઓછી થાય છે.

આ છે આપણી દુર્બળતાનાં કારણો. વિધર્મ કે વિધર્મીઓને માત્ર ગાળો દેવાથી આપણે બળવાન થઈ જવાના નથી. આ નકારાત્મક પ્રવૃત્તિ બંધ કરવી જોઈએ. વિધર્મો પાસેથી તેમની શક્તિનાં કારણો જાણવાં જોઈએ તથા શીખવાં જોઈએ. જો આવું કરી શકાશે તો આપણે ફરીથી પાછા બળવાન થઈ શકીશું. જરૂર છે પરિવર્તનની.

**3-8-04**

* * *